# ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 17 • પ્રકરણ : 09 • સળંગ અંક : 201 26 ડિસેમ્બર 2011 ડિજિટલ અવતાર – એકવીસ

# જમીન માટે જંગ



રાજગોપાલ પી. વી. ઉર્ફે રાજાજી

પહેલાના જમાનામાં હાટ-હવેલી, મકાન-બંગલા ઇત્યાદિ વેચાતાં હતાં, જમીન નહીં. જમીનના દાન-પત્ર દેખાતા, પણ તેના વેચાણના દસ્તાવેજ ક્યાં ય જોવા નહીં મળતા. જમીન, હવા, પાણી, વનસ્પતિ જેવા કુદરતી સ્રોતો પર કોઈ પણ વ્યક્તિ, સમૂહ, સમાજ કે રાજાનું સ્વામીત્વ નહીં હતું. રાજ્યો જ જમીનના સર્વોચ્ચ અને અંતિમ માલિક હતા. પરસ્પર સંમતિથી અને રાજ્યોની મદદથી જમીનની અદ લાબદલી કરાતી, પરંતુ તેનું વેચાણ કદી કરાતું નહોતું.

આજે આનાથી તદ્દન વિપરીત સ્થિતિ છે. હવે મૉલ બનાવવા કે કોઈ ઉદ્યોગ સ્થાપવા જમીન વેચવામાં આવે છે. જમીનદાર પ્રથામાં બે પ્રકારની જમીન હતી. પહેલા પ્રકારની જમીનનો ઉપયોગ રસ્તા બનાવવા તેમ જ કૂવા-તળાવ ખોદાવવા માટે થતો અને બીજા પ્રકારની જમીન અંગત માલિકીની રહેતી હતી, પરંતુ હવે સાર્વજનિક જમીન જેવું કંઈ રહ્યું નથી. બધી જમીન ખાનગી બની ગઈ છે. જમીનમાલિકો તેને વેચી જંગી નફો કમાય છે. પહેલાં જમીનનો ઉપયોગ ખેતીની ઉત્પાદકતા વધારવા કરાતો, જ્યારે હવે ઉદ્યોગો સ્થાપવા કરાય છે. હકીકતમાં આ કારણથી જ દેશનો ખેડૂત દુષ્ચક્રમાં ફસાઈ ગયો અને તેણે પોતાની 'જન્મભૂમિ' અર્થાત્ ધરતીમાતાને ખરીદ-વેચાણની જણસ બનાવી દીધી છે અને તેથી આગળ જતાં ખેડૂત 'મજૂર' બની ગયો.

અંગ્રેજો દેશ છોડી ગયા બાદ જમીનની સમસ્યા વધુ ને વધુ ગંભીર બનતી ગઈ. ધીમે ધીમે દેશમાંથી જમીનદારી, જાગીરદારી અને માલગુજારી ખતમ થઈ ગઈ, પરંતુ જમીનના મોટા મોટા પ્લૉટ પોતાની પાસે રાખી દેનારા સમૃદ્ધ ખેડૂતો રહી ગયા. તેમણે ગામડાંની નાની નાની જમીનો તેમના માલિકો પાસેથી હડપ કરવાનું શરૂ કર્યું, પરિણામે ગરીબ વર્ગનો ખેડૂત વધુ ને વધુ ગરીબ બન્યો અને કરજ હેઠળ દબાતો ગયો. આ દુષ્ચક્રનો ક્યારે અંત આવશે તે કોઈ જાણતું નથી.

ચાર વર્ષ પહેલાં જ્યારે એકતા પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજગોપાલ પીવીના નેતૃત્વ હેઠળ ૫૦ હજાર વંચિત અને ભૂમિહીન-આદિવાસીઓએ પોતાની માગણી માટે ગ્વાલિયરથી દિલ્હી સુધીની પગપાળા કૂચ કાઢી ત્યારે પોલીસ અને પ્રશાસન માટે તેમની સમક્ષ નજર મિલાવવી શક્ય નહોતી.

જનસત્યાગ્રહ માટે આ વિરાટ પદયાત્રાને સુનિશ્ચિત કરવા અને સફળ બનાવવા માટે આ વર્ષે ગાંધી જયંતીના દિવસથી કન્યાકુમારીથી રાજગોપાલ પીવીના નેતૃત્વ હેઠળ જન સંવાદ યાત્રા શરૂ કરવામાં આવી છે. રાજગોપાલ કેરળ, તામિલનાડુની યાત્રા પૂરી કરી ચૂક્યા છે અને હવે કર્ણાટકમા પ્રવેશ કરવાના છે. આ જ રીતે આવતા વરસે બીજી ઑક્ટોબર પહેલાં આંધ્ર પ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઓરિસા, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને પૂર્વોત્તર રાજ્યોનો પ્રવાસ પૂરો કરશે. આ યાત્રા દરમિયાન વિભિન્ન રાજ્યોમાં ચાલી રહેલા દલિત, આદિવાસી, ભૂમિહીન, મજૂરો, નાના ખેડૂતો અને મહિલાઓનાં આંદોલન સાથે સંકળાયેલા લોકો-અગ્રણીઓ સાથે સંપર્ક કરવાના છે અને તેમને આવતા વરસે ગ્વાલિયરથી શરૂ થનારા જનસત્યાગ્રહમાં સામેલ થવા જણાવશે. અહીં પ્રસ્તુત છે પીડિતોના આગેવાન અને એકતા પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજગોપાલ પીવીની મુલાકાત …

સવાલ : ભૂમિસુધારણાના મુદ્દે રાજકીય પક્ષો અને સરકારનું વલણ કેવું છે ?

જવાબ : આ મુદ્દે જૂના ઍજન્ડાનો અમલ કરવાની જરૂર છે. વડા પ્રધાને વહેલી તકે આ માટે બેઠક બોલાવવી જોઈએ. જ્યાં ભૂમિ અધિગ્રહણ કરાય છે તે સ્થળોએ જઈ 'ડ્રામા' કરવાથી કશું નહીં વળે. ત્યાં માત્ર લોકોને બેવકૂફ બનાવાય છે. જેમના હાથમાં કાયદા બનાવવાનો અધિકાર છે તેમણે શા માટે સડક પર બેસવું જોઈએ. બધા સત્તાધારી પક્ષો પોતાના રાજ્યમાં આમ કરે છે. રાજકારણ ખેલનારાઓએ ગૂંચવાડો સર્જવાને બદલે એ સમજવું જોઈએ કે તેમણે જમીન તાતા-બિરલાને નહીં, પણ પેટિયું રળવા રિક્ષા ચલાવતા રામ-શ્યામને આપવાની છે. ભૂમિ કોને આપવાની છે એનો ઍજન્ડા નક્કી કરવો જરૂરી છે. મેં આ મુદ્દે અનેક પત્રો વડા પ્રધાનને લખી કહ્યું છે કે જમીન ઉદ્યોગપતિઓને બદલે ગરીબોને આપવી જોઈએ, પણ હજી સુધી કોઈ ધ્યાન અપાયું નથી. આઝાદી વખતે સરકારે ભૂમિહીનો અને ખેડાણ કરનારાઓને



## ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઇન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૯મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઇ.મૈલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

---------------

•


**સંપાદકીય પત્રવ્યવહાર**

**"ઓપિનિયન"**

'Holly Cottage',
13 Ferring Close,
HARROW, Middlesex HA2 0AR [U.K.]

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

•

**ભારત માટે સંપર્કનું ઠેકાણું**

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

e.mail : bharti_parekh@hotmail.com
સંપર્ક : ભારતીબહેન પારેખ


---------------

**"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.**



જમીન ફાળવવાનું વચન આપ્યું હતું. આટલાં વર્ષો બાદ પણ અમે સરકારને ગરીબોનાં હિતમાં આ કાયદો લાગુ કરવા જણાવી રહ્યા છીએ, પરંતુ આથી વિપરીત સરકાર નાના-ગરીબ જમીનમાલિકોને જમીનવિહોણા કરવા માગે છે.

સવાલ : સરકાર આ મુદ્દે શા માટે પહેલ નથી કરતી ?

જવાબ : સરકાર પર દબાણ છે. વિશ્વ બૅન્કથી માંડી તાતા-બિરલા, અંબાણી અને જિન્દાલ જેવાઓથી સરકાર દબાયેલી છે. હકીકતમાં કૉર્પોરેટ સેક્ટર જ સરકાર ચલાવે છે. તેના અનેક લોકો સંસદમાં છે. સ્ટીલ લૉબી, સિમેન્ટ લૉબી, બીલ્ડર લૉબીનું સંસદમાં વર્ચસ્ છે, પરંતુ ગરીબોનું બેલી કોઈ નથી. સરકાર તો ઉદ્યોગપતિઓને અધિગ્રહણ કરેલી જમીનોની ખેરાત કરી રહી છે. ઉત્તર પ્રદેશમા માયાવતી, છત્તીસગઢમાં ભાજપ અને જૈતાપુરમા કૉંગ્રેસ પક્ષ આ જ કામ કરી રહ્યાં છે. કૃષિની જમીનને જેટ્રોફા, નેનો કે એક્સ્પ્રેસ-વે માટે આપી દેવાશે તો દેશમાં અનાજની સમસ્યા ઊભી થશે અને એક કાળે જેમ અમેરિકા પાસેથી આપણે ઘઉં મગાવવા પડતા હતા, એવો જ વારો ફરી આવશે. આમ થયું તો ખેડૂત જ નહીં, શહેરી લોકોને પણ અસર થશે. અમે વારંવાર સરકારને કહીએ છીએ કે હવા, પાણી, સૂર્યપ્રકાશની જેમ જમીન પણ જીવનનો આધાર છે તેનો વેપાર બંધ કરો.




સવાલ : તમે છેલ્લા ત્રણ દાયકાથી જમીનના મુદ્દે સંઘર્ષ કરી રહ્યા છો. ૨૦૦૭મા ૨૫,૦૦૦ લોકો સાથે તમે જનસત્યાગ્રહ કર્યો હતો અને આવતા વર્ષે એક લાખ વંચિતો, ભૂમિહીનો અને આદિવાસીઓ સાથે તમે દિલ્હીમા જઈ ફરી જનસત્યાગ્રહ કરવાના છો. આવાં આ દોલનોથી તમને કંઈ મળ્યું ખરું ?




જવાબ : અમે ૨૫ કરતાં વધુ વર્ષથી ભૂમિસુધારણા આંદોલન કરીએ છીએ. નાની નાની ઉપલબ્ધિઓ મળે છે, પણ મોટા પાયે કોઈ સુધારો નથી થતો. આ પાછળનું કારણ સંસદમા ઉદ્યોગપતિઓની લૉબી છે, જે લૅન્ડ બૅન્ક બનાવી રહી છે, કારણ તેમને ખબર છે કે ભવિષ્યમા પોતાની કંપનીઓને વિસ્તારવા જમીનની જરૂર પડશે અને તેમ ન થયું તો પણ તેને મોઘા ભાવે વેચી શકાશે. ખાણો, જમીન અને નદીઓ બધુ અહીં વેચાણ માટે મુકાઈ ગયું છે અને તે માટે રાજકીય પક્ષોમાં હોડ લાગી છે.

સવાલ : તો તેનો ઉપાય તમે વિચાર્યો છે ?

જવાબ : હવે કેવળ જમીનની વાત કરવાથી નહીં ચાલે, પણ જમીન સાથે સંકળાયેલી તમામ સમસ્યાનો ઉલ્લેખ કરવો પડશે. અમારે જમીનની સાથે ગરીબી નિર્મૂલન, પલાયન-વિસ્થાપન, ઝૂંપડાંમાં લોકો દ્વારા જિવાતાં બદતર જીવન વિશેની વાત સુધ્ધાં કરવી પડશે. સરકાર અમને હવે ટુકડામા ક્યારેક જમીન, ક્યારેક ખેતી, તો ક્યારેક જંગલો વિશે વાત કરવા બોલાવે તો અમે નહીં જઈએ, કેમ કે હવે અમને ટુકડામાં નહીં, પરંતુ તમામ મુદ્દા પર એકસાથે ચર્ચા કરવી પડશે.

**(સદ્દભાવ : લેખ તથા મુદ્રાંકન સારુ "જન્મભૂમિ - પ્રવાસી", 5.12.2011; ફોટાઓ, ઇ. 'એકતા પરિષદ'ની વેબપેઇજ)**

# ઉસ્તાદ સુલતાનખાઁની વિદાય

• અભિજિત વ્યાસ

ભારતીય સંગીત ક્ષેત્રે સારંગીના બે પ્રમુખ વાદકો તે પંડિત રામનારાયણ અને ઉસ્તાદ સુલતાનખાઁ. તેમાંના ઉસ્તાદ સુલતાનખાઁનું, મૂત્રાશય કામ આપતું બંધ થઈ જવાથી, 27 નવેમ્બર 2011ના રોજ મુંબઈમાં અવસાન થયું.

સારંગી એ ભારતીય સંગીતનું એક મહત્ત્વનું વાદ્ય હોવા છતાં, એનું વાદન વધુ તો સાથદારીના વાદ્ય તરીકે થતું હતું. ઉસ્તાદ બડેગુલામઅલીખાઁ સાહેબ અને ઉસ્તાદ અમીરખાઁ સાહેબ પણ એમની પ્રારંભિક કારકિર્દીમાં સારંગી વાદકો હતા. પણ પછીથી, એમણે ગાયકીને પોતાની કળા તરીકે પસંદ કરી. સારંગી વાદકો અકસર ગાયકોની સાથે બેસીને અનુસરતા હોય છે. એમની ગાયકો સાથે સાથદારી કરવાનાં કાર્યમાંથી જ પછી એમને ગાવાની ઇચ્છા થાય છે. કારણ કે ગાયક જે ગાઈને રજૂ કરે છે, તેને જ તેઓ અનુસરતા રહે છે. એટલે પછી સ્વયં એમને જ ગાવાની ઇચ્છા થાય છે. અને વગાડતા વગાડતા ગાવા લાગે છે. અને પછી ક્યારેક તેઓ સારંગી છોડીને એકલા ગાવા લાગે છે. ઉસ્તાદ અમીરખાઁ સાહેબ, ઉસ્તાદ બડે ગુલામઅલીખાઁ સાહેબ આમ જ ગાયકો બની વધુ પ્રસિદ્ધ થયા.



ઉસ્તાદ સુલતાનખાઁ
સૌજન્ય : છબિકાર શરદભાઈ વ્યાસ

પણ સારંગી વાદક તરીકે છેલ્લા પાંચેક દાયકામાં પંડિત રામનારાયણ ખૂબ આગળ આવ્યા. અને એમની પછી તરત જ ઉસ્તાદ સુલતાનખાઁ પણ આગળ આવવા લાગ્યા. એમણે તેરેક વરસ સુધી આકાશવાણીના રાજકોટ કેન્દ્ર પર એક સ્ટાફ આર્ટિસ્ટ તરીકે કાર્ય કર્યું. એઓ એ સમયે જ સમજી ગયા હતા કે કળાકાર તરીકે આગળ આવવું હશે તો રાજકોટ છોડીને મુંબઈ જવું જોઈશે. અને એમ જ એ મુંબઈના સંગીત જગતમાં વસવા ઉપડી ગયા.

આ સમયમાં, એમને ખાસ્સો સંઘર્ષ કરવો પડ્યો. એ દિવસોમાં પંડિત રામનારાયણનું બહુ મોટું નામ હતું. એ વગાડતા પણ ઉત્તમ. શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે તો એમનું નામ હતું જ, પણ ફિલ્મસંગીત ક્ષેત્રે પણ અનેક સંગીતકારો એના ઉપર આવલંબિત હતા. એવા સમયે ઉસ્તાદ સુલતાનખાઁએ મુંબઈના સંગીત-પ્રેમીઓની સામે પોતાની સારંગીના સૂરો છેડીને એક અલગ જ નામ ઉપસાવ્યું.

એ દરમિયાન, જે કેટલાક સંગીત પ્રેમીઓ ને કળાકારોનો સાથ મળ્યો, તેમાં આશા ભોંસલે એક મહત્ત્વનાં કળાકાર હતાં. પણ પછીથી અનેક લોકોની સાથે એમનું વાદન થવા લાગ્યું. ઉસ્તાદ સુલતાનખાઁએ લગભગ બધા જ પ્રમુખ શાસ્ત્રીય સંગીત રજૂ કરતાં ગાયકોની સાથે સાથદારી કરી. તેમ સાથેસાથે એકલપણે (સોલો) વાદન રજૂ કરીને, એક મહત્ત્વના મુકામે ય તેઓ પહોંચ્યા. આ સમયમાં જો કે હજુ તેઓએ ગાવાનું શરૂ નહોતું કરેલું. પછીથી એમને પણ ગાયક થવાના કોડ જાગ્યા. એ ય ગાવા લાગ્યા. પહેલાં તો ખાસ કરીને એઓ પોતાના કાર્યક્રમો દરમિયાન જ વચ્ચે વચ્ચે ગાતા હતા, પણ પછીથી એક ગાયક તરીકે જ એમણે ગાવાની શરૂઆત કરેલી. પણ એક ગાયક તરીકેની નામના પામ્યા છતાં, પણ એમણે સારંગી વગાડવાનું તો ચાલુ જ રાખેલું. આમ તે વાદક અને ગાયક એમ બંને ક્ષેત્રના કળાકાર તરીકે ખ્યાતિ પામ્યા.

ઉસ્તાદ સુલતાનખાઁ સાથે અમારા કુટુંબનો સંબંધ છેલ્લાં પચાસેક વર્ષ જૂનો. હું બહુ નાનો હતો, ત્યારથી એમને વગાડતા જોતો આવ્યો છું. પહેલાં તો એ જ્યારે ઘેર આવ્યા હોય, ત્યારે એક મહેમાનને કુતૂહલથી વગાડતા જોવાનું બનતું. એ વગાડતા તે ય ગમતું. પછીથી, એ બધું જાણવા-સમજાવા લાગ્યું, એટલે એમના પ્રત્યેનો એક વિશિષ્ટ ભાવ પણ સદા બંધાઈ ગયો. અમારે ત્યાં તેઓ બહુ મોડી રાત સુધી વગાડતા બેસી રહેતા. ઇન્દોર ઘરાણાના ઉસ્તાદ અબ્દુલ હલીમ જાફરખાઁના શાગિર્દ તથા સિતારવાદક સુરેશભાઈ ત્ર. જોશી અને બચુભાઈ શાસ્ત્રીજી પણ હોય. મારા પિતાશ્રી શરદભાઈ પણ અબ્દુલ હલીમ જાફરખાઁના શિષ્ય હતા. તેઓ પણ સિતાર વગાડતા હતા. અને હું પણ સિતાર વગાડતો હતો. અમે બધા ઇન્દોર ઘરાણાના કહેવાઈએ. સુલતાનખાઁ એટલે જ અમારે ત્યાં ખૂબ આવતા. રાજકોટ જામનગરથી ખાસ દૂર નહીં એટલે કેટલા ય શનિ - રવિની રજામાં તેઓ આવતા રહેતા. એ બધાને કારણે એમની કેટલી ય વિવિધ સ્મૃતિઓ મનમાં વસેલી.

એક વખત એમનો કાર્યક્રમ હતો. તે દિવસે મારા દાદાજી એમની તબિયત સારી ન હોવાથી કાર્યક્રમ સાંભળવા ન આવી શક્યા. સુલતાનખાઁને પ્રેક્ષકોમાં મારા દાદાજીની હાજરી ન જોઈ, એટલે કાર્યક્રમના અંતે એમની પૃચ્છા કરી. અનુપસ્થિતિનું કારણ જાણતા, ખાસ, બીજે દિવસે ખબર કાઢવા તો આવ્યા, પણ એમના માટે ખાસ દોઢેક કલાક વાદન કરેલું. આમ એમના સૂરો મારા કાનમાં સદા વસેલા રહ્યા છે. એમના અનેક ફોટોગ્રાફ્સ મારા પિતાજીએ પાડેલા. તે એમનો અમારા પ્રત્યેનો ભાવ એટલો બધો કે જ્યારે એમની પહેલી લૉંગ પ્લે રેકર્ડ બહાર પડી, ત્યારે તેના આવરણ ઉપર, એ જ ફોટાને (આ લેખ સાથે પ્રકાશિત) છાપવાનો આગ્રહ એમણે રાખેલો.

મુંબઈમાં એમના સૂરો શ્રોતાઓને માટે સંમોહન જેવા રહ્યા. અને આમ એમનો એક અનેરો ચાહક વર્ગ ઊભો થયો. ઉસ્તાદ સુલતાનખાઁએ અનેક જાણીતાં ગાયકો સાથે સાથીદારી કરી હતી. આ ઉપરાંત એમના એકલ (સોલો) વાદનના પણ અનેક કાર્યક્રમો થયા હતા. વળી, એમણે કેટલાક કળાકારો સાથે જુગલબંધી પણ કરેલી છે. ફિલ્મ સંગીતના ક્ષેત્રમાં પણ એમણે પ્રદાન આપ્યું છે. ફિલ્મ 'હમ દિલ દે ચૂકે સનમ'માં એમનું ગાયેલું ગીત, 'અલબેલા સજન આયો રે …' અત્યંત પ્રસિદ્ધિ પામ્યું હતું. શાસ્ત્રીય સંગીત ન જાણતા હોય તેવા અનેકને માટે તે આકર્ષક પણ બનેલું. ઇસ્માઈલ મર્ચન્ટની ફિલ્મ 'મુહાફીઝ'(ઇન કસ્ટડી)માં એમણે ઉસ્તાદ ઝાકીરહુસૈનખાઁ સાથે મળીને પાર્શ્વસંગીત આપેલું છે. રિચર્ડ એટનબરોની ફિલ્મ 'ગાંધી'ના પાર્શ્વસંગીતમાં પણ એમણે ખૂબ સરસ સારંગી વગાડી છે. એમનાં વાદનની અનેક રેકર્ડ્સ અને કસેટ્સ તથા સી.ડી. પ્રગટ થયાં છે. દેશમાં અને વિદેશમાં એમણે અનેક કાર્યક્રમો પણ આપ્યા છે. ગુજરાતી લોકસંગીત વિષે ય તેઓ સારું જ્ઞાન ધરાવતા હતા.

આ લખું છું ત્યારે ઉસ્તાદ સુલતાનખાઁનો નશ્વર દેહ માટીમાં વિલીન થઈ ગયો છે. પરંતુ એમના સૂરો કાનમાં ગુંજ્યા કરે છે. વર્ષો પૂર્વે, એક વખત, મોડી રાત્રીના એમને નરીમાન પોઇન્ટની ફૂટપાથ પર બેસીને લતા મંગેશકરની તરતમાં પ્રગટ થનાર રેકર્ડ માટે ખાસ તૈયાર થયેલી ગાલિબની ગઝલો ગાઈ સંભળાવી હતી. એમાં લતાની સાથે સારંગી એમણે વગાડેલી. તો હમણાં છેલ્લે, એમને અને શ્રેયા ઘોષાલને એક બંદિશ માટે રિયાઝ કરતા - કરાવતા સાંભળેલા. આ પણ ખાસ યાદ આવે છે.

આજે કિબૉર્ડ જેવાં વાદ્યનાં આવવાં સાથે અનેક વાદ્ય સાંભળવામાં લુપ્ત થતાં જાય છે. સિતાર - સરોદ જેવાં વાદ્ય તો ફિલ્મ સંગીતમાંથી અદૃશ્ય થઈ ગયાં છે. બીન જેવાં વાદ્ય વગાડનાર આજ ક્યાં હોય તેમ ખાસ કોઈ સાંભળવા મળતું નથી. સારંગીમાં આજે તો બહુ ઓછા વાદકો સાંભળવા મળે છે. ત્યારે જ ઉસ્તાદ સુલતાનખાઁની વિદાય દુઃખદ બની બેસે છે. એમના ભત્રીજા દિલશાદખાઁને એમણે સારંગીમાં તૈયાર કરેલા છે. જે શ્રોતાઓને માટે આશ્વાસનજનક છે. સારંગીના આ આલા ઉસ્તાદના સૂરો, એમના ચાહકોના જ નહીં, પણ સંગીતના ચાહકોના કાનમાં, સદા ગુંજતા રહેશે.

['Gulab Kunj', off Ranjit Memorial, JAMNAGAR - 361 001, India]



હરિવંશરાય શ્રીવાસ્તવ 'બચ્ચન'
27.11.1907 - 18.01.2003

# ॥हरिवंश राय बच्चन कृत मधुशाला॥

मृदु भावों के अंगूरों की आज बना लाया हाला,
प्रियतम, अपने ही हाथों से आज पिलाऊँगा प्याला,
पहले भोग लगा लूँ तेरा फिर प्रसाद जग पाएगा,
सबसे पहले तेरा स्वागत करती मेरी मधुशाला।।१।

प्यास तुझे तो, विश्व तपाकर पूर्ण निकालूँगा हाला,
एक पाँव से साकी बनकर नाचूँगा लेकर प्याला,
जीवन की मधुता तो तेरे ऊपर कब का वार चुका,
आज निछावर कर दूँगा मैं तुझ पर जग की मधुशाला।।२।

प्रियतम, तू मेरी हाला है, मैं तेरा प्यासा प्याला,
अपने को मुझमें भरकर तू बनता है पीनेवाला,
मैं तुझको छक छलका करता, मस्त मुझे पी तू होता,
एक दूसरे की हम दोनों आज परस्पर मधुशाला।।३।

भावुकता अंगूर लता से खींच कल्पना की हाला,
कवि साकी बनकर आया है भरकर कविता का प्याला,
कभी न कण-भर खाली होगा लाख पिएँ, दो लाख पिएँ!
पाठकगण हैं पीनेवाले, पुस्तक मेरी मधुशाला।।४।

मधुर भावनाओं की सुमधुर नित्य बनाता हूँ हाला,
भरता हूँ इस मधु से अपने अंतर का प्यासा प्याला,
उठा कल्पना के हाथों से स्वयं उसे पी जाता हूँ,
अपने ही में हूँ मैं साकी, पीनेवाला, मधुशाला।।५।

मदिरालय जाने को घर से चलता है पीनेवाला,
'किस पथ से जाऊँ?' असमंजस में है वह भोलाभाला,
अलग-अलग पथ बतलाते सब पर मैं यह बतलाता हूँ -
'राह पकड़ तू एक चला चल, पा जाएगा मधुशाला।'। ६।

चलने ही चलने में कितना जीवन, हाय, बिता डाला!
'दूर अभी है', पर, कहता है हर पथ बतलानेवाला,
हिम्मत है न बढ़ूँ आगे को साहस है न फिरुँ पीछे,
किंकर्तव्यविमूढ़ मुझे कर दूर खड़ी है मधुशाला।।७।

मुख से तू अविरत कहता जा मधु, मदिरा, मादक हाला,
हाथों में अनुभव करता जा एक ललित कल्पित प्याला,
ध्यान किए जा मन में सुमधुर सुखकर, सुंदर साकी का,
और बढ़ा चल, पथिक, न तुझको दूर लगेगी मधुशाला।।८।

मदिरा पीने की अभिलाषा ही बन जाए जब हाला,
अधरों की आतुरता में ही जब आभासित हो प्याला,
बने ध्यान ही करते-करते जब साकी साकार, सखे,
रहे न हाला, प्याला, साकी, तुझे मिलेगी मधुशाला।।९।

सुन, कलकल़ , छलछल़ मधुघट से गिरती प्यालों में हाला,
सुन, रूनझुन रूनझुन चल वितरण करती मधु साकीबाला,
बस आ पहुंचे, दुर नहीं कुछ, चार कदम अब चलना है,
चहक रहे, सुन, पीनेवाले, महक रही, ले, मधुशाला।।१०।

जलतरंग बजता, जब चुंबन करता प्याले को प्याला,
वीणा झंकृत होती, चलती जब रूनझुन साकीबाला,
डाँट डपट मधुविक्रेता की ध्वनित पखावज करती है,
मधुरव से मधु की मादकता और बढ़ाती मधुशाला।।११।

मेहंदी रंजित मृदुल हथेली पर माणिक मधु का प्याला,
अंगूरी अवगुंठन डाले स्वर्ण वर्ण साकीबाला,
पाग बैंजनी, जामा नीला डाट डटे पीनेवाले,
इन्द्रधनुष से होड़ लगाती आज रंगीली मधुशाला।।१२।

हाथों में आने से पहले नाज़ दिखाएगा प्याला,
अधरों पर आने से पहले अदा दिखाएगी हाला,
बहुतेरे इनकार करेगा साकी आने से पहले,
पथिक, न घबरा जाना, पहले मान करेगी मधुशाला।।१३।

लाल सुरा की धार लपट सी कह न इसे देना ज्वाला,
फेनिल मदिरा है, मत इसको कह देना उर का छाला,
दर्द नशा है इस मदिरा का विगत स्मृतियाँ साकी हैं,
पीड़ा में आनंद जिसे हो, आए मेरी मधुशाला।।१४।

जगती की शीतल हाला सी पथिक, नहीं मेरी हाला,
जगती के ठंडे प्याले सा पथिक, नहीं मेरा प्याला,
ज्वाल सुरा जलते प्याले में दग्ध हृदय की कविता है,
जलने से भयभीत न जो हो, आए मेरी मधुशाला।।१५।

बहती हाला देखी, देखो लपट उठाती अब हाला,
देखो प्याला अब छूते ही होंठ जला देनेवाला,
'होंठ नहीं, सब देह दहे, पर पीने को दो बूंद मिले'
ऐसे मधु के दीवानों को आज बुलाती मधुशाला।।१६।

धर्मग्रन्थ सब जला चुकी है, जिसके अंतर की ज्वाला,
मंदिर, मसजिद, गिरिजे, सब को तोड़ चुका जो मतवाला,

पंडित, मोमिन, पादिरयों के फंदों को जो काट चुका,
कर सकती है आज उसी का स्वागत मेरी मधुशाला।।१७।

लालायित अधरों से जिसने, हाय, नहीं चूमी हाला,
हर्ष-विकंपित कर से जिसने, हा, न छुआ मधु का प्याला,
हाथ पकड़ लज्जित साकी को पास नहीं जिसने खींचा,
व्यर्थ सुखा डाली जीवन की उसने मधुमय मधुशाला।।१८।

बने पुजारी प्रेमी साकी, गंगाजल पावन हाला,
रहे फेरता अविरत गति से मधु के प्यालों की माला'
'और लिये जा, और पीये जा', इसी मंत्र का जाप करे'
मैं शिव की प्रतिमा बन बैठूं, मंदिर हो यह मधुशाला।।१९।

बजी न मंदिर में घड़ियाली, चढ़ी न प्रतिमा पर माला,
बैठा अपने भवन मुअज़्ज़िन देकर मस्जिद में ताला,
लुटे ख़जाने नरपितयों के गिरीं गढ़ों की दीवारें,
रहें मुबारक पीनेवाले, खुली रहे यह मधुशाला।।२०।

बड़े बड़े परिवार मिटें यों, एक न हो रोनेवाला,
हो जाएँ सुनसान महल वे, जहाँ थिरकतीं सुरबाला,
राज्य उलट जाएँ, भूपों की भाग्य सुलक्ष्मी सो जाए,
जमे रहेंगे पीनेवाले, जगा करेगी मधुशाला।।२१।

सब मिट जाएँ, बना रहेगा सुन्दर साकी, यम काला,
सूखें सब रस, बने रहेंगे, किन्तु, हलाहल औ' हाला,
धूमधाम औ' चहल पहल के स्थान सभी सुनसान बनें,
जगा करेगा अविरत मरघट, जगा करेगी मधुशाला।।२२।

बुरा सदा कहलायेगा जग में बाँका, चंचल प्याला,
छैल छबीला, रसिया साकी, अलबेला पीनेवाला,
पटे कहाँ से, मधुशाला औ' जग की जोड़ी ठीक नहीं,
जग जर्जर प्रतिदन, प्रतिक्षण, पर नित्य नवेली मधुशाला।।२३।

बिना पिये जो मधुशाला को बुरा कहे, वह मतवाला,
पी लेने पर तो उसके मुँह पर पड़ जाएगा ताला,
दास द्रोहियों दोनों में है जीत सुरा की, प्याले की,
विश्वविजयिनी बनकर जग में आई मेरी मधुशाला।।२४।

हरा भरा रहता मदिरालय, जग पर पड़ जाए पाला,
वहाँ मुहर्रम का तम छाए, यहाँ होलिका की ज्वाला,
स्वर्ग लोक से सीधी उतरी वसुधा पर, दुख क्या जाने,
पढ़े मर्सिया दुनिया सारी, ईद मनाती मधुशाला।।२५।

एक बरस में, एक बार ही जगती होली की ज्वाला,
एक बार ही लगती बाज़ी, जलती दीपों की माला,
दुनियावालों, किन्तु, किसी दिन आ मदिरालय में देखो,
दिन को होली, रात दिवाली, रोज़ मनाती मधुशाला।।२६।

नहीं जानता कौन, मनुज आया बनकर पीनेवाला,
कौन अपिरिचत उस साकी से, जिसने दूध पिला पाला,
जीवन पाकर मानव पीकर मस्त रहे, इस कारण ही,
जग में आकर सबसे पहले पाई उसने मधुशाला।।२७।

बनी रहें अंगूर लताएँ जिनसे मिलती है हाला,
बनी रहे वह मिटटी जिससे बनता है मधु का प्याला,
बनी रहे वह मदिर पिपासा तृप्त न जो होना जाने,
बनें रहें ये पीने वाले, बनी रहे यह मधुशाला।।२८।

सकुशल समझो मुझको, सकुशल रहती यदि साकीबाला,
मंगल और अमंगल समझे मस्ती में क्या मतवाला,
मित्रों, मेरी क्षेम न पूछो आकर, पर मधुशाला की,
कहा करो 'जय राम' न मिलकर, कहा करो 'जय मधुशाला'।।२९।

सूर्य बने मधु का विक्रेता, सिंधु बने घट, जल, हाला,
बादल बन-बन आए साकी, भूमि बने मधु का प्याला,
झड़ी लगाकर बरसे मदिरा रिमझिम, रिमझिम, रिमझिम कर,
बेलि, विटप, तृण बन मैं पीऊँ, वर्षा ऋृतु हो मधुशाला।।३०।

तारक मणियों से सज्जित नभ बन जाए मधु का प्याला,
सीधा करके भर दी जाए उसमें सागरजल हाला,
मज्ञल्तल्ला समीरण साकी बनकर अधरों पर छलका जाए,
फैले हों जो सागर तट से विश्व बने यह मधुशाला।।३१।

अधरों पर हो कोई भी रस जिह्वा पर लगती हाला,
भाजन हो कोई हाथों में लगता रक्खा है प्याला,
हर सूरत साकी की सूरत में परिवर्तित हो जाती,
आँखों के आगे हो कुछ भी, आँखों में है मधुशाला।।३२।

पौधे आज बने हैं साकी ले ले फूलों का प्याला,
भरी हुई है जिसके अंदर परिमल-मधु-सुरिभत हाला,
माँग माँगकर भ्रमरों के दल रस की मदिरा पीते हैं,
झूम झपक मद-झंपित होते, उपवन क्या है मधुशाला!।३३।

प्रति रसाल तरू साकी सा है, प्रति मंजरिका है प्याला,
छलक रही है जिसके बाहर मादक सौरभ की हाला,
छक जिसको मतवाली कोयल कूक रही डाली डाली
हर मधुऋृतु में अमराई में जग उठती है मधुशाला।।३४।

मंद झकोरों के प्यालों में मधुऋृतु सौरभ की हाला
भर भरकर है अनिल पिलाता बनकर मधु-मद-मतवाला,
हरे हरे नव पल्लव, तरूगण, नूतन डालें, वल्लरियाँ,
छक छक, झुक झुक झूम रही हैं, मधुबन में है मधुशाला।।३५।

साकी बन आती है प्रातः जब अरुणा ऊषा बाला,
तारक-मणि-मंडित चादर दे मोल धरा लेती हाला,
अगणित कर-किरणों से जिसको पी, खग पागल हो गाते,
प्रति प्रभात में पूर्ण प्रकृति में मुखिरत होती मधुशाला।।३६।

उतर नशा जब उसका जाता, आती है संध्या बाला,
बड़ी पुरानी, बड़ी नशीली नित्य ढला जाती हाला,
जीवन के संताप शोक सब इसको पीकर मिट जाते
सुरा-सुप्त होते मद-लोभी जागृत रहती मधुशाला।।३७।

अंधकार है मधुविक्रेता, सुन्दर साकी शशिबाला
किरण किरण में जो छलकाती जाम जुम्हाई का हाला,

पीकर जिसको चेतनता खो लेने लगते हैं झपकी
तारकदल से पीनेवाले, रात नहीं है, मधुशाला।।३८।

किसी ओर मैं आँखें फेरूँ, दिखलाई देती हाला
किसी ओर मैं आँखें फेरूँ, दिखलाई देता प्याला,
किसी ओर मैं देखूं, मुझको दिखलाई देता साकी
किसी ओर देखूं, दिखलाई पड़ती मुझको मधुशाला।।३९।

साकी बन मुरली आई साथ लिए कर में प्याला,
जिनमें वह छलकाती लाई अधर-सुधा-रस की हाला,
योगिराज कर संगत उसकी नटवर नागर कहलाए,
देखो कैसों-कैसों को है नाच नचाती मधुशाला।।४०।

वादक बन मधु का विक्रेता लाया सुर-सुमधुर-हाला,
रागिनियाँ बन साकी आई भरकर तारों का प्याला,
विक्रेता के संकेतों पर दौड़ लयों, आलापों में,
पान कराती श्रोतागण को, झंकृत वीणा मधुशाला।।४१।

चित्रकार बन साकी आता लेकर तूली का प्याला,
जिसमें भरकर पान कराता वह बहु रस-रंगी हाला,
मन के चित्र जिसे पी-पीकर रंग-बिरंगे हो जाते,
चित्रपटी पर नाच रही है एक मनोहर मधुशाला।।४२।

घन श्यामल अंगूर लता से खिंच खिंच यह आती हाला,
अरूण-कमल-कोमल कलियों की प्याली, फूलों का प्याला,
लोल हिलोरें साकी बन बन माणिक मधु से भर जातीं,
हंस मज्ञल्तल्ा होते पी पीकर मानसरोवर मधुशाला।।४३।

हिम श्रेणी अंगूर लता-सी फैली, हिम जल है हाला,
चंचल नदियाँ साकी बनकर, भरकर लहरों का प्याला,
कोमल कूर-करों में अपने छलकाती निशिदिन चलतीं,
पीकर खेत खड़े लहराते, भारत पावन मधुशाला।।४४।

धीर सुतों के हृदय रक्त की आज बना रक्तिम हाला,
वीर सुतों के वर शीशों का हाथों में लेकर प्याला,
अति उदार दानी साकी है आज बनी भारतमाता,
स्वतंत्रता है तृषित कालिका बलिवेदी है मधुशाला।।४५।

दुतकारा मस्जिद ने मुझको कहकर है पीनेवाला,
ठुकराया ठाकुरद्वारे ने देख हथेली पर प्याला,
कहाँ ठिकाना मिलता जग में भला अभागे काफिर को?
शरणस्थल बनकर न मुझे यदि अपना लेती मधुशाला।।४६।

पथिक बना मैं घूम रहा हूँ, सभी जगह मिलती हाला,
सभी जगह मिल जाता साकी, सभी जगह मिलता प्याला,
मुझे ठहरने का, हे मित्रों, कष्ट नहीं कुछ भी होता,
मिले न मंदिर, मिले न मस्जिद, मिल जाती है मधुशाला।।४७।

सजें न मस्जिद और नमाज़ी कहता है अल्लाताला,
सजधजकर, पर, साकी आता, बन ठनकर, पीनेवाला,
शेख, कहाँ तुलना हो सकती मस्जिद की मदिरालय से
चिर विधवा है मस्जिद तेरी, सदा सुहागिन मधुशाला।।४८।

बजी नफ़ीरी और नमाज़ी भूल गया अल्लाताला,
गाज गिरी, पर ध्यान सुरा में मग्न रहा पीनेवाला,
शेख, बुरा मत मानो इसको, साफ़ कहूँ तो मस्जिद को
अभी युगों तक सिखलाएगी ध्यान लगाना मधुशाला!।४९।

मुसलमान औ' हिन्दू है दो, एक, मगर, उनका प्याला,
एक, मगर, उनका मदिरालय, एक, मगर, उनकी हाला,
दोनों रहते एक न जब तक मस्जिद मन्दिर में जाते,
बैर बढ़ाते मस्जिद मन्दिर मेल कराती मधुशाला!।५०।

कोई भी हो शेख नमाज़ी या पंडित जपता माला,
बैर भाव चाहे जितना हो मदिरा से रखनेवाला,
एक बार बस मधुशाला के आगे से होकर निकले,
देखूँ कैसे थाम न लेती दामन उसका मधुशाला!।५१।

और रसों में स्वाद तभी तक, दूर जभी तक है हाला,
इतरा लें सब पात्र न जब तक, आगे आता है प्याला,
कर लें पूजा शेख, पुजारी तब तक मस्जिद मन्दिर में
घूँघट का पट खोल न जब तक झाँक रही है मधुशाला।।५२।

आज करे परहेज़ जगत, पर, कल पीनी होगी हाला,
आज करे इन्कार जगत पर कल पीना होगा प्याला,
होने दो पैदा मद का महमूद जगत में कोई, फिर
जहाँ अभी हैं मन्दिर मस्जिद वहाँ बनेगी मधुशाला।।५३।

यज्ञ अग्नि सी धधक रही है मधु की भटठी की ज्वाला,
ऋषि सा ध्यान लगा बैठा है हर मदिरा पीने वाला,
मुनि कन्याओं सी मधुघट ले फिरतीं साकीबालाएँ,
किसी तपोवन से क्या कम है मेरी पावन मधुशाला।।५४।

सोम सुरा पुरखे पीते थे, हम कहते उसको हाला,
द्रोणकलश जिसको कहते थे, आज वही मधुघट आला,
वेदिवहित यह रस्म न छोड़ो वेदों के ठेकेदारों,
युग युग से है पुजती आई नई नहीं है मधुशाला।।५५।

वही वारूणी जो थी सागर मथकर निकली अब हाला,
रंभा की संतान जगत में कहलाती 'साकीबाला',
देव अदेव जिसे ले आए, संत महंत मिटा देंगे!
किसमें कितना दम खम, इसको खूब समझती मधुशाला।।५६।

कभी न सुन पड़ता, 'इसने, हा, छू दी मेरी हाला',
कभी न कोई कहता, 'उसने जूठा कर डाला प्याला',
सभी जाति के लोग यहाँ पर साथ बैठकर पीते हैं,
सौ सुधारकों का करती है काम अकेले मधुशाला।।५७।

श्रम, संकट, संताप, सभी तुम भूला करते पी हाला,
सबक बड़ा तुम सीख चुके यदि सीखा रहना मतवाला,
व्यर्थ बने जाते हो हिरजन, तुम तो मधुजन ही अच्छे,
ठुकराते हिर मंदिरवाले, पलक बिछाती मधुशाला।।५८।

एक तरह से सबका स्वागत करती है साकीबाला,
अज्ञ विज्ञ में है क्या अंतर हो जाने पर मतवाला,

रंक राव में भेद हुआ है कभी नहीं मदिरालय में,
साम्यवाद की प्रथम प्रचारक है यह मेरी मधुशाला।।५९।

बार बार मैंने आगे बढ़ आज नहीं माँगी हाला,
समझ न लेना इससे मुझको साधारण पीने वाला,
हो तो लेने दो ऐ साकी दूर प्रथम संकोचों को,
मेरे ही स्वर से फिर सारी गूँज उठेगी मधुशाला।।६०।

कल? कल पर विश्वास किया कब करता है पीनेवाला,
हो सकते कल कर जड़ जिनसे फिर फिर आज उठा प्याला,
आज हाथ में था, वह खोया, कल का कौन भरोसा है,
कल की हो न मुझे मधुशाला काल कुटिल की मधुशाला।।६१।

आज मिला अवसर, तब फिर क्यों मैं न छकूँ जी-भर हाला
आज मिला मौका, तब फिर क्यों ढाल न लूँ जी-भर प्याला,
छेड़छाड़ अपने साकी से आज न क्यों जी-भर कर लूँ,
एक बार ही तो मिलनी है जीवन की यह मधुशाला।।६२।

आज सजीव बना लो, प्रेयसी, अपने अधरों का प्याला,
भर लो, भर लो, भर लो इसमें, यौवन मधुरस की हाला,
और लगा मेरे होठों से भूल हटाना तुम जाओ,
अथक बनू मैं पीनेवाला, खुले प्रणय की मधुशाला।।६३।

सुमुखी तुम्हारा, सुन्दर मुख ही, मुझको कन्चन का प्याला
छलक रही है जिसमें माणिक रूप मधुर मादक हाला,
मैं ही साकी बनता, मैं ही पीने वाला बनता हूँ
जहाँ कहीं मिल बैठे हम तुम़ वहीं गयी हो मधुशाला।।६४।

दो दिन ही मधु मुझे पिलाकर ऊब उठी साकीबाला,
भरकर अब खिसका देती है वह मेरे आगे प्याला,
नाज़, अदा, अंदाजों से अब, हाय पिलाना दूर हुआ,
अब तो कर देती है केवल फ़र्ज़ -अदाई मधुशाला।।६५।

छोटे-से जीवन में कितना प्यार करुँ, पी लूँ हाला,
आने के ही साथ जगत में कहलाया 'जानेवाला',
स्वागत के ही साथ विदा की होती देखी तैयारी,
बंद लगी होने खुलते ही मेरी जीवन-मधुशाला।।६६।

क्या पीना, निर्द्वन्द न जब तक ढाला प्यालों पर प्याला,
क्या जीना, निरंचित न जब तक साथ रहे साकीबाला,
खोने का भय, हाय, लगा है पाने के सुख के पीछे,
मिलने का आनंद न देती मिलकर के भी मधुशाला।।६७।

मुझे पिलाने को लाए हो इतनी थोड़ी-सी हाला!
मुझे दिखाने को लाए हो एक यही छिछला प्याला!
इतनी पी जीने से अच्छा सागर की ले प्यास मरुँ,
सिंधँु-तृषा दी किसने रचकर बिंदु-बराबर मधुशाला।।६८।

क्या कहता है, रह न गई अब तेरे भाजन में हाला,
क्या कहता है, अब न चलेगी मादक प्यालों की माला,
थोड़ी पीकर प्यास बढ़ी तो शेष नहीं कुछ पीने को,
प्यास बुझाने को बुलवाकर प्यास बढ़ाती मधुशाला।।६९।

लिखी भाग्य में जितनी बस उतनी ही पाएगा हाला,
लिखा भाग्य में जैसा बस वैसा ही पाएगा प्याला,
लाख पटक तू हाथ पाँव, पर इससे कब कुछ होने का,
लिखी भाग्य में जो तेरे बस वही मिलेगी मधुशाला।।७०।

कर ले, कर ले कंजूसी तू मुझको देने में हाला,
दे ले, दे ले तू मुझको बस यह टूटा फूटा प्याला,
मैं तो सब्र इसी पर करता, तू पीछे पछताएगी,
जब न रहूँगा मैं, तब मेरी याद करेगी मधुशाला।।७१।

ध्यान मान का, अपमानों का छोड़ दिया जब पी हाला,
गौरव भूला, आया कर में जब से मिट्टी का प्याला,
साकी की अंदाज़ भरी झिड़की में क्या अपमान धरा,
दुनिया भर की ठोकर खाकर पाई मैंने मधुशाला।।७२।

क्षीण, क्षुद्र, क्षणभंगुर, दुर्बल मानव मिटटी का प्याला,
भरी हुई है जिसके अंदर कटु-मधु जीवन की हाला,
मृत्यु बनी है निर्दय साकी अपने शत-शत कर फैला,
काल प्रबल है पीनेवाला, संसृति है यह मधुशाला।।७३।

प्याले सा गढ़ हमें किसी ने भर दी जीवन की हाला,
नशा न भाया, ढाला हमने ले लेकर मधु का प्याला,
जब जीवन का दर्द उभरता उसे दबाते प्याले से,
जगती के पहले साकी से जूझ रही है मधुशाला।।७४।

अपने अंगूरों से तन में हमने भर ली है हाला,
क्या कहते हो, शेख, नरक में हमें तपाएगी ज्वाला,
तब तो मदिरा खूब खिंचेगी और पिएगा भी कोई,
हमें नमक की ज्वाला में भी दीख पड़ेगी मधुशाला।।७५।

यम आएगा लेने जब, तब खूब चलूँगा पी हाला,
पीड़ा, संकट, कष्ट नरक के क्या समझेगा मतवाला,
क्रूर, कठोर, कुटिल, कुविचारी, अन्यायी यमराजों के
डंडों की जब मार पड़ेगी, आड़ करेगी मधुशाला।।७६।

यदि इन अधरों से दो बातें प्रेम भरी करती हाला,
यदि इन खाली हाथों का जी पल भर बहलाता प्याला,
हानि बता, जग, तेरी क्या है, व्यर्थ मुझे बदनाम न कर,
मेरे टूटे दिल का है बस एक खिलौना मधुशाला।।७७।

याद न आए दूखमय जीवन इससे पी लेता हाला,
जग चिंताओं से रहने को मुक्त, उठा लेता प्याला,
शौक, साध के और स्वाद के हेतु पिया जग करता है,
पर मै वह रोगी हूँ जिसकी एक दवा है मधुशाला।।७८।

गिरती जाती है दिन प्रतिदन प्रणयनी प्राणों की हाला
भग्न हुआ जाता दिन प्रतिदन सुभगे मेरा तन प्याला,
रूठ रहा है मुझसे रूपसी, दिन दिन यौवन का साकी
सूख रही है दिन दिन सुन्दरी, मेरी जीवन मधुशाला।।७९।

यम आयेगा साकी बनकर साथ लिए काली हाला,
पी न होश में फिर आएगा सुरा-विसुध यह मतवाला,

यह अंतिम बेहोशी, अंतिम साकी, अंतिम प्याला है,
पथिक, प्यार से पीना इसको फिर न मिलेगी मधुशाला।८०।

ढलक रही है तन के घट से, संगिनी जब जीवन हाला,
पत्र गरल का ले जब अंतिम साकी है आनेवाला,
हाथ स्पर्श भूले प्याले का, स्वाद सुरा जीव्हा भूले
कानो में तुम कहती रहना, मधु का प्याला मधुशाला।।८१।

मेरे अधरों पर हो अंतिम वस्तु न तुलसीदल प्याला
मेरी जीव्हा पर हो अंतिम वस्तु न गंगाजल हाला,
मेरे शव के पीछे चलने वालों याद इसे रखना
राम नाम है सत्य न कहना, कहना सच्ची मधुशाला।।८२।

मेरे शव पर वह रोये, हो जिसके आंसू में हाला
आह भरे वो, जो हो सुरिभत मदिरा पी कर मतवाला,
दे मुझको वो कांधा जिनके पग मद डगमग होते हों
और जलूं उस ठौर जहां पर कभी रही हो मधुशाला।।८३।

और चिता पर जाये उंढेला पत्र न घ्रित का, पर प्याला
कंठ बंधे अंगूर लता में मध्य न जल हो, पर हाला,
प्राण प्रिये यदि श्राध करो तुम मेरा तो ऐसे करना
पीने वालों को बुलवा कर खुलवा देना मधुशाला।।८४।

नाम अगर कोई पूछे तो, कहना बस पीनेवाला
काम ढालना, और ढालना सबको मदिरा का प्याला,
जाति प्रिये, पूछे यदि कोई कह देना दीवानों की
धर्म बताना प्यालों की ले माला जपना मधुशाला।।८५।

ज्ञात हुआ यम आने को है ले अपनी काली हाला,
पंडित अपनी पोथी भूला, साधू भूल गया माला,
और पुजारी भूला पूजा, ज्ञान सभी ज्ञानी भूला,
किन्तु न भूला मरकर के भी पीनेवाला मधुशाला।।८६।

यम ले चलता है मुझको तो, चलने दे लेकर हाला,
चलने दे साकी को मेरे साथ लिए कर में प्याला,
स्वर्ग, नरक या जहाँ कहीं भी तेरा जी हो लेकर चल,
ठौर सभी हैं एक तरह के साथ रहे यदि मधुशाला।।८७।

पाप अगर पीना, समदोषी तो तीनों - साकी बाला,
नित्य पिलानेवाला प्याला, पी जानेवाली हाला,
साथ इन्हें भी ले चल मेरे न्याय यही बतलाता है,
कैद जहाँ मैं हूँ, की जाए कैद वहीं पर मधुशाला।।८८।

शांत सकी हो अब तक, साकी, पीकर किस उर की ज्वाला,
'और, और' की रटन लगाता जाता हर पीनेवाला,
कितनी इच्छाएँ हर जानेवाला छोड़ यहाँ जाता!
कितने अरमानों की बनकर कब्र खड़ी है मधुशाला।।८९।

जो हाला मैं चाह रहा था, वह न मिली मुझको हाला,
जो प्याला मैं माँग रहा था, वह न मिला मुझको प्याला,
जिस साकी के पीछे मैं था दीवाना, न मिला साकी,
जिसके पीछे था मैं पागल, हा न मिली वह मधुशाला!।९०।

देख रहा हूँ अपने आगे कब से माणिक-सी हाला,
देख रहा हूँ अपने आगे कब से कंचन का प्याला,
'बस अब पाया!'- कह-कह कब से दौड़ रहा इसके पीछे,
किंतु रही है दूर क्षितिज-सी मुझसे मेरी मधुशाला।।९१।

कभी निराशा का तम घिरता, छिप जाता मधु का प्याला,
छिप जाती मदिरा की आभा, छिप जाती साकीबाला,
कभी उजाला आशा करके प्याला फिर चमका जाती,
आँखिमचौली खेल रही है मुझसे मेरी मधुशाला।।९२।

'आ आगे' कहकर कर पीछे कर लेती साकीबाला,
होंठ लगाने को कहकर हर बार हटा लेती प्याला,
नहीं मुझे मालूम कहाँ तक यह मुझको ले जाएगी,
बढ़ा बढ़ाकर मुझको आगे, पीछे हटती मधुशाला।।९३।

हाथों में आने-आने में, हाय, फिसल जाता प्याला,
अधरों पर आने-आने में हाय, ढुलक जाती हाला,
दुनियावालो, आकर मेरी किस्मत की ख़ूबी देखो,
रह-रह जाती है बस मुझको मिलते-मिलते मधुशाला।।९४।

प्राप्य नही है तो, हो जाती लुप्त नहीं फिर क्यों हाला,
प्राप्य नही है तो, हो जाता लुप्त नहीं फिर क्यों प्याला,
दूर न इतनी हिम्मत हारुँ, पास न इतनी पा जाऊँ,
व्यर्थ मुझे दौड़ाती मरु में मृगजल बनकर मधुशाला।।९५।

मिले न, पर, ललचा ललचा क्यों आकुल करती है हाला,
मिले न, पर, तरसा तरसाकर क्यों तड़पाता है प्याला,
हाय, नियति की विषम लेखनी मस्तक पर यह खोद गई
'दूर रहेगी मधु की धारा, पास रहेगी मधुशाला!'।९६।

मदिरालय में कब से बैठा, पी न सका अब तक हाला,
यत्न सहित भरता हूँ, कोई किंतु उलट देता प्याला,
मानव-बल के आगे निर्बल भाग्य, सुना विद्यालय में,
'भाग्य प्रबल, मानव निर्बल' का पाठ पढ़ाती मधुशाला।।९७।

किस्मत में था खाली खप्पर, खोज रहा था मैं प्याला,
ढूँढ़ रहा था मैं मृगनयनी, किस्मत में थी मृगछाला,
किसने अपना भाग्य समझने में मुझसा धोखा खाया,
किस्मत में था अवघट मरघट, ढूँढ़ रहा था मधुशाला।।९८।

उस प्याले से प्यार मुझे जो दूर हथेली से प्याला,
उस हाला से चाव मुझे जो दूर अधर से है हाला,
प्यार नहीं पा जाने में है, पाने के अरमानों में!
पा जाता तब, हाय, न इतनी प्यारी लगती मधुशाला।।९९।

साकी के पास है तिनक सी श्री, सुख, संपित की हाला,
सब जग है पीने को आतुर ले ले किस्मत का प्याला,
रेल ठेल कुछ आगे बढ़ते, बहुतेरे दबकर मरते,
जीवन का संघर्ष नहीं है, भीड़ भरी है मधुशाला।।१००।

साकी, जब है पास तुम्हारे इतनी थोड़ी सी हाला,
क्यों पीने की अभिलाषा से, करते सबको मतवाला,

हम पिस पिसकर मरते हैं, तुम छिप छिपकर मुसकाते हो,
हाय, हमारी पीड़ा से है क्रीड़ा करती मधुशाला।।१०१।

साकी, मर खपकर यदि कोई आगे कर पाया प्याला,
पी पाया केवल दो बूंदों से न अधिक तेरी हाला,
जीवन भर का, हाय, परिश्रम लूट लिया दो बूंदों ने,
भोले मानव को ठगने के हेतु बनी है मधुशाला।।१०२।

जिसने मुझको प्यासा रक्खा बनी रहे वह भी हाला,
जिसने जीवन भर दौड़ाया बना रहे वह भी प्याला,
मतवालों की जिहवा से हैं कभी निकलते शाप नहीं,
दुखी बनाया जिसने मुझको सुखी रहे वह मधुशाला!।१०३।

नहीं चाहता, आगे बढ़कर छीनूँ औरों की हाला,
नहीं चाहता, धक्के देकर, छीनूँ औरों का प्याला,
साकी, मेरी ओर न देखो मुझको तनिक मलाल नहीं,
इतना ही क्या कम आँखों से देख रहा हूँ मधुशाला।।१०४।

मद, मदिरा, मधु, हाला सुन-सुन कर ही जब हूँ मतवाला,
क्या गति होगी अधरों के जब नीचे आएगा प्याला,
साकी, मेरे पास न आना मैं पागल हो जाऊँगा,
प्यासा ही मैं मस्त, मुबारक हो तुमको ही मधुशाला।।१०५।

क्या मुझको आवश्यकता है साकी से माँगूँ हाला,
क्या मुझको आवश्यकता है साकी से चाहूँ प्याला,
पीकर मदिरा मस्त हुआ तो प्यार किया क्या मदिरा से!
मैं तो पागल हो उठता हूँ सुन लेता यदि मधुशाला।।१०६।

देने को जो मुझे कहा था दे न सकी मुझको हाला,
देने को जो मुझे कहा था दे न सका मुझको प्याला,
समझ मनुज की दुर्बलता मैं कहा नहीं कुछ भी करता,
किन्तु स्वयं ही देख मुझे अब शरमा जाती मधुशाला।।१०७।

एक समय संतुष्ट बहुत था पा मैं थोड़ी-सी हाला,
भोला-सा था मेरा साकी, छोटा-सा मेरा प्याला,
छोटे-से इस जग की मेरे स्वर्ग बलाएँ लेता था,
विस्तृत जग में, हाय, गई खो मेरी नन्ही मधुशाला!।१०८।

बहुतेरे मदिरालय देखे, बहुतेरी देखी हाला,
भाँत भाँत का आया मेरे हाथों में मधु का प्याला,
एक एक से बढ़कर, सुन्दर साकी ने सत्कार किया,
जँची न आँखों में, पर, कोई पहली जैसी मधुशाला।।१०९।

एक समय छलका करती थी मेरे अधरों पर हाला,
एक समय झूमा करता था मेरे हाथों पर प्याला,
एक समय पीनेवाले, साकी आलिंगन करते थे,
आज बनी हूँ निर्जन मरघट, एक समय थी मधुशाला।।११०।

जला हृदय की भट्टी खींची मैंने आँसू की हाला,
छलछल छलका करता इससे पल पल पलकों का प्याला,
आँखें आज बनी हैं साकी, गाल गुलाबी पी होते,
कहो न विरही मुझको, मैं हूँ चलती फिरती मधुशाला!।१११।

कितनी जल्दी रंग बदलती है अपना चंचल हाला,
कितनी जल्दी घिसने लगता हाथों में आकर प्याला,
कितनी जल्दी साकी का आकर्षण घटने लगता है,
प्रात नहीं थी वैसी, जैसी रात लगी थी मधुशाला।।११२।

बूँद बूँद के हेतु कभी तुझको तरसाएगी हाला,
कभी हाथ से छिन जाएगा तेरा यह मादक प्याला,
पीनेवाले, साकी की मीठी बातों में मत आना,
मेरे भी गुण यों ही गाती एक दिवस थी मधुशाला।।११३।

छोड़ा मैंने पंथ मतों को तब कहलाया मतवाला,
चली सुरा मेरा पग धोने तोड़ा जब मैंने प्याला,
अब मानी मधुशाला मेरे पीछे पीछे फिरती है,
क्या कारण? अब छोड़ दिया है मैंने जाना मधुशाला।।११४।

यह न समझना, पिया हलाहल मैंने, जब न मिली हाला,
तब मैंने खप्पर अपनाया ले सकता था जब प्याला,
जले हृदय को और जलाना सूझा, मैंने मरघट को
अपनाया जब इन चरणों में लोट रही थी मधुशाला।।११५।

कितनी आई और गई पी इस मदिरालय में हाला,
टूट चुकी अब तक कितने ही मादक प्यालों की माला,
कितने साकी अपना अपना काम खतम कर दूर गए,
कितने पीनेवाले आए, किन्तु वही है मधुशाला।।११६।

कितने होठों को रक्खेगी याद भला मादक हाला,
कितने हाथों को रक्खेगा याद भला पागल प्याला,
कितनी शक्लों को रक्खेगा याद भला भोला साकी,
कितने पीनेवालों में है एक अकेली मधुशाला।।११७।

दर दर घूम रहा था जब मैं चिल्लाता - हाला! हाला!
मुझे न मिलता था मदिरालय, मुझे न मिलता था प्याला,
मिलन हुआ, पर नहीं मिलनसुख लिखा हुआ था किस्मत में,
मैं अब जमकर बैठ गया हूँ, घूम रही है मधुशाला।।११८।

मैं मदिरालय के अंदर हूँ, मेरे हाथों में प्याला,
प्याले में मदिरालय बिंबित करनेवाली है हाला,
इस उधेड़-बुन में ही मेरा सारा जीवन बीत गया -
मैं मधुशाला के अंदर या मेरे अंदर मधुशाला!।११९।

किसे नहीं पीने से नाता, किसे नहीं भाता प्याला,
इस जगती के मदिरालय में तरह-तरह की है हाला,
अपनी-अपनी इच्छा के अनुसार सभी पी मदमाते,
एक सभी का मादक साकी, एक सभी की मधुशाला।।१२०।

वह हाला, कर शांत सके जो मेरे अंतर की ज्वाला,
जिसमें मैं बिंबित-प्रतिबिंबत प्रतिपल, वह मेरा प्याला,
मधुशाला वह नहीं जहाँ पर मदिरा बेची जाती है,
भेंट जहाँ मस्ती की मिलती मेरी तो वह मधुशाला।।१२१।

मतवालापन हाला से लेकर मैंने तज दी है हाला,
पागलपन लेकर प्याले से, मैंने त्याग दिया प्याला,

साकी से मिल, साकी में मिल, अपनापन मैं भूल गया,
मिल मधुशाला की मधुता में भूल गया मैं मधुशाला।।१२२।

मदिरालय के द्वार ठोकता किस्मत का छूंछा प्याला,
गहरी, ठंडी सांसें भर भर कहता था हर मतवाला,
कितनी थोड़ी सी यौवन की हाला, हा, मैं पी पाया!
बंद हो गई कितनी जल्दी मेरी जीवन मधुशाला।।१२३।

कहाँ गया वह स्वर्गिक साकी, कहाँ गयी सुरिभत हाला,
कहाँ गया स्वपिनल मदिरालय, कहाँ गया स्वर्णिम प्याला!
पीनेवालों ने मदिरा का मूल्य, हाय, कब पहचाना?
फूट चुका जब मधु का प्याला, टूट चुकी जब मधुशाला।।१२४।

अपने युग में सबको अनुपम ज्ञात हुई अपनी हाला,
अपने युग में सबको अदभुत ज्ञात हुआ अपना प्याला,
फिर भी वृद्धों से जब पूछा एक यही उत्तर पाया -
अब न रहे वे पीनेवाले, अब न रही वह मधुशाला!।१२५।

'मय' को करके शुद्ध दिया अब नाम गया उसको, 'हाला'
'मीना' को 'मधुपात्र' दिया 'सागर' को नाम गया 'प्याला',
क्यों न मौलवी चौंकें, बिचकें तिलक-त्रिपुंडी पंडित जी
'मय-महिफल' अब अपना ली है मैंने करके 'मधुशाला'।।१२६।

कितने मर्म जता जाती है बार-बार आकर हाला,
कितने भेद बता जाता है बार-बार आकर प्याला,
कितने अर्थों को संकेतों से बतला जाता साकी,
फिर भी पीनेवालों को है एक पहेली मधुशाला।।१२७।

जितनी दिल की गहराई हो उतना गहरा है प्याला,
जितनी मन की मादकता हो उतनी मादक है हाला,
जितनी उर की भावुकता हो उतना सुन्दर साकी है,
जितना हो जो रिसक, उसे है उतनी रसमय मधुशाला।।१२८।

जिन अधरों को छुए, बना दे मस्त उन्हें मेरी हाला,
जिस कर को छू दे, कर दे विक्षिप्त उसे मेरा प्याला,
आँख चार हों जिसकी मेरे साकी से दीवाना हो,
पागल बनकर नाचे वह जो आए मेरी मधुशाला।।१२९।

हर जिहवा पर देखी जाएगी मेरी मादक हाला
हर कर में देखा जाएगा मेरे साकी का प्याला
हर घर में चर्चा अब होगी मेरे मधुविक्रेता की
हर आंगन में गमक उठेगी मेरी सुरिभत मधुशाला।।१३०।

मेरी हाला में सबने पाई अपनी-अपनी हाला,
मेरे प्याले में सबने पाया अपना-अपना प्याला,
मेरे साकी में सबने अपना प्यारा साकी देखा,
जिसकी जैसी रुचि थी उसने वैसी देखी मधुशाला।।१३१।

यह मदिरालय के आँसू हैं, नहीं-नहीं मादक हाला,
यह मदिरालय की आँखें हैं, नहीं-नहीं मधु का प्याला,
किसी समय की सुखदस्मृति है साकी बनकर नाच रही,
नहीं-नहीं किव का हृदयांगण, यह विरहाकुल मधुशाला।।१३२।



**સન ૧૯૪૦ની ચોપાસ લેવાઈ, હિન્દી સાહિત્યજગતની ખ્યાતનામ ત્રિપુટીની, એક વિરલ ઐતિહાસિક છબિ : (ડાબેથી) હરિવંશરાય શ્રીવાસ્તવ 'બચ્ચન', પંડિત નરેન્દ્ર શર્મા તેમ જ (આગળ બેઠેલા) સુમિત્રાનંદન પંત - સૌજન્ય 'વિકિપીડિયા' નેટજગત**

•

कुचल हसरतें कितनी अपनी, हाय, बना पाया हाला,
कितने अरमानों को करके ख़ाक बना पाया प्याला!
पी पीनेवाले चल देंगे, हाय, न कोई जानेगा,
कितने मन के महल ढहे तब खड़ी हुई यह मधुशाला!।१३३।

विश्व तुम्हारे विषमय जीवन में ला पाएगी हाला
यदि थोड़ी-सी भी यह मेरी मदमाती साकीबाला,
शून्य तुम्हारी घड़ियाँ कुछ भी यदि यह गुंजित कर पाई,
जन्म सफल समझेगी जग में अपना मेरी मधुशाला।।१३४।

बड़े-बड़े नाज़ों से मैंने पाली है साकीबाला,
कलित कल्पना का ही इसने सदा उठाया है प्याला,
मान-दुलारों से ही रखना इस मेरी सुकुमारी को,
विश्व, तुम्हारे हाथों में अब सौंप रहा हूँ मधुशाला।।१३५।

## परिशिष्ट

स्वयं नहीं पीता, औरों को, किन्तु पिला देता हाला,
स्वयं नहीं छूता, औरों को, पर पकड़ा देता प्याला,
पर उपदेश कुशल बहुतेरों से मैंने यह सीखा है,
स्वयं नहीं जाता, औरों को पहुंचा देता मधुशाला।

मैं कायस्थ कुलोदभव मेरे पुरखों ने इतना ढ़ाला,
मेरे तन के लोहू में है पचहज़्ज़्लत्ल्हार प्रतिशत हाला,
पुश्तैनी अधिकार मुझे है मदिरालय के आँगन पर,
मेरे दादों परदादों के हाथ बिकी थी मधुशाला।

बहुतों के सिर चार दिनों तक चढ़कर उतर गई हाला,
बहुतों के हाथों में दो दिन छलक झलक रीता प्याला,
पर बढ़ती तासीर सुरा की साथ समय के, इससे ही
और पुरानी होकर मेरी और नशीली मधुशाला।

पित्र पक्ष में पुत्र उठाना अर्ध्य न कर में, पर प्याला
बैठ कहीं पर जाना, गंगा सागर में भरकर हाला
किसी जगह की मिटटी भीगे, तृप्ति मुझे मिल जाएगी
तर्पण अर्पण करना मुझको, पढ़ पढ़ कर के मधुशाला।

# બટાટાવડા-પ્રધાન

• ઉર્વીશ કોઠારી

ઈશ્વરની જેમ, બટાટાનાં કે ખાનપાનપ્રેમીઓના મતે, બટાટાની જેમ ઈશ્વરનાં, અનેક સ્વરૂપ છે. જેને જે સ્વરૂપ ભાવે-ફાવે-સદે-પચે, એ સ્વરૂપને તે ભજે : બટાટાનાં જુદાં જુદાં શાક, ફ્રેંચ ફ્રાય કહેવાતી ચીપ્સ, કાતરી, વેફર, શેકેલા 'બાર્બિક્યૂ' બટાટા, બટાટાની સેવો, બટાટાના પાપડ, બટાટાનાં ભજિયાં, બફ, બટાટાવડાં ...

ઈશ્વરની બાબતમાં 'સર્વધર્મ સમભાવ' સેવતા લોકો કરતાં બટાટાની સર્વ વાનગી માટે સમભાવ રાખનારાની સંખ્યા ઘણી વધારે છે. ઘણા લોકો ઈશ્વરની જેમ બટાટામાં - એટલે કે બટાટા ખાવામાં - બિલકુલ માનતા નથી. પરંતુ એવા બટાટા-નાસ્તિકોને લીધે બટાટાનો ઈશ્વરીય દરજ્જો દૃઢ થાય છે, એમ કહેવામાં ખોટું નથી. બટાટાની લીલાનો આટલો વિસ્તાર જોતાં, લગભગ દરેક વિષયોમાં અધ્યાપકો કે જગ્યાની પરવા રાખ્યા વિના યુનિવર્સિટીઓ ખોલી નાખનાર ઉત્સાહી રાજ્ય સરકારે હજુ સુધી 'બટાટા યુનિવર્સિટી' કેમ ખોલી નથી, એની નવાઇ લાગે છે. 'વિશ્વની પહેલી અને એક માત્ર - શ્યામાપ્રસાદ મુખર્જી બટાટા યુનિવર્સિટી' - આ વાંચતાં જ ગુજરાત-ગૌરવથી રૂંવાડાં ઊભાં નથી થઈ જતાં?

'બટાટાની કઇ વાનગી સૌથી સારી?' એવો સવાલ શ્રીકૃષ્ણનું કયું સ્વરૂપ સૌથી સારું, એ પ્રકારનો છે. જેવી જેની શ્રદ્ધા. છતાં, યુનિવર્સિટી ઓફ સાઉથ ઝુમરી તલૈયાના એક અભ્યાસ પ્રમાણે, બટાટાવડાંનું સ્થાન સૌથી વિશિષ્ટ છે. વિખ્યાત નવલકથાકાર અશ્વિની ભટ્ટે એક વાર રમૂજમાં બટાટાવડાંની દુકાન ખોલવાની અને તેનું નામ 'વડા પ્રધાન' રાખવાની તોફાની ઇચ્છા વ્યક્ત કરી હતી. એક જમાનામાં કોંગ્રેસ જેમ કોઇના ટેકા વિના, પોતાના બળે સરકાર રચી શકતી હતી તેમ, બટાટા-વડાં એક ટંક ભોજનમાં એકલાં ચાલી જતાં હતાં. નવી પેઢીના લોકોને માત્ર કોંગ્રેસની સરકાર કે જમવામાં એકલાં બટાટા-વડાં - બન્ને ખ્યાલ નવાઈભર્યા લાગે છે.



ઉર્વીશ કોઠારી

કોઇ પણ વાનગીને તેનાં મૂળ અને સર્જનપ્રક્રિયા થકી તપાસવા ટેવાયેલા લોકો કહેશે, 'બટાટા-વડાં? એમાં કંઇ નથી. એ બનાવવાં બહુ સહેલાં છે. બટાટા બાફી દેવાના. એમાં મસાલો કરવાનો, એના ગોળા બનાવવાના ને ખીરામાં બોળીને તળી કાઢવાના.' સહેજ વિચારતાં જણાશે કે આ પદ્ધતિથી કોઇ પણ વાનગીની ફરતે રહેલું તેજવર્તુળ કે તેના સ્વાદમાં છૂપાયેલું રહસ્ય ઉતારી પાડી શકાય છે. એટલે જ, ઘણા લોકો આ પ્રકારના જ્ઞાન કે વર્ણનથી પ્રભાવિત થતા નથી. ખાણીપ્રેમીઓના એક વર્ગની ફિલસૂફી વધારે સીધી ને પારદર્શક છે. તેમને સ્વાદ સિવાય બીજા કશામાં રસ પડતો નથી. એટલે તે કહે છે,'બટાટા-વડાં? એમાં કંઇ નથી. દુકાને જઇને કહેવાનું એક અઢીસો બટાટા-વડાં. એટલે બે જ મિનિટમાં બટાટા-વડાં તૈયાર.'

બટાટા-વડાં આરોગવાથી માંડીને મારામારી સુધીના કામમાં લાગે એટલા જુદા જુદા કદમાં મળે છે. કેટલીક દુકાનોનાં બટાટા-વડાં જોઈને એવી શંકા જાય કે આ તોપના અવગતે ગયેલા ગોળા તો નહીં હોય? બટાટા-વડાંનો દેખાવ બટાટાનાં ભજિયાં જેવો 'સ્લીમ એન્ડ ટ્રીમ' નહીં, પણ કોઈ ફિલ્મના ખાસ રોલ માટે વજન વધારનાર હીરો કે હીરોઇન જેવો, હર્યોભર્યો હોય છે. ગોળાઈ, હૃષ્ટપુષ્ટતા, વજન આ બધું બટાટા-વડાંની અસ્મિતા ગણાય છે. આધુનિક બટાટા-વડાંને ડાયેટિંગ કરીને બટાટાનાં 'પતરી' ભજિયાં જેવા બનવાનું મન થાય છે કે નહીં, એ સંશોધનનો વિષય છે. પણ ઘણા પતરી જેવા માણસો બેફામપણે બટાટા-વડાં જેવી તળેલી ચીજોનું સેવન કરીને વડા જેવો આકાર ધારણ કરે છે. કમ સે કેમ, તેમના કુટુંબીજનોને તો એવું જ લાગે છે. બટાટા-વડાંની ફરાળી આવૃત્તિ જેવાં બફ રંગે, રૂપે, સ્વાદે તેમ આકારમાં પણ પોતાના નાના કદથી જુદાં તરી આવે છે. ભૂખ્યા રહેવા જેવા અઘરા રસ્તે વ્રત-ટાણાં ન કરી શકતા લોકો માટે બફ ઈશ્વરીય દેન જેવાં છે. કારણ કે બફ ખાનારના મનમાં આપોઆપ ઉપવાસી હોવાનો કે અગિયારસ કરી હોવાનો ભાવ પેદા થાય છે. મહત્ત્વ આખરે ભૂખમરાનું છે કે ભાવનું?

આકારની જેમ બટાટા-વડાંના સ્વાદમાં ઘણું વૈવિધ્ય હોય છે. કેટલાંક બટાટા-વડાં એટલાં ગળચટ્ટાં હોય છે કે તેમને ચાસણીમાં ઝબોળી દઈએ તો સફેદ (અને બટાટાનાં) ગુલાબજાંબુ તરીકે સહેલાઈથી ખપાવી શકાય. અમુક પ્રકારનાં બટાટા-વડાંનો મસાલો એટલો તીખો હોય છે કે સીધાસાદા ખાનારને 'ભૂલથી મરચાંનાં વડાં તો નહીં આવી ગયાં હોય?' એવો શક પડે. કેટલાંક ઘરેલું બટાટા-વડાંમાં લીલા મરચાંના ટુકડા, ધાણા કે દ્રાક્ષ શોધી શકાય છે, પણ ચટાકાભર્યો સ્વાદ શોધવાનું અઘરું પડે છે. અમુક માણસો જેમ અમુક જ કંપનીમાં ચાલે-નભે (એ સિવાય બહાર ક્યાં ય ન ચાલે) તેમ આ પ્રકારનાં બટાટા-વડાં કેચઅપ કે ચટણીની કંપનીમાં જ ચાલી શકે છે.

બટાટા-વડાંના સ્વાદમાં ભજિયાં જેવું વૈવિધ્ય કે ચટાકો કે વર્ગભેદની ભાષામાં કહીએ તો 'ડાઉનમાર્કેટ ટચ' નહીં, પણ એક પ્રકારનું ઠરેલપણું અને ઘરેલુપણું છે. તેને કેટલાક સ્વાદશોખીનો ફિક્કાશ કહીને ઉતારી પાડતા હોય, તો પણ એ જ ગુણધર્મ બટાટા-વડાંને 'ઘરની આઇટેમ' જેવી સાત્ત્વિકતા પ્રદાન કરે છે અને તેને ઘરની થાળીમાં માનભર્યું સ્થાન અપાવે છે. ભજિયાં લોકો હોંશે હોંશે ઝાપટે છે ખરા, પણ તેને મુખ્ય થાળીમાં સામેલ થવાનું ગૌરવ ભાગ્યે જ મળે છે.

બમ્બૈયા હિંદીની જેમ કે મુંબઈની શિવસેના-ભાજપ યુતિની જેમ, બટાટા-વડાંની પાંઉ સાથે યુતિથી રચાયેલું 'વડાપાંઉ' સ્વરૂપ પણ ગુજરાતમાં લોકપ્રિય છે. વડાપાંઉના સંયોજનમાં મુખ્ય સ્થાન અને મુખ્ય સ્વાદ વડાંનો છે. છતાં, વડાપાંઉનાં પ્રેમીઓને એકલાં બટાટા-વડાંમાં 'વો બાત' લાગતી નથી. પાંઉ પર ઉમેરાતી તીખી ચટણીઓ, ગુજરાતની સમૃદ્ધિના પ્રતીકરૂપે કોઈ પણ વાનગીની જેમ વડાપાંઉના પાંઉમાં પણ ઉમેરાતું બટર - આ બધાને લીધે બટાટા-વડાંનું, ટેકનોલોજીની પરિભાષામાં, અપગ્રેડેશન થયું હોય એવું લાગે છે. વડાપાંઉ સિલિકોન વેલીમાં શોધાયાં હોત તો તેને કદાચ 'બટાટા-વડાં ૨.૦' કહેતા હોત અને અમદાવાદમાં મળતાં વડાપાંઉ 'વડાં ૨.૫' ગણાયાં હોત.

ગુજરાતમાં બટાટા-વડાંને બદલે વડાપાંઉનું ચલણ વધવા લાગ્યું ત્યારે કેટલાક સમાજશાસ્ત્રીઓને તેમાં શિવસેનાના કાવતરાની ગંધ આવી હતી. શું ગુજરાતી વાનગીનાં પ્રતીક જેવાં બટાટા-વડાં લોકહૃદયમાંથી તેમનું સ્થાન ગુમાવી દેશે? અને તેના સ્થાને 'એન્ગ્લો-ઇન્ડિયન' વાનગી જેવાં વડાપાંઉ કબજો જમાવી દેશે? પાંઉના વિદેશી કુળ વિશે ઘણા લોકોના મનમાં શંકા જાગી હશે ને બટાટા-વડાંની ઓળખ ભૂંસાઇ જવાના સવાલ ઉભા થયા હશે. પરંતુ ચાઇનીઝ ઢોંસા જેવી ક્રાંતિ સામે વડાપાંઉમાં 'પ્રયોગ' કે 'નવીનતા' ક્યાંથી લાગે? ઉલટું, વડાપાંઉને 'લારીની આઇટેમ' ગણી કાઢવામાં આવી. ગુજરાતમાં ફક્ત બટાટા-વડાં વેચતી હોય અને સાથે પાંઉ ન રાખતી હોય એવી લારી કે દુકાનો હવે ઓછી થતી જાય છે. મેકડોનાલ્ડ જેવી કંપનીઓએ હજુ સુધી ભજિયાં - બટાટા-વડાંમાં ઝંપલાવ્યું નથી કે પિત્ઝા હટની જેમ 'વડાં હટ'ના ચેઇન સ્ટોર ખુલ્યા નથી. ત્યાં સુધી બટાટા-વડાંની રાષ્ટ્રીય ઓળખ સામે કોઈ ખતરો નથી. છતાં સલામતી ખાતર બાસમતી ચોખાની જેમ બટાટા-વડાંના પેટન્ટ કરાવી લેવા હોય તો હજુ મોડું થયું નથી.

(સૌજન્ય : http://www.urvishkothari-gujarati.blogspot.com/)

e.mail : uakothari@yahoo.com

•••••••••

જ્ઞાનને પેલે પાર જે પડ્યું છે એ વિશેનું અજ્ઞાન એ જ જ્ઞાન.

જ્ઞાન હંમેશાં અપૂર્ણ હોય છે.

**- રમણ મહર્ષિ**

# એવૉન તારાં વહેતાં પાણી

• ઋતુલ જોશી

બહુ વખત પહેલાની વાત છે, બ્રિસ્ટલ નામનું એક બંદર હતું. જે એવૉન નદીના પટ પર રહેતું હતું, જેમ સત્તરમી સદીનું પ્રખ્યાત સુરત બંદર તાપી નદીના પટ પર રહે છે તેમ. સત્તરમી સદીના સુરત અને પંદરમી સદીના બ્રિસ્ટલમાં ઘણી સામ્યતાઓ હતી અને સમુદ્રમુખે હોવાની એક સરખી ભૌગોલિક સ્થિતિ પણ. ઔદ્યોગિક ક્રાંતિના પહેલાના સમયમાં બ્રિસ્ટલ ઈંગ્લેન્ડનું લંડન પછીના મોટા શહેરોમાં ગણાતું હતું. તેના ભૌગોલિક સ્થાનને લીધે ઈંગ્લેન્ડ-અમેરિકી સંસ્થાનો અને આફ્રિકી સંસ્થાનો વચ્ચે થતાં ત્રિકોણીય વ્યાપાર, ગુલામોની ખેપો વગેરે બ્રિસ્ટલથી થતી. ઔદ્યોગિક ક્રાંતિ પછી લિવરપુલ, બર્મિંગહામ અને માન્ચેસ્ટરનો વિકાસ ઝડપી થયો, પણ ગુલામીની પ્રથા બંધ થવાથી અને બ્રિસ્ટલ બંદરનો વ્યાપાર ઓછો થવાથી બ્રિસ્ટલનો આર્થિક વિકાસ તે શહેરોની સરખામણીમાં ઓછો થયો. જો કે બ્રિસ્ટલનું મહત્ત્વ ઈંગ્લેન્ડના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારના વેપાર, કળા-સંસ્કૃતિ, રોજગાર, શિક્ષણના કેન્દ્ર તરીકે યથાવત્ રહ્યું છે.

બ્રિસ્ટલ નામ એ શહેર કરતાં વધુ જાણીતું છે. યુ.એસ-કેનેડામાં મળીને બ્રિસ્ટલ નામ સાથે સંકળાયેલી ત્રીસ-પાંત્રીસ જગ્યાઓ છે. બ્રિસ્ટલ શહેર સિવાય 'બ્રિસ્ટલ' નામ હોટેલ, કાર, સિગારેટ કે તમાકુ વગેરે સાથે જોડાતું રહ્યું છે. જેનું કારણ આ શહેરનો બંદર તરીકેનો ઈતિહાસ અને અહીંના જાણીતા ઉદ્યોગ કેન્દ્રો છે. ભારતમાં જાણીતી 'બ્રિસ્ટોલ' નામની સિગારેટ બ્રાન્ડનું નામ પડવાનું કારણ અહીંનો તમાકુનો વેપાર હોઈ શકે. 'વિલ્સ' કંપનીની સ્થાપના બ્રિસ્ટલમાં થઈ હતી. તેના મુખ્ય મથક સમું મકાન આજે 'ટોબેકો ફેક્ટરી'ના નામે ઓળખાય છે અને તેના નવીનીકરણ બાદ ત્યાં એક સાંસ્કૃતિક કેન્દ્ર છે. આ મકાનમાં અત્યારે થિયેટર, રેસ્ટોરેન્ટ, માર્કેટ વગેરે આવેલાં છે. તે સિવાય, બ્રિસ્ટલમાં લક્ઝરી કાર બનતી અને વિમાન બનાવવાની ફેક્ટરી તો અત્યારે પણ છે. વળી, એવૉન નામ પણ પ્રખ્યાત છે. ઈંગ્લેન્ડમાં જ આ નામની મૂંઝવણ પેદા કરે તેટલી નદીઓ છે, જેમ કે શેકસપિયરના જન્મસ્થળનું નામ 'સ્ટ્રેટફર્ડ-અપોન-એવૉન' (એટલે કે એવૉન પર આવેલું સ્ટ્રેટફર્ડ) છે, પણ તે એવૉન નદી બ્રિસ્ટલની એવૉન કરતા જુદી છે.

કોઈ પણ શહેરને તેમાં મળતા પિક્ચર પોસ્ટકાર્ડ પ્રમાણે તો નિરૂપી જ શકાય કે જેમાં શહેરના જાણીતા લેન્ડમાર્ક હોય, ગ્લાસ કે મેટલના ચમકારાવાળાં મકાનો કે પરંપરાગત સ્થાપત્ય હોય. આવા ચિત્તાકર્ષક, મોહક અને સુપાચ્ય શહેરની પોસ્ટકાર્ડ આવૃત્તિ સિવાયનું એક શહેર હોય છે, જીવતું-જાગતું-ધબકતું, શહેરના પેટાળમાં આવેલું શહેર, છુપાયેલું છતાં છતું અને થોડું શોધવાથી જડી જતું શહેર. બ્રિસ્ટલની ભૂગર્ભ કે સમાંતર સંસ્કૃતિ, સ્ટ્રીટ આર્ટ, સ્વયંફૂર્ત ઘટનાઓમાં મને ખૂબ રસ પડે છે. પશ્ચિમી સભ્યતાની ઔપચારિકતા, આયોજનબધ્ધતા, વ્યવસ્થાપન સામે તે તુલનાભેદ તો પૂરો પડે જ છે પણ સાથે સાથે પેલી ઔપચારિકતાઓ અને સમાજની રૂઢિચુસ્તતા સામે બંડ પોકારીને પડકાર ઊભો કરે છે. આગળ આ બ્લોગમાં 'સ્ટ્રીટ આર્ટ - હાંસિયામાં જીવતું મૂક આંદોલન' વિષે લખી ચૂક્યો છું. તેનાથી આગળ આજે બ્રિસ્ટલમાં લટાર મારતા તેની સમાંતર સંસ્કૃતિ અને સ્ટ્રીટ આર્ટ કેવી રીત મળી આવે છે તેની વાત કરીએ.

પાનખરમાં લટાર મારવાની મજા અલગ છે. ફૂટપાથો પર પીળાં-ભૂખરાં પાંદડાઓની જાજમ બિછાવી હોય, મંદ-મંદ પવન અને છૂટાં-છવાયા વાદળો વાળું આકાશ. ક્યારેક એવું લાગે કે કવિતાઓ, લલિત-નિબંધો અને જાહેર સ્મૃતિમાં વસંતને વધારે પડતું મહત્ત્વ મળે છે અને પાનખરને વધુ પડતો ફટકાર. ઉત્તર ગોળાર્ધના પશ્ચિમી દેશોમાં પાનખર ઋતુ બહુ સુંદર હોય છે, પ્રેમમાં પડી શકાય તેવી. બાકી શિયાળામાં તો ઉદાસ થવાની અને જિંદગી શાબ્દિક અર્થમાં બેરંગ થવાની શક્યતા વધુ હોય. એક મિત્રના કહેવા પ્રમાણે શિયાળામાં લોકો કાળાં-ભૂખરાં, પગથી માથાં સુધીનાં, કપડાં પહેરીને, એક-બીજા સાથે વાત કર્યા વિના, નીચું ઘાલીને, ફરતાં હોય છે, જયારે વસંત-ગ્રીષ્મ-પાનખરમાં લોકોનો ઉત્સાહ અલગ હોય છે. બહુ માની ન શકાય તેવી વાત છે કે કોઈક દિવસ તમે અકારણ ખુશ થઈ જાઓ અને પછી ખબર પડે કે 'ઓહો, તડકો ખીલ્યો છે'. પશ્ચિમી દેશોમાં આ ચારેય ઋતુ બહુ જ સાતત્યતા અનુભવી શકાય છે. બાકી કર્કવૃત્તના પડોશમાં રહેતા આપણને બે-અઢી ઋતુઓનો અનુભવ ક્યાં નથી, કે જેમાં બે ભાગમાં ઉનાળો હોય.

લટાર મારવા કે ચાલવા જવા માટે ચાલવાલાયક વાતાવરણ હોવું જરૂરી છે, યાંત્રિક વાહનોના વધતા જતા આધિપત્ય વખતે તો ખાસ. ચાલવું કે લટાર મારવી એ અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ 'latent demand' (સુપ્ત કે અપ્રગટ માંગ) હોય છે. એવી માંગ કે જે હંમેશાં હોય જ છે અને જો તેને પૂરવઠો (અહીં ચલાવાલાયક વાતાવરણ) મળે તો જ તે માંગ પ્રગટ થાય છે. મરીઝના શેરોની સાથે અળવીતરાઈ કરવાની પરંપરા જાળવી રાખીએ તો - 'પૂરતો નથી ચાલવાનો આનંદ ઓ ખુદા, મરજી મુજબની થોડી ફૂટપાથ હોવી જોઈએ.' રસ્તાની સાથે ચાલવાલાયક ફૂટપાથ હોય તો રાહદારીઓ અને રાહદારીઓની 'ચલાયમાન' સંસ્કૃતિનો ઉદય થાય છે, રસ્તાઓ મજાના લાગે છે અને તેની અરસપરસ કૈંકને કૈંક બનતું રહે છે. ભારતીય શહેરોને જયારે 'વર્લ્ડ-ક્લાસ' બનાવવાની વાત કરીએ છીએ ત્યારે હોંગકોંગ-ન્યુયોર્ક જેવા ઊંચા કાચઘર કે લંડન જેવા મેટ્રો(અન્ડરગ્રાઉન્ડ)ની વાત થાય છે, પણ આ શહેરો જેવી ફૂટપાથોની કે ચાલવાલાયક વાતાવરણની જમીનની વાત નથી થતી. અઘરી વાતો કરવામાં સહેલી અને પાયાની વાત ભૂલાઈ જાય છે. ટૂંકમાં, ફૂટપાથ હોય તો ચાલવાનું મન થાય, ચાલવાનું મન થાય તો ચાલવા જવાય, ચાલવા જવાય તો નીચે પ્રમાણેના ફોટા પાડવાનું મન થાય.

**બ્રિસ્ટલમાં સ્ટ્રીટ આર્ટ**

બ્રિસ્ટલ શહેરની મધ્યમાં (સિટી સેન્ટર નજીક) સ્ટોક્સ ક્રોફ્ટ નામનો વિસ્તાર આવેલો છે. જે બ્રિસ્ટલના સ્ટ્રીટ આર્ટ (અર્બન આર્ટ) સહિતની કલાઓનું ધામ ગણાય છે. સ્વતંત્ર-મિજાજીથી તુંડમિજાજી સુધીની રેન્જ ધરાવતા કલાકારોનો આ વિસ્તાર છે. આ વિસ્તારમાં લગભગ દરેક દીવાલ રંગ-બેરંગી જોવા મળે છે. જાત-જાતની દુકાનો, કેફે વગેરે છે, કોઈક સ્થાનિક વસ્તુઓને કે પરંપરાગત ખાન-પાનને કે પછી 'ફેર ટ્રેડ'ને ઉત્તેજન આપે છે. (Fair Trade એટલે જ્યાંથી વસ્તુઓ આયાત થઈ હોય ત્યાંના સ્થાનિકોનું કોઈ રીતે શોષણ ન થાય તેવી ખાતરી રાખતો વ્યાપાર). અહીંની સ્થાનિક જનતા સંગઠિત છે અને આ વિસ્તારને 'વિકસિત' કરવા માટે સભાન છે. આ મારા મત મુજબનું વર્ણન છે. પહેલી નજરે આવા વિસ્તારને 'હિપ્પીઓની જમાત' અને બીજા વિસ્તારોની સરખામણીમાં 'પછાત કે વંચિત' કહી શકે છે. તમે નીચે દોરેલા ભીંતચિત્રો પરથી કહી શકો કે આ વિસ્તાર અંગે તમે શું ધારવા માંગો છો. બધા જ ફોટોગ્રાફ્સ ૫મી નવેમ્બર, ૨૦૧૧ના રોજ લીધેલા છે.



બ્રિસ્ટલમાં સ્ટ્રીટ આર્ટ સૌથી વધારે આ વિસ્તારમાં જોવા મળે છે, પણ સાથે સાથે તેનો ફેલાવો શહેરભરમાં છે. આ વેબસાઈટ એક સારું કેટેલોગ પૂરું પાડે છે. તેની ઉપરના આ નકશા પરથી ખબર પડશે કે બ્રિસ્ટલી મોરલાઓ ક્યાં ક્યાં કળા કરી આવ્યા છે અને તેનો ફેલાવો શું છે. સ્ટ્રીટ આર્ટ એ સતત ગતિશીલ, સતત બદલાતી કળા છે. તેને સંઘરવી અઘરી છે અને તેનું સચોટ દસ્તાવેજીકરણ પણ અઘરું છે. બસ, તમારી 'આંખ ઠારે એ કળા' અને 'જ્યાં ભાવક ત્યાં કળા'ની ફિલસૂફી પર આધારિત બધું સ્ટ્રીટ આર્ટનું કામ-કાજ હોય છે.




(Cultural Quarter)



(Stocks Croft)




(PRSC/Croft, Here PRSC means 'Peoples Republic of Stokes Croft')




(Frozen music Gallery - building with stone instead of sound)




(Truth and Beauty)




(Street music along with street art: the painting on the wall read as 'work...buy...consume...die')

ઈંગ્લેન્ડના શહેરોમાં એક બીજો અનેરો અનુભવ છે, સ્ટ્રીટ મ્યૂઝિક. રસ્તે ચાલતા આવા સ્થાનિક સંગીતકારો મળી આવે જે વાતાવરણને સુરાવલીઓથી ભરી દે છે. મેં ક્યારે ય કોઈના સંગીતમાં 'માંગવાનો' સૂર નથી જોયો પણ 'ખુશ કરવાનો' સૂર હંમેશાં જોયો છે. સંગીત એ અર્બન આર્ટનું બીજું મહત્ત્વપૂર્ણ પાસું છે, પણ તે વિષે આખી પોસ્ટ વળી ક્યારેક …

લટાર મારતાં નીચે ફોટામાં દર્શાવેલ યુવાન કલાકારનો ભેટો થઈ ગયો. આ કલાકારોને પોલિસથી સ્વાભાવિક રીતે જ આડવેર હોય. મેં પૂછ્યું કે, 'તમારો ફોટો લઉં?' તો કહ્યું કે, ' એક મિનિટ, મને મારું હૂડ પહેરી લેવા દો'. પછી આ ફોટો પડ્યો. યુ.કે. માં સીસીટીવી સંસ્કૃતિ બહુ વિકસેલી છે. સીસીટીવી સંસ્કૃતિ એટલે એવી પરિસ્થિતિ કે ક્લોઝ સર્કીટ કેમેરા લગાવવાથી હૈયે ધરપત લાગે અને પોલિસ મોટાભાગના ગુના સીસીટીવીથી ઉકેલતી હોય. એક મિત્રના કહેવા પ્રમાણે 'આખો દેશ બીગ બ્રધરના (બીગ બોસનું મૂળ સંસ્કરણ) સેટ જેવો લાગે છે'. નીચે પ્રમાણે આ મિત્રને તેના કળા-પ્રદર્શનના કામમાં મૂકીને આગળ વધ્યો. બે-ત્રણ કલાકે પરત આવતા તે કામ નીચે બતાવ્યા પ્રમાણે પૂરું થયેલું લાગતું હતું. જો કે વળી અઠવાડિયા પછી આ જ દીવાલ પર કૈંક નવું જ ચિતરામણ હતું.



(Artist at work)




(Revisiting the same spot after 2-3 hours, it was done!)

**બેન્ક્સીનું બ્રિસ્ટલ**




બેન્કસીના ઉલ્લેખ વગર બ્રિસ્ટલના સ્ટ્રીટ આર્ટની વાત પૂરી કરવી શક્ય નથી. ઉપરનું મ્યુરલ, બી.બી.સી.એ કરેલા સર્વે મુજબ, બ્રિસ્ટલના 'વૈકલ્પિક લેન્ડમાર્ક' તરીકે પહેલો નંબર આવ્યું છે. તે વિષેનો અહેવાલ અહીં. આ ચિત્રને બેન્કસીની શહેરને આપેલી ભેટ ગણવી કે પછી મહેણું કે પછી ખુલ્લી ઉશ્કેરણી? એક ટેડી બેઅર હાથમાં પેટ્રોલ બોમ્બ લઈને પોલિસની સામે થાય છે અને ઉપર શીર્ષક છે 'માઈલ્ડ માઈલ્ડ વેસ્ટ'. ક્યાં પરિપેક્ષમાં આ ચિત્ર છે તેની ખબર નથી એટલે તેની પર વધુ પિષ્ટ-પીંજણનો મતલબ નથી.



બેન્ક્સીના આ પ્રખ્યાત ભીંતચિત્ર વિષે આગળની પોસ્ટમાં વાત કરી ચૂક્યા છીએ. પણ તેનો પ્રત્યક્ષ ફોટો લેવાનો મોકો હમણાં જ મળ્યો. આ ચિત્રથી આગળ ચાલતા જઈએ તો બ્રિસ્ટલનું સિટી મ્યુઝિયમ અને આર્ટ ગેલેરી આવે. જેના અંદરના ભાગનું દ્રશ્ય નીચે પ્રમાણે છે. દુનિયાના સૌથી વિશાળ મ્યુઝિયમમાંના એક એવા લંડનસ્થિત બ્રિટિશ મ્યૂઝિયમ વિષે જોક છે કે 'તેમાં કંઈ પણ બ્રિટિશ નથી, બધું જ દુનિયાભરમાંથી આણેલું છે'. પણ તેમાં એક વાત સંપૂર્ણ રીતે બ્રિટિશ છે - પધ્ધતિસર માહિતી એકઠી કરવી, આર્કાઈવ બનાવવા, મ્યૂઝિયમ બનાવવા અને સાચવવા. આ એક કળા છે અને તેમાં બ્રિટિશ પ્રજાની માસ્ટરી છે. જો કે બીજા યુરોપીય સમજો બ્રિટનથી બહુ પાછળ નથી. બ્રિસ્ટલ મ્યૂઝિયમ એ કંઈ મહાન મ્યુઝિયમ નથી, પણ અહીં ઉછરતાં બાળકને સ્થાનિક ઈતિહાસની અને કળા-સંસ્કૃતિની સમજ આપવી હોય તો તેની શરૂઆત અહીંથી ચોક્કસ કરી શકાય. આવા ભારતના દરેક શહેરમાં તેના સ્થાનિક ઈતિહાસની સમજ આપતા અભિક્રમોની અઢળક ખોટ વર્તાય છે.



Bristol city museum and art gallery

૨૦૦૯ના વર્ષની મધ્યે બેન્ક્સીને બ્રિસ્ટલ મ્યૂઝિયમ-આર્ટ ગેલેરી દ્વારા એક પ્રદર્શન ભરવાનું આમંત્રણ મળ્યું. લોકોથી ઉભરાતી આ જગ્યાને રિપેરીંગના બહાના હેઠળ બંધ કરવામાં આવી. મ્યૂઝિયમના સી.સી.ટીવીમાં હૂડ કે માસ્ક




(Bristol Museum and Art Gallery's Poster: Banksy is no angel but he left us a present, discover his gift to Bristol inside)



પહેરેલો કલાકાર રાત-દિવસ કામ કરતો દેખાય છે અને આખરે જ્યારે આ ગેલેરી ખોલવામાં આવી ત્યારે જબરો લોકધસારો જોવા મળ્યો. આ પ્રદર્શનનું નામ સચોટ રીતે 'બેન્કસી વર્સીસ બ્રિસ્ટલ મ્યૂઝિયમ' રાખાવામાં આવ્યું. આજે આ પ્રદર્શન તો નથી પણ તેના અંગેના વીડિઓ અહીં અને અહીં જોઈ શકાશે. તેના ફોટોગ્રાફ્સ અહીં અને અહીં જોઈ શકાશે. બેન્ક્સીને કોઈ રોબીન હૂડ માને છે તો કોઈ પબ્લીસિટી-ભૂખ્યો ભાંગફોડિયો. જે માનવું હોય તે માની શકાય, પણ તેની અમુક-તમુક કલાકૃતિઓ સ્પર્શી જાય છે તેમાં કોઈ બે મત નથી. બ્રિસ્ટલની સ્થાનિક સરકાર અને વ્યવસ્થાપનને આખરે આ શહેરના આ બંડખોર કલાકારને યોગ્ય સન્માન અને પ્રદર્શન માટેની જગ્યા આપી છે. ટૂંકી દ્રષ્ટિએ જોઈએ તો આ સરકાર અને સ્થાપિત હિતોની ઠેકડી ઉડાડવાનું આમંત્રણ જ હતું, જે પ્રદર્શનમાં પ્રદર્શિત કૃતિઓથી સ્પષ્ટ છે. આજે આ પ્રદર્શન તો નથી પણ તેનો એક નમૂનો જરૂર હાજર છે. બાજુની બે તસ્વીરો જુઓ.

દેવદૂતની પ્રતિમા પર ગુલાબી રંગનું ડબલું ઢોળેલું છે અને તેનો ચહેરો છૂપાયેલો છે. આ બહુ સજ્જડ વિધાન છે અને જેના અનેક અર્થઘટનો શક્ય છે. સમાજના પરંપરાગત કળાના પ્રેમનો વિરોધ કે પરંપરાગત સૌન્દર્યશાસ્ત્રનો ઉપહાસ કે પછી દેવદૂતના 'પ્રતીક'ને વિઘટિત કરવાનો પ્રયત્ન કે પછી સ્વર્ગીય પત્રોની ક્ષુલ્લકતાનો પરચો વગેરે વગેરે. ટૂંકમાં, નવા અર્થો જન્માવે અને મનનાં ઊંડાણની મથામણ બહાર લાવે તે કળા.

**ઓક્યુપાય બ્રિસ્ટલ**



(Occupy Bristol protests in front of the Bristol cathedral and the council house)

ઓક્યુપાય વોલસ્ટ્રીટનો વાયરો અહીં પણ પહોંચ્યો છે. બ્રિસ્ટલના મુખ્ય દેવળ, કાઉન્સિલ ઘર સામે લોકો તંબૂ તાણીને બેઠા છે. આવું ઈંગ્લેન્ડના ઘણાં નાનાં-મોટાં શહેરોમાં જોવા મળ્યું છે. ૧% લોકોની રમત સામે ૯૯% લોકોનો આ ગુસ્સો છે. આવી ઝુંબેશોમાં બધું જ વ્યાજબી કે વખાણવાલાયક નથી હોતું. પણ ભારતના લોકપાલ આંદોલન, આરબ ક્રાંતિ, ઈંગ્લેન્ડના રમખાણ અને અમેરિકાની ઓક્યુપાય ઝુંબેશ - આમ તો આંદોલન, ક્રાંતિ, રમખાણ અને ઝુંબેશ વચ્ચે કોઈ સામ્યતા નથી - પણ હકીકત એ છે કે અલગ અલગ દેશોમાં પોતપોતાની વ્યાજબી કે ગેરવ્યાજબી માંગણીઓ લઈને કે ક્યારેક કોઈ સ્પષ્ટ માંગણી વગર લોકો રસ્તા પર છે. ઘાણું ખોટું છે અને ઘાણું બદલાવું જોઈએ તે વાત વ્યાપક છે. કઈ રીતે અને કેવી રીતે તે ઈતિહાસ જ કહેશે.

**નિર્દયી આશાવાદ - માણસ છો કે ગ્રાહક?**

પૉઝિટિવ બનો, પૉઝિટિવ વિચારો, કશું મન પર નહિ લો, બધું થવા દો, જુઓ, દુનિયા કેટલી સુંદર છે. you can win, તમે બધું સરસ કરી રહ્યા છો. પૉઝિટિવ વિચારોમાં શક્તિ છે, જીવનમાં કોઈ લક્ષ્ય રાખીને કામ કરો. બધું પ્લાનિંગ પ્રમાણે કરતા જાઓ. બધું સારું થઈ જશે. એમને એમ બેસી નહિ રહો, ઊભા થાઓ, દોડો, ખરીદો નહિ તો રહી જશો, છેલ્લી તક, જલદી કરો, દોડો દોડો. આવો મોકો ચૂકતા નહિ. જીવન એક સ્પર્ધા છે, જેમાં તમારે પહેલો નંબર

લાવવાનો છે, ઈતિહાસમાં કોઈ બીજા નંબર વાળાની વાત નથી કરતું, પહેલો નંબર, દુનિયા ઝૂકતી હૈ, ઝૂકાનેવાલા ચાહિયે, દરેક વાતમાં આટલું બધું વિચારવાનું નહિ, હવે થોડું ખોટું કરવું પડે તો કરવું પડે, તમે ખાવ-પીવો ને જલસા કરો. દોડો, ખરીદો નહિ તો રહી જશો ... છેલ્લી તક.



A Hoarding in Bristol - Run for the Olympics tickets in London.




એક એવો આશાવાદ હોય છે જે નિર્દયી હોય છે, ક્રૂર હોય છે, બેફિકર કે ભોળો હોય છે. કે પછી જો કાં તો નિર્દયી કે બેફિકર કે ભોળા બનીએ તો જ આશાવાદમાં રાચી શકાય. આવો આશાવાદ ઉપરના ફકરાના ઉદ્‌ગારોમાં વ્યક્ત થયો છે, જે વારંવાર સમાજમાં સંભાળવા મળે છે. આવા કદાચ ઉદ્‌ગારો સમય સાથે બદલાતા રહે છે, જેમ સમાજનાં મૂલ્યો બદલાય છે તેમ. ઉપરના ઉદ્‌ગારો બજારવાદ કે ઉપભોક્તાવાદ પ્રચલિત થવા સાથે આવતાં ઉદ્‌ગારો છે. હવે બધું જ વેચાણલાયક બની જાય છે અને લોકો ગ્રાહક. ભલે પછી તે શિક્ષણ હોય, કલાકૃતિ હોય, સ્વાસ્થ્ય હોય કે બીજું કંઈ. ખરીદો અને ખુશ રહો એટલે કે ખરીદી શકો તો ખુશ રહો. પશ્ચિમી સમાજમાં અને કદાચ ભારતમાં પણ, જો તમે નિરાશ હો, તો ખરીદી કરવા જાઓ - તેવું સૂત્ર વ્યાપક છે. અંદરથી ભાંગી પડતા સમાજ અને તેની સાથે આવતાં માનવ-સંબંધોના પ્રશ્નો વચ્ચે ખુશી-ખુશી જીવવું હોય, તો પછી નકરો આશાવાદ જ જોઈએ. પછી આ આશાવાદનું શ્રધ્ધાના બજારમાં આધ્યાત્મિકતાની ભેળસેળ કરીને વેચાણ કરતા ધર્મગુરુઓ આવે, 'સફળ થવાની ચાવી' આપતા મેનેજમેન્ટ ગુરુઓ આવે, તેમના ચેલા પણ આવે અને ખપે. 'આશાવાદ એ જ સત્ય અને જગત મિથ્યા' માનીને ચાદર લંબાવીને સૂઈ જાઓ. આવા આશાવાદને ઉપરના મ્યુરલમાં નામ મળે છે 'નિર્દયી આશાવાદ'. ઉપભોક્તાવાદ અને તેની સાથે આવતાં આશાવાદમાં પશ્ચિમી સમાજોનો પહેલો નંબર આવે, જો કે હવે ભારત પણ બહુ લાંબો સમય પાછળ રહે તેવું લાગતું નથી.




આ વર્ષે એપ્રિલ મહિનામાં સ્ટોક્સ ક્રોફ્ટમાં રમખાણ ફાટી નીકળ્યાં. અહીં રમખાણોનો અર્થ 'ટોળાં અને પોલિસ વચ્ચે થતી મારામારી અને તોફાન' એવો થાય છે 'બે ટોળાં વચ્ચે' નહિ, એ જાણ ખાતર. સ્ટોક્સ ક્રોફ્ટનાં તોફાનો પાછળનું કારણ હતું, આ વિસ્તારમાં ટેસ્કો નામના સુપર-માર્કેટની રિટેઇલ ચેઈન ધરાવતા સ્ટોરનું આગમન. અહીંના લોકોનું માનવું હતું કે આ વિસ્તારમાં ટેસ્કોના પ્રવેશવાથી સ્થાનિક વ્યાપાર-ધંધાને નુકસાન જશે. સ્વતંત્ર-મિજાજી કલાકારો અને સ્વપ્નશીલ ચળવળખોરોના રહેણાંક વિસ્તારમાં ગ્લોબલાઈઝેશન અને તેની સાથે આવતી ઠંડી ક્રુરતાના પ્રતીક સમા ટેસ્કોની હાજરી કેવી રીતે હોઈ શકે? આ અંગે તો વિસ્તૃત અહેવાલ અને એક વીડિયો અહીં જોઈ શકાશે. બે રાતના તોફાનો અને હિંસક-અહિંસક દેખાવોનો કરુણ અંત આવે છે. ટેસ્કો બે મહિના પછી પોતાનો સ્ટોર ખોલે છે અને કહે છે કે સ્થાનિક વિસ્તારના 'નવીનીકરણ' માટે અને તેમાં મૂડી આકર્ષવા માટે તેઓ કટિબદ્ધ છે. ટેસ્કો સ્ટોરની લગભગ સામેના મકાનની બાજુની દીવાલ પર ઉપરનું ભીંતચિત્ર આવેલું છે, જે 'ટેસ્કો સામેના યુદ્ધ'ની યાદ અપાવે છે. સિટી કાઉન્સિલના સભ્યો અને શહેરી વિકાસ સાથે સંકાયેલા લોકો ખાનગીમાં માને છે કે કાયદાકીય ગૂંચનો ફાયદો લઈને આ સ્ટોરને મંજૂરી મળી છે અને સૈદ્ધાંતિક રીતે સ્થાનિક લોકોનો વિરોધ હોય તેવી પ્રવૃત્તિઓ તે વિસ્તારમાં નહિ થવી જોઈએ.

બ્રિસ્ટલમાં હરતાં-ફરતાં, લટાર મારતાં ઘણી તસવીરો ખેંચી છે, સ્થાનિક કળા, રાજકારણ અને સામાજિક સમસ્યાઓની ઝાંખી થઈ છે, પાનખરનો વૈભવ અને શરદની શરૂઆત જોઈ છે. એક સુંદર શહેરની ભૂતળ જોઈ છે, તેનો રોજેરોજનો ઈતિહાસ અને રોજેરોજની ક્રાંતિ જોઈ છે. એવૉનનાં વહેતાં પાણીની જેમ, આ પ્રવાહો સમયાંતરે બદલાશે, ઋતુઓ બદલાશે, દીવાલો બદલાશે, ભીંતચિત્રો બદલાશે, કલાકારો બદલાશે, પણ કળા અને લટારો જીવતી રહેશે તેવી આશા સહ ...

ગુરુવાર, 10 નવેમ્બર, 2011

**(સૌજન્ય : http://charkho.blogspot.com/)**

e.mail : joshirutul@gmail.com

•••••••••••••••••••

**મેં કહ્યું**
**'આજે કંઈ વાંચ્યું-લખાયું નહિ**
**દિવસ આખો નકામો ગયો.**
**તેં શું કર્યું?'**
**તે બોલી**
**'મેં તો બબુનાં બટન ટાંક્યા**
**તમને ભાવતું શાક બનાવ્યું,**
**બગીચામાં વેલ પરનાં પીળાં પાંદડાં ખંખેર્યાં**
**રોટલી શેકતી વખતે તેની ગંધ સૂંઘી**
**પાછળ કૂંડીના નળ પાસે પોપટ સાંભળ્યા**
**અમથી ઘડીકવાર બેઠી**
**અને તમારી રાહ જોઈ'.**

**– યજ્ઞેશ દવે, 'અંદર ખૂલતા દરવાજા' કાવ્યસંગ્રહમાંથી**

# વિકિપીડિયા : માહિતીને મળ્યો 'મિડાસ ટચ'

• રમેશ બાપાલાલ શાહ

નાનપણમાં ગુજરાતી સિવાય કોઈ ભાષાની સમજ ન હતી. રાજસ્થાની અને પંજાબી આડતિયા વેપારીઓ અમારે ત્યાં આવતા અને ન સમજાય તેવું ફટાફટ બોલતા. ... અમારી દુકાન પર રોજ બપોરે એક સુઘડ વેશધારી બાવો આવતો. શુદ્ધ સ્વરે અને લાંબા ચીપિયાના તાલે એ સંસ્કૃતના શ્લોક લલકારતો, અને પછી હિંદીમાં ઘણું બધું બોલતો. પિતાશ્રી કામ મૂકીને એને સાંભળતા. બીજા ઘણા માંગવા આવતા તેમને એક એક પાઈ મળતી, જ્યારે આ બાવાજીને રોજ એક પૈસો આપતા. (૧રૂપિયા=૧૬આના=૬૪પૈસા =૧૯૨ પાઈ) મને કહેતા કે આ બાવાજી દસ ભાષાઓ બોલી જાણે છે. વળી પર્યુષણના દિવસોમાં વ્યાખ્યાનમાં એવું સાંભળતો કે ભગવાન દેશના(પ્રવચન) આપે ત્યારે આ પૃથ્વી પરના બધાં જીવો તે સાંભળવા આવે. દરેકને જાણે કે ભગવાન તેમની ભાષામાં સંભળાવતા એવું બને ! મને પ્રશ્ન થતો કે આ કેમ બને ? શું આ જાદુ હશે ?

અલાદીનના જાદુઈ ચિરાગ વિષે તો છેક બાળપણથી જાણ છે. 'માગો તે મળે' એવી તેની ખૂબી ! એ વયમાં તો એકએકથી ચડિયાતી, બાળમનની બાલિશ અને તરંગી કલ્પનાઓ સાકાર કરવા આવો ચિરાગ મળી જાય તો કેવું સારું, એમ થયા કરતું હતું.

એ તો સપનું હતું અને સપનું જ રહ્યું.




હવે મારી જૈફ વયે મારા હાથમાં કોઈ 'આલા દિલ' આવીને આવો ચિરાગ મૂકી ગયું છે !

જિમ્મી વેલ્સ(૧૯૬૬) નામના પાંત્રીસ વર્ષના આ આલા દિલ નવલોહિયા ફરિસ્તાએ ઈ.સ. ૨૦૦૧માં પોતાની નાજુક ટચલી આંગળીએ માહિતીનો મસમોટો પહાડ ઊંચકવાની ચેષ્ટા કરી. ગાંડપણ લાગે એવી ધૂન ફળી અને આજે એને ૨૧ કરોડ લોકોએ સાથ પુરાવી 'વિકિપીડિયા' નામનો એ ગોવર્ધન ઊંચકવા ટેકો કર્યો ! અમેરિકન લેખિકા એન રૅન્ડની વિખ્યાત નવલકથા 'ફાઉન્ટનહેડ'નું મુખ્ય પાત્ર 'રોઆર્ક' એ જિમ્મીનો આદર્શ છે.

વિકિપીડિયાએ દસ વર્ષ પૂરા કર્યા, એની શાનદાર ઉજવણીની તૈયારીઓ અત્યારે ધમધમી રહી છે. આજે દુનિયાભરના કરોડો લોકો આ સુવિધાનો લાભ લઈ રહ્યા છે. વળી વિકિપીડિયાના લેખોમાં તેની માહિતીની સચ્ચાઈ પર પૂરો ભાર આપવામાં આવે છે. જે કોઈ માહિતી મૂકી હોય તેનો આધાર શું છે તેનો પણ ઉલ્લેખ સાથે હોય. ચિત્રો/નકશા વગેરે કોપીરાઈટ ફ્રી આપીને ગમતાંનો ગુલાલ કરે ! એટલે તો કોઈ પણ વિષયની જાણકારી માટે આપણે ગુગલ પર જઈએ તો સંખ્યાબંધ વિકલ્પોમાં તે વિકિપીડિયાને મોખરે મૂકે છે. ગ્રીક રાજા મિડાસની જેમ જિમ્મીએ હાથ લગાડ્યો તે સોનું બની ગયું !

વિકિપીડિયા એક મુક્ત બહુભાષીય વિશ્વજ્ઞાનકોષ પ્રકલ્પ છે. વિકિમીડિયા ફાઉન્ડેશન સંચાલિત એક નફા-રહિત પરિયોજના છે. આ જ્ઞાનકોષમાં વિશ્વમાં દરેક વ્યક્તિ પોતાનું યોગદાન મુક્તપણે આપી શકે છે. આ પ્રકલ્પ ૨૦૦૧માં જિમ્મી વેલ્સે અને લૅરી સેંગરે શરૂ કર્યો હતો. આજે વિકિપીડિયા એ વિશ્વનો સૌથી મોટો જ્ઞાનસ્રોત છે. દુનિયાની ૨૮૨ જેટલી ભાષાઓ મળી અસંખ્ય લેખો/તસવીરો/ચિત્રો એનાં સભ્ય બનેલા દુનિયાભરના જાણ્યા અજાણ્યા કરોડો નાગરિકોના હાથે લખાયેલા તથા સતત સંવર્ધિત થતાં રહેલાં છે. મહિના પહેલા જોયેલો લેખ આજે ફરીથી જોઈએ તો તેમાં કાંઈક તો નવું ઉમેરણ જરૂર મળે ! એમ કહી શકાય કે વિકિપીડિયાના સામ્રાજ્યમાં સૂર્ય ક'દી આથમતો નથી ! વળી, આવી વિપુલ સામગ્રી કૉમ્પ્યુટર/ઇન્ટરનેટથી હાથવગી થવાથી પર્યાવરણની પણ રક્ષા થાય છે, નહીં તો કાગળનો એટલો મોટો વેડફાટ થાય કે જંગલોનાં જંગલ એમાં હોમાઈ જાય ! વિખ્યાત મેગેઝિન "ટાઈમ"નું 'પર્સન ઓફ ધ યર' સન્માન, માહિતીનો વિસ્ફોટ કરનાર કૉમ્પ્યુટરને આવકાર આપતું મળ્યું છે, તે યથાર્થ છે.

અલબત્ત, આ કામ ફતેહ થઈ ચૂક્યું છે એટલે એ કેટલું કપરું હતું એની કલ્પના ન આવે. જેમ કુદરત વિશ્વભરમાં એનો કારભાર સ્વયં સંચાલિત હોય તેમ કરી રહી છે, સંપૂર્ણ ચોક્કસાઈથી કરી રહી છે, ભૂલચૂક વિના કરી રહી છે, પળે પળે વિકસિત પણ થતી રહી છે, તેમ વિકિપીડિયાની કામગીરી અસ્ખલિત અને સંપૂર્ણપણે શિસ્તબદ્ધ થઈ, આપણી સમક્ષ પેશ થઈ રહી છે. જિમ્મી વેલ્સ લખે છે તેમ આ કામ આસાન ન હતું. લખીને ફાળો આપનારાઓની અણઘડ શૈલી, ખણખોદિયાઓનો નાહકનો ચંચૂપાત હંફાવી દે તેવો હતો. માહિતીઓના ઢગલાં ઉમેરાતા રહે તેને નીર–ક્ષીરની જેમ છૂટાં પાડવા, કામનું રાખી નકામું દૂર કરવું, સંદર્ભ ઉમેરવા, મઠારવા; વળી આ બધું પણ અવેતન સભ્યોથી જ કરાવવાનું, તેઓનો ઊત્સાહ મંદ ન પડે તેની સતત કાળજી રાખવાની ... લખાણ, ચિત્રો, નકશાઓ, યાદીઓ સત્યથી વેગળી ન હોય તે પારખવાનું ...

પરંતુ આ બધું થયું છે, શક્ય બન્યું છે. પગારદાર માણસો કરી આપે તેનાથી અનેકગણું ઉત્તમ થયું. જિમ્મી વેલ્સ હિંદી વિભાગ પણ ચલાવે છે એટલે એ ગૌરવથી કહી શકે : 'મૈ અકેલા હી ચલા થા જાનિબે મંઝિલ મગર, લોગ આતે રહે ઔર કારવા બનતા ગયા'.

ભારતની ૨૦ જેટલી ભાષાઓમાં પણ આ માહિતી ભંડાર ખુલ્લો છે. તેમાં ગુજરાતી ભાષા તો હોય જ ને ! ગુજરાતીમાં ફાળો આપી શકનાર વિદ્વાનો અને જાણકારો માટે વિકિપીડિયાની ટહેલ છે : 'મિત્રો, ગુજરાતીમાં ઉપલબ્ધ સાહિત્યને લિપિબદ્ધ કરી લોકભોગ્ય બનાવવા માટેનું માધ્યમ છે વિકિસ્રોત. આપણી ભાષામાં આપણે ત્યાં યોગદાન કરી શકીએ તે માટે આપણે સબડોમેઈનની જરૂર છે, વિકિસ્રોતનાં ગુજરાતી સબડોમેઈન માટેની અરજીમાં આપનો મત આપી આ કાર્યને આગળ ધપાવવામાં મદદ કરશો.'

વિકિપીડિયા આપણને શું શું આપે છે તે જોઈએ.

ઉપર જણાવ્યું તેમ ૨૮૨ જેટલી 'યુનિકૉડ' ભાષાઓમાંથી આપણી ભાષામાં જઈને જે કોઈ વિષયની માહિતી જોઈતી હોય તે શબ્દ કે વાક્ય સર્ચમાં લખીએ એટલે ક્ષણવારમાં એ વિષયની માહિતી આપતી 'સાઈટ'નો ઢગલો રજૂ થઈ જશે. તેમાં વિકિપીડિયા તો મોખરે હોય છે જ. એક એક લેખને કેટલા ય હાથનો ફાળો ફળ્યો હોય છે ! (કોણે કેટલા સુધારા કે વધારા કર્યા તેની પૂરેપૂરી યાદી પણ જોઈ શકાય.) એમ સંવર્ધન થતાં થતાં લેખ પૂર્ણતા પામે છે. કોઈ ટેક્સ્ટબુકમાં જે સચ્ચાઈથી પાઠ લખાયા હોય તેટલી કે તેનાથી પણ વિશેષ આધારભૂત માહિતી વિકિપીડિયામાંથી મળી રહે. વળી દરેક લેખમાં પ્રવેશક તો હોય જ, જેમાં વિષયની માહિતી સારરૂપ હોય. પછી ક્રમવાર વિભાગ પાડી પૂરો લેખ હોય, સાથે વિષયને લગતાં અનેક ચિત્રો પણ હોય. લેખની નીચે પૂરક માહિતી, વિશેષ વાંચનની યાદી, કોષ્ટકો પણ હોય જ. લેખમાં આવતા કેટલાક શબ્દો વાદળી અક્ષરે લખાયેલા હોય જેના પર ક્લિક કરવાથી એ પેટા–વિષય તરફ જઈ શકાય. એ વાંચ્યા પછી પાછા મૂળ લેખ પર આવી જવાય. વિકિ ફાઉન્ડેશનના નવ મોટા વિભાગો માહિતી ઉપરાંત પુસ્તકો, સમાચાર, ઓડિઓબુક્સ, ડિક્સનેરી, મુક્ત વિશ્વવિદ્યાલય વગેરે સામગ્રી આપતું રહે છે.

અલબત્ત, આવો અઢળક ખજાનો હાથવગો થાય એની ખુશી સાથે ઉપયોગ કરનારાઓએ એને લાયક બનવું પડે. વિકિપીડિયા તો માહિતીનો ખજાનો છે, ફક્ત માહિતી જ માહિતી. "કુમાર" અને એવાં પ્રકાશનોમાં સંસ્કારપ્રેરક જીવનઘડતરના લેખો સતત વાંચવા મળે છે, તે વિકિપીડિયામાં ક્યાં

ય ન જડે. ("કુમાર"ના ૪૦૦માં અંકમાં એફ્રોડાઈટ વીનસના અનાવૃત્ત શિલ્પની તસવીર સાથે એમ પણ લખાયું છે કે 'સામાન્ય આંખને અડવાં લાગતાં આવા કલારત્નોના સર્જનનો ઉદ્દેશ એવો ઉચ્ચ–શુચિ જ હોય; અને એને વિકારહીન શાસ્ત્રીય દૃષ્ટિએ જ સમજવાનાં છે.') વિકિપીડિયાનું કામ તો ફક્ત માહિતી આપવાનું જ. વ્યક્તિ–ઘડતર સાથે એને કશી લેવાદેવા ન હોય. જેમ પ્રકૃતિ 'વિવેકશૂન્ય' કહેવાય તેમ વિકિપીડિયાનું પણ એવું જ. રાજા મિડાસે જ્યાં હાથ લગાડ્યો ત્યાં સોનું તો બની ગયું, કશું જીવંત પણ ન રહ્યું ! દુનિયાના કેટલાયે મહાપુરુષોનાં જીવનની 'સાચ્ચી' માહિતીઓ એવી આપી છે કે તેમની મહાનતા પર ક્યારેક શંકા જાગે ! (સરખાવો : "કુમાર" અંક ૩૫૮માં છપાયેલું ટૉલ્સ્ટૉયનું અશોક હર્ષ લિખિત ગરિમાભર્યું ચરિત્ર અને વિકિપીડિયાએ કશી લાગણી વિના મૂકેલું સ્થૂળ માહિતીભર્યું ચરિત્ર).

આશા રાખીએ કે ભવિષ્યમાં કોઈ એવો ભારતીય બંદો પેદા થાય અને જિમ્મી વેલ્સના પુરુષાર્થના આ ખજાનામાં વિવેકનું ખાનું પણ ઉમેરે; સોનામાં સુગંધ ભેળવે, સારા સંસ્કાર આપી વ્યક્તિ–ઘડતર પણ કરે જેની જરૂરિયાત આજે પ્રથમ ક્રમાંકે છે. એકલું જ્ઞાન સ્થૂળ છે. જ્ઞાનની સંગાથે દર્શન અને ચારિત્ર ન હોય ત્યાં સુધી એ જ્ઞાન વાંઝિયું જ ગણાય. ઉપયોગ વિનાનો વિષય પણ વિષ સમાન છે. શિવસ્તોત્રમાં પ્રથમ શ્લોકમાં પણ આ જ કહેવાયું છે : જ્ઞાનો બન્ધ: (જ્ઞાન એ બંધન છે —જો એના ઉપયોગથી અજાણ હો તો !)

**(સદ્ભાવ : "કુમાર", ડિસેમ્બર ૨૦૧૧)**

(૭૦૩, નૂતન નિવાસ, ભટાર માર્ગ, સુરત–૩૯૫ ૦૦૧, ભારત)

# સામયિકો સાહિત્યને સાચવે છે, સામયિકોને કોણ સાચવશે?

**• દીપક મહેતા**

માત્ર આપણી ભાષામાં જ નહીં, ઘણી ખરી ભાષાના સાહિત્ય માટે સામયિકો નર્સરીની ગરજ સારતાં હોય છે. કવિતા, વાર્તા, લેખ, નિબંધ, એકાંકી જેવા સ્વરૂપોની કૃતિઓ તો ખરી જ. કેટલી બધી મોટા ગજાની નવલકથાઓ પણ પહેલાં સામયિકોમાં હપ્તાવાર છપાતી હોય છે. નહીં નહીં તો એંસી-નેવું ટકા જેટલાં લખાણ પુસ્તકરૂપે પ્રગટ થાય તે પહેલાં કોઈ ને કોઈ સામયિકમાં છપાતાં હોય છે. એટલે ભાષા-સાહિત્યના ઈતિહાસ માટે, વિવેચન માટે, સંશોધન - સંપાદન માટે જૂનાં સામયિકોની ફાઈલો સોનાની ખાણ જેવી ગણાય. પણ કોણ જાણે કેમ સામયિકોની ફાઈલો જાળવીને રાખવાનું આપણી મોટી, સારી લાઈબ્રેરીઓને પણ જરૂરી નથી લાગતું.



જગ્યાની તંગી વર્તાય છે? પહેલો વારો આવે છે સામયિકની ફાઈલોને રદ્દીમાં વેચવાનો. પરિણામે કેટલાંક સામયિકનું તો આજે મોઢું ય જોવા નથી મળતું. છેક ૧૮૪૦માં નવરોજી માસ્તરે શરૂ કરેલું "વિદ્યાસાગર" એ આપણું પહેલું સામયિક? મુંબઈમાં છપાતું, મુંબઈથી પ્રગટ થતું. આજે ક્યાં ય એની એકાદ નકલની પણ ભાળ મળતી નથી. નર્મદ જેવા નર્મદના "ડાંડિયો"ના ઘણા ખરા અંકો મેળવતાં કેટલી વીસે સો થઈ, એ તો રમેશ મ. શુક્લ જ જાણે. ૧૮૪૯માં શરૂ થયેલા "ગનેઆન પ્રસારક"ની ફાઈલો આપણા કેટલા સંશોધકોને જોવા મળી હશે?

રખે માનતા કે ૧૯મી સદીનાં સામયિકોની જ આવી હાલત થઈ છે. વીસમી સદીના ઉત્તરાર્ધમાં શરૂ થયેલાં "ગુજરાતી નાટ્ય" કે "રશ્મિ" વાર્ષિકના બધા અંકો પણ ક્યાં સચવાયા છે? થોડાં વર્ષ પહેલાં રમણ સોનીએ આપણાં ઘણાં સામયિકના તંત્રીઓ પાસે કેફિયત લખાવી પોતાના "પ્રત્યક્ષ" ત્રૈમાસિકમાં અને પછી પુસ્તક રૂપે પ્રગટ કરેલી. તેમાં કેટલાક સંપાદકોએ કબૂલ કરેલું કે પોતે કાઢેલા સામયિકના અંકો પોતે ય નથી સાચવ્યા. તો બીજા કોઈએ એ ક્યાંથી જ સાચવ્યા હોય? થોડા વખત પહેલાં બહારગામની એક જાણીતી સંસ્થાના અગ્રણીનો ફોન આવ્યો : ૧૯૫૦ના અરસામાં અમારી સંસ્થાએ ફલાણું માસિક શરૂ કરેલું. ઘણાં વરસ ચલાવેલું. પણ આજે અમારી પાસે તેના એકે અંકની એકે નકલ નથી. મુંબઈમાં ક્યાંથી મળી શકે? બે-પાંચ લાયબ્રેરીમાં તપાસ કરી. સદ્ભાગ્યે એક લાયબ્રેરીમાં તેના પહેલાથી છેલ્લા સુધીના બધા અંકોની ફાઈલ સચવાઈ છે. પણ બધા અંકો સ્કેન કરીને મોકલતાં ૬૦-૭૦ હજારોનો ખર્ચ થશે, એમ કહ્યું એટલે કહે કે હું મુંબઈ આવવાનો છું ત્યારે વાત કરીશ. આજનો દહાડો ને કાલનો દિવસ. એ વાત એમણે મનમાંથી ખંખેરી નાખી લાગે છે.

જો કે ચિત્ર પૂરેપૂરું નિરાશાજનક નથી. થોડાં વરસ પહેલાં કુમાર કાર્યાલયે "કુમાર" માસિકના બધા અંકો સ્કેન કરાવીને સીડી પર સુલભ કરી આપ્યા. હાજી મહમ્મદ અલારખિયાનું "વીસમી સદી" સામયિક પણ વેબસાઈટ પર તેમ જ સીડી પર વાંચી શકાય છે. ઉમાશંકર જોશીની જન્મશતાબ્દી નિમિત્તે "સંસ્કૃતિ" સામયિકના બધા અંકો વેબસાઈટ પર મૂકાઈ ગયા છે. "પ્રકૃતિ" નામના સામયિકના અંકો પણ હવે સીડી પર સુલભ છે.

હવે બીજાં બે સામયિકો સીડી પર ઉપલબ્ધ થઈ રહ્યાં છે. તેમાં પહેલું છે છેલ્લાં ૭૫ વર્ષથી નિયમિત રીતે પ્રગટ થતું "ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક" તેના બધા જ અંકો સ્કેન કરાવીને આ સંસ્થાએ પોતે જ ૨૬ સીડી પર મૂક્યા છે જે ટૂંક સમયમાં વેચાણ માટે મુકાશે. ૭૫ વર્ષના છાપેલા અંકો અભરાઈ પર મૂક્યા હોય તો કેટલીયે જગ્યા જોઈએ. જ્યારે ૨૬ સીડીનું એક પાઉચ માંડ થોડા ઈંચની જગ્યા રોકશે. પોતાના આ ત્રૈમાસિકની સાથોસાથ મુંબઈની ફાર્બસ ગુજરાતી સભાએ વિજયરાય વૈદ્ય સંપાદિત "કૌમુદી" માસિકના બધા અંકો પણ સ્કેન કરીને સીડી પર મૂક્યા છે.

આ બન્ને સામયિકો પોપ્યુલર સ્વરૂપમાં નથી. અભ્યાસીઓ, સંશોધકો, અધ્યાપકોને વધુ ઉપયોગી થાય તેવાં છે. પણ પોપ્યુલરનો વિરોધ કર્યા વગર આવા વિદ્વાનાં કામો પણ કોઈએ તો કરવા પડશે ને? ખરું જોતાં પ્રજાને પૈસે ચાલતી સરકારી સંસ્થાઓએ આવાં કામ ઉપાડી લેવાં જોઈએ. પણ ૨૦૧૫માં પોતાને ૧૫૦ વર્ષ પૂરાં થશે એ અવસરની પૂર્વતૈયારી રૂપે ફાર્બસ ગુજરાતી સભાએ આપણા સાહિત્યિક વારસાને જાળવવાનું કામ શરૂ કર્યું છે.

વધુ માહિતી માટે સંપર્ક: ૦૦-૯૧-૨૬૨૫ ૦૯૧૦.

**(સદ્ભાગ્ય : 'વર્ડનેટ', "મુંબઈ સમાચાર", 17.11.2011)**

e.mail : deepakbmehta@gmail.com

## એક વર્તુળની સફર

**♥ પંચમ શુક્લ**

ગાંઠ એ શાને હજી ના ખૂલતી, કોને ખબર ?
કોક ખૂણે કોકડું ઈચ્છા વળી, કોને ખબર ?
એક સિક્કો એમ ઊછળીને પડ્યો છે ભોંય પર,
ચીત થઈ ગઈ પટ મહીં બાજી કઈ, કોને ખબર ?
બહાર છો થીજી જતું સર્વસ્વ ધોળા બર્ફમાં,
કાળા ઓશીકે વહે ઊની નદી, કોને ખબર ?
પ્રશ્ન એક જ ફોલીને ફેંક્યો અને લપસી પડ્યા,
ઉત્તરોની છાલ લીસ્સી કેટલી, કોને ખબર ?
આંગળીથી લઈ અને પહોંચા સુધીના પથ ઉપર,
હસ્તરેખાની તરડ ક્યાં ક્યાં નડી, કોને ખબર ?
એક વર્તુળની સફર - આરંભ ક્યાં ને અંત ક્યાં?
કેટલી લાંબી રહી; સીધી રહી, કોને ખબર?

૧૭/૬/૦૯

* ઋણસ્વીકાર: મિત્ર ભાર્ગવ મારૂના એક કાવ્યના અનુનાદ રૂપે આ ગઝલ રચાઈ છે.

**(સદ્ભાવ : http://spancham.wordpress.com/)**

# બાપા વાલેસ, ભલે પધાર્યા!

• પ્રકાશ ન. શાહ

'ચર્ચ વિના મુક્તિ નહીં'નો પરંપરાગત ખયાલ છૂટી રહ્યો હોય એથી રૂડું શું : બાકી, કાળધર્મ જેવો ધર્મ કદાચ એકે નથી.

'હું, નરકનો ઉમેદવાર, તમારું સ્વાગત કરું છું' ... 'ત્યાં તો હું હોઈશ, તમને નરકમાં મોકલનાર તરીકે!' ... 'મારો ધર્મ, મારો ધર્મ બને એ મારો ધર્મ છે.'

•

ફાધર વાલેસ વળી એક વાર એમના બીજા ઘર જેવા ગુજરાતની મુલાકાતે વતન સ્પેનથી આવી ગયા. આમ તો બે'ક વરસ ઉપર એ આવ્યા હતા, અને એટલે લાંબે ગાળે આવ્યા હતા કે એની એક વિશેષ પ્રકારની અપીલ હોવી સહજ હતી. એક રીતે, બે'ક વરસ પછી એ આવ્યા એટલે આ વખતની મુલાકાતની અપીલ કોઈને કદાચ પૂર્વવત્ નયે લાગી હોય. પણ હવે એ વયના જે મુકામ ઉપર છે - ચાલુ મહિને જ એમણે ૮૬ વરસ પૂરા કર્યા છે - એ જોતાં હવે કેમ જાણે છેલવલ્લાં વરસોમાં મળાય એટલું મળી લેવું એ ખયાલે બંને પક્ષે એક વિશેષ સ્વાદને પણ અવકાશ હતો અને છે.

'સાયકલ હું ચલાવું ને પેડલ કોઈક મારે', ચાલે ? ... લગીર નહીં.



સાયકલઅસ્વાર ફાધર વૉલેસ

આમ તો, એ સવાઈ ગુજરાતી કાકા કાલેલકરની પરંપરામાં એવું જ બિરુદ પામેલ જણ છે. અને વ્યવસાયે મૂળ ગણિતજ્ઞ એવા આ પાદરીબાવાની ગુજરાતી ભાષાની સજજતા, અને એની સાથે કામ લેતે લેતે આપણી પરંપરા અને સંસ્કારોની એમની રગ હંમેશ એક કૌતુકરાગી આદર પ્રેરતી રહી છે. ગુજરાતમાં ગુજરાતી ભાષા એનાં સહજ સ્થાનમાનથી વંચિત થઈ રહી છે કે શું એવી ચિંતાના આ દિવસોમાં આવી સહૃદય પ્રતિભા આપણી વચ્ચે આવે એ સારું પણ લાગે. અલબત્ત જે અર્થમાં કાકાસાહેબ એક પ્રજાકીય નેતૃત્વ પ્રેરનારા વિદ્યાપુરુષ બલકે સંસ્કૃતિપુરુષ હતા તે અર્થમાં - એટલે કે જાહેર જીવનના જાણ તરીકે - ફાધર વાલેસનો પાટલો બેલાશક ન પડી શકે.

તેમ છતાં, કંઈક જુદી જ બાબતમાં એમણે આ વખતે અનાયાસ વિચારદોરવણી આપી એની અહીં થોડીક ચર્ચા કરવાનો ખયાલ છે. ફાધર વાલેસે ઉમાશંકર જોશીને ત્યાં પોતે કાકાસાહેબને પહેલીવાર મળ્યા ત્યારનો એક સંવાદ સંભાર્યો હતો. કાકાએ ફાધરને પ્રથમ દર્શને જ કહ્યું હતું કે 'હું, એક નરકનો ઉમેદવાર, તમારું સ્વાગત કરું છું.' ફાધરે ત્યારે જો કે હાજરજવાબી વિવેકસર કહ્યું હતું કે 'ત્યાં તો હું જ હોઈશ, તમને નરકમાં મોકલવા બદલ!' અલબત્ત, કાકાના ઉદ્ગારો 'ચર્ચ સિવાય મુક્તિ નહીં'ના રૂઢ ખ્રિસ્તી મત સબબ હતા.

ફાધરનું કહેવું છે કે યુરોપીય ધાર્મિક સંકુચિતતાને બદલે અહીં ભારતમાં મને વિશાળ દૃષ્ટિ મળી. ફાધર વાલેસને સાંભળતો હતો ત્યારે મને સર્વપલ્લી રાધાકૃષ્ણને 'હિંદુ જીવન દર્શન'માં ઈતિહાસાચાર્ય ટૉયન્બીનાં જે વચનો ટાંક્યાં છે એનું સ્મરણ થતું હતું. પંચાયતન અભિગમનું ઉદાહરણ આપીને ટૉયન્બીએ કહેલું કે ધર્મો વચ્ચેના ઝઘડાનો સહિષ્ણુતા જ નહીં સમાદરપૂર્વકનો ઉકેલ હિંદુ ધર્મે દર્શાવ્યો છે. કાકાસાહેબ તો રવીન્દ્ર-ગાંધી પરંપરામાં સર્વધર્મ સમભાવની વાત કરનારા હતા. બલકે, એમની ભૂમિકા (ઉમાશંકરે ઘડેલા શબ્દસિક્કે) સર્વધર્મ મમભાવની હતી.

ફાધર વાલેસે એ સંભારવા સાથે રૂડું એ કીધું કે આપણી પરંપરામાં 'ધર્મ' કહેતાં જે નાનાવિધ અર્થચ્છાયાઓ હોઈ શકે છે એનોયે ખયાલ આપ્યો. મૂળગામી સમજ ધરાવતા, હાડના શિક્ષકને જ ઝટ સૂઝે એવો દાખલો એમણે આપ્યો : 'ગાયનો ધર્મ દૂધ આપવાનો છે' આ 'ધર્મ' હું જરા હળવી પણ ગંભીર ઢબે કહું તો અક્ષરશઃ 'ધર્મનિરપેક્ષ' છે! ફાધર વાલેસે તો ગાયના દૂધ આપવાના ધર્મનો સરળ સાંસરો દાખલો આપ્યો. પણ ધર્મ કહેતાં નાનાવિધ અર્થચ્છાયાઓ ઉપરાંત જે વિશાળ અર્થ અભિપ્રેત છે એ જોતાં કેટલાક મિત્રો 'સેક્યુલર'ના પર્યાયરૂપે ધર્મનિરપેક્ષને સ્થાને 'પંથનિરપેક્ષ' પ્રયોજવાનો આગ્રહ રાખે છે તે સમજી શકાય એમ છે.

દરમિયાન, એમણે ત્રણ અલગ અલગ અંગ્રેજી પર્યાયો પ્રયોજીને ધર્મ શબ્દને સચોટ, ખેલી બતાવ્યો તે જરી સંભારી લઉં : 'મારો ધર્મ, મારો ધર્મ બને એ મારો ધર્મ છે.' ('માય રિલિજિન વેટ બીકમ્સ માય નેચર ઈઝ માય ડ્યૂટી.') તો, ધર્મ એટલે ફરજ પણ, અને પ્રકૃતિ પણ. (અને ફાધર વાલેસની ક્ષમાયાચના સાથે ઉમેરું કે કાળધર્મ પણ.)

ફાધરના આ નિરાયાસનિર્મળ વચનો આજના ગુજરાત(બલકે ભારત)ની ભાવભૂમિના સંદર્ભમાં ખ્રિસ્તી-બિનખ્રિસ્તી બેઉ છેડેથી મહત્ત્વનાં લાગે છે.

અગિયારબાર વરસ ઉપર ડાંગના ઘટનાક્રમ વખતે જે બધો ઊહાપોહ થયો હતો (અને જેનો દોર એક પા શબરી કુંભ તો બીજી પા કથિત હિંદુ આતંક સબબ બંદી અશીમાનંદના નવમંથન લગી લંબાયેલો છે) તે વખતે ખયાલમાં આવેલી વિગત એ હતી કે મુખ્ય ચર્ચો 'ચર્ચ' વિના મુક્તિ નહીં'ના ધર્માંતરી મૂઢગ્રાહથી ઠીક ઠીક હટી ગયા છે, પણ ફ્રિન્જલાઈન ચર્ચો હજુ એ સમજવા તૈયાર નથી. ઉલટ પક્ષે, ડાંગના હિંદુવાદી હોહલ્લાના અરસામાં જ ઓરિસામાં સ્ટેઈન્સને છોકરાં સોતા ભૂંજી નાખવાની નિઘૃર્ણ ઘટના બની હતી. એટલું જ નહીં પણ તેમ કરનાર દારાસિંહની માતાને વીરમાતા તરીકે બિરદાવનારા વિહપિવીરો પણ જડી રહ્યા હતા.

અડવાણી આજે એમની છઠ્ઠી યાત્રાને હોંશે હોંશે સર્વાધિક સફળ ગણાવે છે, પણ પહેલી યાત્રાના વિભાજક-વિપાકત પરિણામો બાબતે એમણે શું કહેવાનું છે તે આપણે જાણતા નથી. ન તો ગુજરાતનાં સદ્ભાવના સત્રોની પૂંઠે કોઈ પશ્ચાત્તાપની પતીજ પડે છે.

બાપા વાલેસે ભલી પધરામણી કીધી!

e.mail : prakash.nirikshak@gmail.com

**(સદ્ભાવ : "દિવ્ય ભાસ્કર", 28.11.2011)**

---

## સ્ત્રી

• વસુધા ઈનામદાર

વૃક્ષ જેવી ઊભેલી સ્ત્રી
સમયનાં વાવાઝોડા વચ્ચે
ઊભી ઊભી પાનખર બની ગઈ !
લાગણીથી મહેંકતાં ફૂલ
અવાર-નવાર ખરતાં રહ્યાં
હવે તો, પર્ણો પણ
મથે છે વિરમવા !

તૂટેલી ડાળનાં, માળખાંને જકડીને
ઢીલાં પડી ગયેલાં, મૂળિયાંને વળગીને
આ વૃક્ષ જેવી સ્ત્રી
અદ્ભુત ટેકાના સહારે
ઊભી છે !!
આવનાર વાવાઝોડાંને
વિસામો દેવા !!

e.mail : mdinamdar@hotmail.com

# રાંધ્યા પહેલાંનું ડહાપણ !

• ચીમન પટેલ ‘ચમન’

રાંધ્યા પછી તો બધી જ બહેનોને આપોઆપ ડહાપણ આવી જ જાય છે, પણ એ ડહાપણ આંખોનાં આંસુ ખૂટી જાય એવું રડાવનારું, અનેક વેદનાઓથી તનને તોડનારું, અને રાત-દી મૂંઝવણમાં મનને મારી નાખનારું નીવડે છે!

પરણેત બધી બહેનોને એક દિવસ આ પરિસ્થિતિમાંથી પસાર થવાનું છે, એ જાણીને પણ, પૂર્વ તૈયારી રૂપ, પોતાની જાતને તૈયાર કરવા કેટલીક વ્યહવારિક વાતો, પતિની હયાતીમાં શીખી લેવાની ઘણી બહેનોની તૈયાર નથી હોતી; પતિઓના પૂરા પ્રયત્નો પછી પણ! અચાનક, ‘હાર્ટએટેક’થી નજીકની કોઈ સખીના પતિનું મૃત્યું થયું હોય, અને એ મૃતદેહને નજીકથી નિહાળ્યું હોય, અને એ સખીનાં દર્દ અને દુ:ખનો અહેસાસ કર્યો હોય, અને હૂંફ આપતાં આપતાં આંખોમાંથી ઘણાં આંસુ સરી પડ્યાં હોય, છતાં એમાંથી બહેનોની અંદરની આંખો ખૂલતી નથી ! સ્મશાન વૈરાગ્યની જેમ બધું થોડા સમય પછી સમી પણ જાય છે.

‘આપણને આવું ક્યાં થવાનું છે? હું તો ભગવાનને રોજ પ્રાર્થના કરું કે હે ભગવાન, તું મને એમની પહેલાં બોલાવી લેજે !’ આવું આવું વિચારતી બહેનોને આ ડહાપણ આવા લેખોથી પણ આવશે કે કેમ ?!

આ વ્યવહારિક વાતો એટલી અઘરી પણ નથી કે બહેનો એને શીખી ન શકે. દા.ત. પરદેશમાં ડ્રાઈવીંગ શીખવું કેટલું જરૂરી છે, એ સહુ સારી રીતે જાણે જ છે. પણ જે બહેનોએ આજ સુધી ડ્રાઈવીંગ શીખવાનું વિચાર્યું પણ નથી, કે એકવાર પ્રયત્ન કરી પડતું મૂક્યું છે, એમને મારે જગાડવા છે. ધારો કે ભગવાને તમારી પ્રાર્થના ન સાંભળી અને એમને વહેલા બોલાવી લે તો … તમારી પાસે સારામાંની ગાડી તો હશે, પણ ચલાવશે કોણ? કોણ કેટલા દિવસ ‘ગ્રોસરી’ લાવી આપશે કે તમને લઈ જશે? ગાડી શીખવાનો વિચાર ત્યારે જરૂર આવશે, પણ પરાયા પુરુષને પાસે બેસાડીને ડ્રાઈવીંગ શીખતાં આપણા જ મિત્રો કેવી કેવી વાતો કરશે, એનો વિચાર પણ કરવો પડશે. જેમ મરનારનો આત્મા આપણી આજુબાજુ દસ દિવસ રહે તેમ આપણાં સગાં-વહાલાં અને મિત્રો પણ દસ જ દિવસ આપણી પાસે રહી મદદ રૂપ થશે. બહાર ગામનાં અને ગામનાં સગાં-સબંધી અને મિત્રો તમને વધારે મદદરૂપ થવા તૈયાર હશે, પણ એ બધાં ઘર લઈને બેઠેલાં છે. એનો વિચાર અત્યારથી કરી, પગભર થવાની તાકાત ભેગી કરવામાં જ ડહાપણ છે.

એવી રીતે, જે બહેનો નોકરી કરતી નથી અને એમના ‘એ’ નોકરી કરે છે એ બહેનોએ પતિનાં કામમાં હાથ લંબાવીને એમનો ‘સ્ટ્રેસ’ ઓછો કરાવી, એમના હાર્ટને નબળું પડતું અટકાવવું, એ પણ એમના જ હિતની વાત છે. ‘એ છે ને’ કરીને ઘણી બહેનો નાનાં નાનાં કામ પણ કરતી નથી, કે કરવા તૈયાર નથી! પતિ સામેથી શીખવવા તૈયાર હોય ત્યારે, ‘તમે છો ને પછી મારે શીખવાની શી જરૂર છે ?!’ કહી, નવાં કામને આઘું ઠેલતી હોય છે. પૂર્વ તૈયારી રૂપ જો પતિ એમ કહે, ‘હું નહિ હોઉ ત્યારે …’ ત્યારે, બહેનો એમના મોં પર હાથ મૂકી



**ચીમન પટેલ ‘ચમન’**
(સન ૧૯૬૦ દરમિયાન લેખકે ખુદનું જ કરેલું રેખાંકન)

કહેવાની, ‘એવું ના બોલતા હોય તો ..!’ બહેનોની આ પ્રકારની વર્તણૂકને આપણે એમની નબળાઈ સમજવી કે એમને ઘરકામમાંથી નવરાશ મળતી નથી એટલે એમને સમયનો સવાલ મૂંઝવે છે? કદાચ, એમને થતું હશે કે એ મગજમારી કોણ કરે! એ કરતાં, ટેલિફોન પર બહેનપણીઓ સાથે ગામ-ગપાટા ના મારે ! એ બહેનોને ખબર નહિ હોય કે, ગામ-ગપાટા મારવામાં આપણી આ જીભ ક્યારેક એવી તો હાલી જાય છે કે, એ ફાયદા કરાવવાને બદલે નુકશાન જ કરાવી જાય છે! એ કરતાં, પતિ પાસેથી ધીરે ધીરે પોતાને લાભદાયક થઈ પડે એવું શીખી લઈ, ભાવિનાં ભાથાના ડબ્બા અત્યારથી ભરવા ઘણા સારા નથી લાગતા?

શરૂઆત કરવા માટે ચેક લખવાનું કામ સૌથી સરળ છે. એ પણ એટલા રાજી થઈ જશે કે એ ખુશાલીની ખુશ્બૂ તમે એકલા જ માણી શકશો! મહિનાના અંતે ‘સ્ટેટમેન્ટ’ આવે ત્યારે એને ‘બેલેન્સ’ કરતાં પહેલીવાર માથું જરૂર દુખશે, પણ પતિના પડખે એને સહી લેવાશે અને શીખી પણ લેવાશે. પતિના ગયા પછી, જો આ કામ શીખવાનું આવશે તો એ માથું લાંબા સમય સુધી દુખવાનું અને એની ઉપર ‘એસ્પ્રીન’ કે ‘બફરીન’ની અસર નથી થવાની ! ‘ચેકબુક’નું કામ શીખવાથી એ પણ જાણવા મળશે કે એકની આવકમાંથી ખર્ચાના ખાડા કેટલા ઊંડા ખોદાઈ જાય છે! સાથે સાથે, પતિરાજો પૈસાની બાબતમં તમને કેમ ટાઈટ લાગે છે એની જાણકારી આપોઆપ થઈ જશે. એકવાર, આમાં રસ કેળવાશે પછી તમને આપોઆપ એમની પાસેથી નવું નવું જાણવાનું મન થશે. વીમાની પૉલિસીઓ, બેન્કના ખાતાઓ, પરસેવાના પૈસાઓનું રોકાણ, અંદર અંદરની લેવડ-દેવડ, કોઈ સંસ્થા કે મંદિરોમાં કરેલા ‘કમિટમેન્ટસ’, એમણે ‘વીલ’ કર્યું છે કે નહિ, જો કર્યું હોય તો એ કયાં મૂક્યું છે એ, અને એને એકવાર વાંચીને અંદરની હકીકતોથી અત્યારે જ, એમની હાજરીમાં, વાકેફ થવું, રહેવું એ ધર્મપત્નીઓનાં હિતની વાત છે. મંદિરો માટે અને મોરારિબાપુ માટે જો બહેનોને વખત મળતો હોય તો ઘરમંદિર માટે અને ઘરના મુખિયા માટે વખત કાઢી, આ બધું શીખી લઈ, પાણી પહેલાં પાળ તમારે જ બાંધવી પડશે. પગ નીચે આવ્યાં પછી તો આખી જિંદગી પસ્તાવવાનું છે, શેકાવવાનું છે, અને આંસુ ખૂટી જાય એટલું રડવાનું છે!!

આ બધુ જો ન કરી શકાય તો એમને ‘સ્ટ્રેસ’ પહોંચે એવું કામ, જાણ્યે અજાણ્યે પણ ન કરો તો એ ડહાપણની વાત થઈ ગણાશે. એમાંયે જો તમારા પતિને વંશીય હૃદયની બિમારી હોય તો, તમારે એમને ‘સ્ટ્રેસ’ પહોચે નહિ એ માટે વધારે ધ્યાન આપીને, એમની જિંદગીનો દોર લંબાવીને, મગજમારી વાળાં કામો માથે વહેલા ન પડી જાય એ માટે તમારે જ સજાગ બનવું પડશે, રહેવું પડશે.

આ અંગે, સુમન અને સપનાની વાત જરા સાંભળી લઈએ. કોઈને કામ આવશે.

સુમનને અડધા લાખ ડોલરના ‘લેક’ પરના ઘરમાં રહેવા જવામાં હજુ બેએક વર્ષ પણ પૂરાં થયાં ન હતા, અને એને એક દિવસ ઊંઘમાં જબરદસ્ત ‘હાર્ટએટેક’ આવતાં, એનું પ્રાણપંખેરું, આ મોઘેરું મકાન અને સુંદર સોસાયટીનું સુખ માણવા ન રોકાણું !!

સુમનના મૃત્યુના દુ:ખદ સમાચારની સાથે સાથે એના અચાનક મૃત્યુનાં કારણો તપાસતાં મિત્રો અંદર અંદર વાતો કરવા લાગ્યા : ‘એમના કુટુંબના ઘણા આ રીતે ‘હાર્ટએટેક’થી ગુજરી ગયા છે.’ .. ‘એને નોકરીમાં કામ-કાજનો બહુ ‘સ્ટ્રેસ’ પડતો હતો’ … ‘બાયપાસની સર્જરી પછી આવું મોઘું ઘર એણે ના લેવું જોઈએ!’ વગેરે વગેરે. … ગામના મોંએ ગરણું ઓછું બંધાય છે !?!

સુમનની પત્ની સપનાને હવે સમજાઈ રહ્યું હતું કે સુમનનો ‘સ્ટ્રેસ’ વધારવામાં એણે જાણે-અજાણે કેવો ભાગ ભજવ્યો હતો!

સુમનના નજીકના મિત્રો, જૂના ઘરો વેચીને, નવી નવી ડિઝાઈનના ઘરોમાં રહેવા ગયા ત્યારથી, સપનાને પણ નવા ઘરના વસવાટની વાચા સુમન આગળ ફૂટવા લાગી. આ અંગે બંનેની વચમાં ચર્ચાઓ થતી, સંવાદો થતા અને ‘કૂતરો તાણે ગામ

ભાણી અને શિયાળ તાણે સીમ ભણી'ની જેમ એમની વચ્ચે ખેંચાખેંચી પણ થતી. સુમન રિટાયર્ડ થવાના દિવસો ગણતો હતો એટલે એને નવા ખર્ચાના ખાડા ખોદવા નો'તા! બચતમાંથી બાકીની જિંદગી 'સ્ટ્રેસ' વગર એને ગુજારવી હતી. સપનાને આ બધુ શાન્તિથી સમજાવ્યા પછી, એ થોડા સમય માટે શાંત તો થઈ, પણ જ્યારે જ્યારે એને એના મિત્રોના નવા ઘેર જવાનું થાય ત્યારે ત્યારે, મિત્ર-પત્નીઓ પાસેથી નવા ઘરના વસવાટ માટેનું પ્રેરણાનું પાણી વણ માગ્યું પીવા મળતું અને એનું મન-પંખી પાછું નવા ઘરના વસવાટ માટે પાંખો ફફડાવવા લાગતું!

હારેલો જુગારી બમણું રમે એમ, સપનાએ રમત શરૂ કરી. એક દિવસ, સુમનની સોડમાં સરી, ખભા પર હાથ મૂકતાં એ બોલી; 'નવા ઘરનો વિચાર મેં હવે માંડી વાળ્યો છે.' સુમન તો આ સાંભળીને ચકિત જ થઈ ગયો! એ આનંદમાં, સપનાને નજીક ખેંચતાં સુમને પૂછ્યું : 'સાચે જ .. !' સુમનની આંખોમાં આંખ મિલાવી સપના બોલી : 'હા, સાચે જ ..'! એ આનંદનો લ્હાવો લેવા, બંનેના ઓષ્ઠો આગળ વાત કરતા ઘડીભર માટે અટકી ગયા!

ઓષ્ઠાસ્વાદ કરાવી સપનાએ વાચા ખોલી. ત્રીસ વર્ષ જૂના રસોડાના કેબિનેટને કલર કરી રસોડામાં વધારે ઉજાસ ઊભો કરવાની, જૂના કાઉન્ટરને કાઢીને ગ્રેનાઈટના કાઉન્ટર નંખાવવાની, બેઠકરૂમની લાકડાની પેનલની દીવાલ તોડીને આધુનિક 'શીટરોક'ની દીવાલ ઊભી કરી એને આંખને ગમે એવા રંગથી રંગાવવાની, જૂની કારપેટને કાઢીને આરસપહાણની આધુનિક ટાઈલ્સ નંખાવવાની, ડાઈનિંગરૂમમાં 'વુડફ્લોર' કરાવવાની વગેરે વગેરેની હૈયાવરાળ, તક ઝડપી, સપનાએ સુમન આગળ કાઢી. આ રીતે પણ જો નવા ઘરની ઉપાધિ ટાળી શકાતી હોય તો, જૂના ઘરમાં થોડા પૈસા નાખી, સપનાની સાથે સંમત થવાનું સુમનને પણ વ્યવહારિક લાગ્યું. સુમને સંમતિ આપતાં કહ્યું : 'આ બધુ કરાવી આપવા હું તૈયાર છું.' એ સાંભળી સપના સુમનને વળગી જ પડી!

બીજા અઠવાડિયે, સુમને કોન્ટ્રાક્ટરોને ફોન કરી, ખર્ચનો અંદાજ કઢાવ્યો, તો એ આંકડો ત્રીસ હજાર ડોલર પર આવીને ઊભો રહી ગયો ! સુમન મનોમન વિચારવા લાગ્યો : 'આટલા બધા પૈસા જૂના ઘરમાં નાખીને ઘરની કિંમત એ પ્રમાણમાં વધવાની તો નથી, એ કરતાં એ પૈસા નવા ઘરમાં રોકવા વધારે સારા ! આમે ય, આ સોસાયટી અને ઘરો જૂનાં પણ થઈ ગયાં છે, અને સોસાયટીની આજુબાજુની આજ સુધી ખુલ્લી પડી રહેલી જમીન પર 'એપાર્ટમેન્ટ' અને 'કોમર્શિયલ' ઈમારતો ઊભી થઈ ગઈ છે. જેને કારણે, આ ઘરોની કિંમત ભવિષ્યમાં વધે એવું લાગતું નથી! જૂનાં રહેવાસીઓ ઘર વેચી વેચી નવા ઘરોમાં દૂર દૂર કેમ રહેવા ગયા હશે, એ એને હવે સમજાવવા લાગ્યું હતું. સપનાને તો નવા ઘરમાં જ 'મુવ' થવું હતું, પણ એ જ અંદરથી તૈયાર નો'તો ! નવા ઘરમાં 'મુવ' થતાં સપના પણ ખુશ થશે અને એ ખુશીમાં નવા ઘરમાં રિટાયર્ડ થઈને રહેવાની પણ મજા પડશે.' સુમને સપનાને આ વાત કરી. સપના તો ખુશી ખુશી થઈ ગઈ !!

પાંચેક મહિનામાં, અડધા લાખના, 'વોટર ફ્રન્ટ'વાળા, આધુનિક ઘરમાં, જૂના મિત્રોની નજીક રહેવા પણ આવી ગયા.

નવા ઘરમાં પેલું જૂનું ફર્નિચર, સોનાની થાળીમાં લોઢાના મેખની જેમ, સપનાને ખૂચવા લાગ્યું. ઘેર આવતી જતી બહેનપણીઓ પણ આ અંગે ટકોર કરતાં કહેતી : 'અલી, તારું આ જૂનું ફર્નિચર નવા ઘર સાથે નથી જતું!' દર્દીને ભાવતું'તું ને વૈદે કહ્યું ! જૂનું ફર્નિચર બદલવાના સપનાના વિચારોને પ્રોત્સાહન મળતાં એનો પણ અમલ થઈ ગયો. બાવાની લંગોટીની જેમ, નવા ઘરને વધારે શોભાવવા માટે સપનાની ખરીદી જેમ વધતી ગઈ એમ, સપનાની ખરીદીનાં બિલો જોઈ સુમનના હૃદયના ધબકારા પણ વધતા ગયા!!

નવા ઘરના ખર્ચા જોઈ રિટાયર્ડ થવાના સુમનનાં સ્વપ્નો હવે આઘા ને આઘા ઠેલાતાં ગયાં! ઓફિસનાં કામના સ્ટ્રેસની સાથે સાથે નવા ઘરના ખર્ચાનો સ્ટ્રેસ ઉમેરાતાં, સુમન અંદર અંદર શેકાઈ રહ્યો હતો. સુમન પાછો ઓછું બોલો હતો, એટલે એના મનની વરાળ ન તો સપના આગળ નીકળતી કે ન કોઈ ખાસ એક-બે મિત્રો આગળ! પરિણામે, એક રાતે, અંદરના એ દબાણમાં, એનું દિલ સદાને માટે દબાઈ ગયું !! સગાં-સબંધી અને મિત્રવૃંદમાં શોકનું વાદળ ફરી વળ્યું ! સપના ઉપર તો જાણે આકાશ તૂટી પડ્યું ના હોય એવું લાગતું હતું !! અઠવાડિયામાં જ એની ઉંમર વધી ગઈ હોય, એવું જોનારને લાગતું !

સગાં-સબંધીઓ વિખરાયાં પછી, ઘરની નાની મોટી જવાબદારી સપના પર એકદમ આવી પડી! મોટા ઘરમાં એકલી એકલી મૂંઝાવા લાગી. સુમનના ફોટા પર નજર પડતાં, એ ગહન વિચારોમાં ધકેલાઈ જતી, અને વિચારોના વંટોળમાં સપડાઈ, ગુંગળાતી, એ વિચારતી .. 'એમના વિના આ અડધા લાખના ઘરને મારે શું કરવાનું ?! નવું ઘર લેવા માટે હું જ આદુ ખાઈ એમની પાછળ પડી હતી! .. એમનો આગ્રહ હોવા છતાં પણ હું એમની પાસેથી શીખવા જેવું ન શીખી! અત્યારે, બધું મારા માથે આવી પડ્યું છે, પૈસાની બાબતોમાં શીખવા, જાણવા મારે એમના જ મિત્રો પાસે દોડવું પડે છે! આ બધું, જો મેં એમની પાસેથી શીખ્યું હોત તો, અત્યારે મને કેટલું કામ આવત. એમનું કામ ઓછું કરાવીને એમનો સ્ટ્રેસ પણ હું ઓછો કરાવી શકી હોત. હું મૂર્ખી, એકલી એકલી, મારાં જ સ્વપનોનાં મહેલ ચણતી રહી! સપનાને આ ડહાપણ સુમનની હયાતીમાં જો આવ્યું હોત તો ?!

સંધ્યા અને રવિના જીવનમાં પણ જરા ડોકિયું કરી લઈએ … એ પણ કોઈને કામ આવશે !

સવાર પડ્યું નથી ને સંધ્યા રવિ સાથે ઝગડી ન હોય, એવું આજ સુધી બન્યું નથી! ઝઘડા થાય ત્યારે રવિ સંધ્યાને કાયમ કહેતો હોય : 'તારે મારી સાથે ઝઘડવું હોય તો કોઈ મોટો મુદ્દો પકડ. નાની નાની બાબતોમાં શું કામ ઝઘડે છે? ઘરકામમાં તને હું મદદ ન કરતો હોઉં, છોકરાઓના 'હોમવર્ક'માં મદદરૂપ ન થતો હોઉં, પાન પરાગ ખાતો હોઉં, ખૂબ 'ડ્રીન્ક' કરતો હોઉં, યાર્ડનું કામ બહાર કરાવી લેતો હોઉં, ચારિત્રની બાબતમાં મારો પગ લપસ્યો હોય, વગેરે વગેરે માટે તું ઝઘડતી હોય તો લેખે ગણાય! '

ઉનાળામાં, ગામમાં જેટલા સાધુ-સંતો આવે એને સાંભળવા સંધ્યાને જવું હોય, અને રવિને ન જવું હોય, એમાં એમની વચ્ચે તકરાર ઊભી થઈ જાય! રવિ સંધ્યાને કહેતો હોય : '.. તને સાધુ-સંતોને સાંભળવા ગમે છે ને જો હું તને રોકતો હોઉં તો તું મને કહી શકે છે. તું ગાડી તો ચલાવે છે પછી મને સાથે લઈ જવાનો શા માટે આગ્રહ રાખે છે?' જવાબ આપતાં સંધ્યા કે'તી હોય : 'મને એકલીને જવું નથી ગમતું .. બધા પછી પૂછવા લાગે છે કે તમે મારી સાથે કેમ નથી!'

'.. એટલે લોકોની ચિંતા કરી, મારી ચિંતાઓમાં તું વધારો કરે છે, એ તને દેખાય છે?'

ગામનાં પાંચસાત મંદિરોના અને હોલમાંના અન્નકૂટમાં સંધ્યાને જવા જોઈએ. ત્યારે, રવિથી કહેવાઈ જવાય : 'એક જ મંદિરમાં જઈને ભગવાનનાં દર્શન અને અન્નકૂટનો લાભ ન લેવાય, તે તું બધાં મંદિરમાં જઈને મોંઘા ભાવનો ગાડીનો ગેસ બાળે છે ! મંદિરની મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા કરી પ્રાણ મૂકવામાં આવે છે ત્યાં, અન્નકૂટનાં દર્શન બરોબર છે, પણ હોલમાં ભગવાનના ફોટાઓ ભેગા કરીને અન્નકૂટ ભરવા પાછળનો મહિમા મને સમજાતો નથી, ને તું ત્યાં પણ દોડી જાય છે!'

'તું આવો નાસ્તિક ઘરમાં ક્યાંથી પાક્યો. બધાની ટીકા કરવામાં તને બહુ આનંદ આવતો લાગે છે!'

પછી, અરસપરસ વાક્બાણો જોરથી છૂટે અને બંને ઘવાતા જાય !!

એકવાર સંધ્યા મોરારિબાપુની કથા સાંભળવા અઠવાડિયું ગઈ હશે અને એક દિવસ રવિએ એને પૂછ્યું : 'આજની કથામાંથી નવું શું જાણવા મળ્યું એ તું મને એક-બે વાક્યમાં કહીશ?' જવાબમાં સંધ્યાએ કહ્યું : 'એવું બધું યાદ ન રહે મને, પણ બાપુએ બધાંને આજ બહુ હસાવ્યા, એની વાત સાંભળવી હોય તો કહું.' રવિ ત્યારે કહેતો : 'આમ એની એ કથા સાંભળીને કશું યાદ તો રહેતું નથી એ કરતાં એટલો વખત ઘેર રહી કે મંદિર જઈ ભગવાનની માળા કરો તો વધારે પૂણ્ય ભેગું કરી શકાય.' આમ, બંનેના વિચારભેદનો ભડકો ઘરમાં થાય અને બંનેના દિલ દાઝી પણ જાય !

# ધ ફાઈનલ ટ્રિક

• વલ્લભ નાંઢા

મિસ સિમન્સ સામાનની બેગ નીચે મૂકીને પોતાના ભાઈ માર્ટિનના સ્ટડીરૂમમાં પ્રવેશે છે. માર્ટિનના રૂમમાં પીસફૂલ સન્નાટો છે. તે શેતાન માર્ટિન સખત વાંચોડી છે. ને તો ય ખાવાપીવા, હરવાફરવા ને બહેનને ખિજવવાનો લુચ્ચો શોખીન છે. મિસ સિમન્સ ગ્લાસગોના પોતાના વેકેશન-હોમની ચીજો ધારી ધારીને તપાસે છે. શી ટ્રિક કરી હશે આ વખતે અટકચાળાએ? હમણાં બારણા પાછળથી બાઘડો બનીને બહાર આવશે? ફ્રિજમાં ઈંટોના ખડકલા કરી ગયો હશે? કે બહેનના સ્લીપર્સમાં ગુંદર રેડી બેઠો હશે? ને ગયો છે ક્યાં? હરામખોર, લાઈબ્રેરીમાં? શૂ શૂ શૂ જોવા દે ... હસુ હસુ થઈને મિસ સિમન્સ ચોરપગલે રૂમમાં પગ મૂકે છે. રૂમની ચીજવસ્તુઓ યથાસ્થાને છે. દર વખતે વેકેશનમાં મિસ સિમન્સ સમય કાઢીને લંડનથી બે-ચાર દિવસ પોતાના ઘરને તેમના દુષ્ટ ભાઈએ કેવું ખેદાનમેદાન કરી નાખ્યું હશે તે જોવા આવે છે, ને તે બે-ચાર દિવસ ભાઈબહેન જગતથી એકલાં ખાઈ પીને સામસામાને હેરાન કરે છે. ઓહ, વ્હોટ અ જોય! તે બે-ચાર દિવસ જાણે લાઈફને વેકેશન આપીને બહાર મોકલી દેવાની, જે ભાઈને ઉંવા ઉંવાથી આજ સુધી મોટો કર્યો છે તે લુચ્ચાની સાથે રમવાની ને ભમવાની જિયાફત કરવાની અપેક્ષાથી મિસ સિમન્સ હર્ષથી કાંપે છે.

ખંડની વચ્ચોવચ્ચ ક્રિસ્ટલ ગ્લાસની નાની નાની પાંદડીઓવાળું ઝુમ્મર લટકે છે. કશી ગરબડ નથી. ઓકે. પેટિયોવાળી દીવાલના બંને ખૂણાઓમાં લાકડાના ત્રિકોણિયા પીસ પર મસિહા ક્રાઈસ્ટ અને મધર મેરીનાં મકરાણ માર્બલનાં મિનિયેચર શિલ્પ આવકારી રહ્યા છે. ડિટ્ટો. દીવાલ પર સોનેરી ફ્રેમમાં મઢેલો કલરફૂલ ફેમિલી-ફોટોગ્રાફ. ફાઈન. ફાયરપ્લેસવાળી દીવાલ પર હેનરી જોન બૉડિંગ્ટનનો વિક્ટોરિઅન લૅન્ડ્સ્કેપ અને ઓહ! આ નવું છે, યસ? તેની સામેની દીવાલ પર વિલ્યમ શેક્સપિયરનું ઑઈલપેન્ટિંગ! આહ, સાહેબને શેક્સપિયરનો ઈશ્ક થયો છે !

રૂમના એક ખૂણામાં માર્ટિનનું ટેબલ છે, જેના પર બે-ચાર પુસ્તકો વેરવિખેર પડેલાં છે. તેની બાજુના કબાટમાંથી ચાર્લ્સ ડિકન્સ, એચ.જી. વેલ્સ, અને વર્જિનિયા વુલ્ફ, બાયરન, કિટ્સ ને ચોસર શા ધૂરંધરોનાં પુસ્તકો ડોકિયાં કરી રહ્યાં છે. પણ મિસ સિમન્સની નજર ટેબલ પર પડેલા એક પુસ્તક પર ચોંટી હતી. એની પર ન કોઈ ટાઈટલ હતું, કે ન હતું તેના લેખકનું નામ! પહેલું જ પાનું ખોલતાં એમની આંખો પહોળી થઈ ગઈ. એ પુસ્તક નહોતું, ડાયરી હતી. માર્ટિનની પર્સનલ ડાયરી ! વ્હાય નોટ? શેતાને શી શી ટ્રિક ગોઠવી છે, લેટ અસ ફાઈન્ડ આઉટ, યસ? મિસ સિમન્સ ટેબલ પાસેની ચેરમાં બેસી ગયાં. ઉત્કંઠાથી ધ્રૂજતા હાથે ડાયરીનું પહેલું પાનું ખોલ્યું -

---

મિત્રપત્નીઓ 'વેકેશન' પર જઈ આવી વેકેશનની જે વાતો કહે એ સાંભળી, મનમાં સંઘરી, સંધ્યા તક ઝડપી રવિને કહેતી : 'તારા બધા મિત્રો દર વર્ષે વેકેશન લઈ, ઘરના બધાને ફરવા લઈ જાય છે અને તું એકલો વેકેશન ભેગું કરીને કરીને, એના પૈસા બનાવી બેંકમાં મૂકે છે ! .. નથી તું ક્યાં ય ફરવા જતો કે નથી છોકરાઓને અને મને ક્યાં ય ફરવા મોકલતો !! .. 'રવિ આ સાંભળી અંદરથી ખૂબ ઉકળાતો, અને આજ સુધી 'વિઝીટ' કરેલા સ્થળોને યાદ કરાવવા સંધ્યાની સ્મૃતિને ખોતરવાનું મન થઈ જતું, પણ ગુસ્સામાં સંધ્યાની સ્મૃતિને વધારે ખોતરી જવાય એ ભયે પોતાની જાતને સંભાળી લઈ, 'વિઝીટ' કરેલા સ્થળોને યાદ કરતો કરતો એ જ એમાં ખોવાઈ જતો. સંધ્યાને બહાર ફરવા લઈ જવામાં એ ક્યાં ક્યાં ફર્યો છે એને યાદ કરતો; કેલિફોરનિયામાં 'ડિઝનીલેન્ડ', ફ્લોરિડામાં 'ડિઝનીવર્લ્ડ' સેન્ડીઓગોમાં 'સફારી', લાસવેગાસની લાઈટો, 'ગ્રાન્ડ કેન્યોન'નો 'ગ્રાઉન્ડ' વિસ્તાર, 'સેન્ટ લુઈસ'ની 'આર્ચ', ટેક્સાસના 'સિક્સ ફ્લેગ'ની રાઈડો, 'સેન્ટ એન્ટોનીઓ'ની નદી વિહાર, 'સેન મારકસ'ની ગુફાઓની ગુમાઓ, 'હવાઈ'ની હવા, અને 'વોશિંગ્ટન'માં 'કેપિટલ', 'મોન્યુમેન્ટ' વગેરે વગેરે અમેરિકાના જોવા લાયક સ્થળોમાં મેં શું બાકી રાખ્યું છે ! અમેરિકાની બહાર, નાયગરાનો ધોધ, 'ટોરોન્ટો'નો ટાવર, બેન્કકૉગ'માં બુદ્ધના સોનાના બાવલા, હૉન્ગકૉંગ અને સિન્ગાપુરનું શોપિંગ, ઈન્ડોનેશીઆના 'બાલી' ટાપુની મુલાકાત, અલાસ્કાની અગિયાર દિવસની આગબોટની મુસાફરી, મેક્સિકોના 'કોઝુમલ' ટાપુનો નાનો નૌકા વિહાર પણ કરાવ્યો છતાંયે સંધ્યાને એમ જ છે કે હું એને ક્યાં ય ફરવા લઈ જતો જ નથી !! એની સખીઓ પણ આટલું ફરી નહિ હોય !' … આ બધુ એણે સંધ્યાને જ્યારે જ્યારે યાદ કરાવ્યું છે ત્યારે ત્યારે ઘરમાં ઝઘડા જ થયા છે. વાક્‌બાણો જ્યારે એક જ જગ્યા પર વાગ્યા કરે ત્યારે એ વેદનાના ઘા ઊંડા ઉતરતા જાય છે!

સંધ્યાનાં ઘણાં સગાંઓ આ શહેરમાં છે અને સંધ્યા એ સગાંઓનાં કામોમાં ઘરનું કામ પડતું મૂકી મદદે દોડી જાય છે, પણ જ્યારે સંધ્યા સાજી-માંદી હોય ત્યારે એ સગાંઓ ડોકાતાં પણ નથી! ફોન ઉપર જ સંધ્યાની ખબરઅંતર પૂછી લે છે! રવિ, સંધ્યાની આંખ ખોલવા આ અંગે કંઈક ટકોર કરે, ત્યારે બંને વચ્ચે તણખા ખરે છે અને બંને ઉદાસ થઈ, ઘરમાં બોલ્યા વગર ક્યાં ય સુધી બેસી રહે છે.

શોપિંગ કરતાં રવિ સંધ્યા સાથે વાત કરવાની શરૂઆત કરે કે સંધ્યા એને ટકોર કરતી કહેતી હોય; 'જરા ધીરેથી બોલતા હોય તો .. કોઈ સાંભળે તો કેવું લાગે ..'

રવિ ખીજાતા કહેતો હોય : 'અહીં તારા કોઈ સગાંઓ છે કે એ સાંભળી જશે એની ચિંતા તારે કરવી પડે છે ... તું કાયમ લોકોની ચિંતા કરે છે, પણ મને ટોકીને, અટકાવીને, મને કેવું લાગશે એની ચિંતા તું કોઈ દી કરે છે ?' એ વિવાદ પછી બંને મોં ચડાવી શોપિંગ કરી લે અને ઘેર આવી થોડું ઝઘડી પણ લે !

રવિ ફોન ઉપર મિત્રો સાથે મજાક કરતો હોય ત્યારે પણ સંધ્યા વચમાં કૂદી પડી કહેતી હોય : 'એ ને એ વાતો કરીને સામાવાળાનું માથું શું કામ તમે દુખાડો છો?' રવિ ફોન મૂકતાં ગરમ થઈ સંધ્યાને કહેતો હોય : 'સામાવાળા મારાં કોઈ સગાં નથી કે મારે કેટલી અને કેવી વાતો કરવી જોઈએ. તારી સાથે તો મારે સાવધાની રાખી બોલવું પડે છે, અને ગમ્મતમાં પણ તને કંઈ કહેવાતું નથી. મિત્રો સાથે થોડી મજાક કરું છું એ પણ તારી આંખમાં ખૂંચે છે !'

મિત્રોને ઘેર જમવા બોલાવ્યા હોય ત્યારે રવિ ગમ્મત કરી એમને હસાવતો હોય ત્યારે સંધ્યા વચમાં કૂદી પડી, રવિનો ઉધડો લેતી કહેતી હોય : 'રવિ, તું શું બોલે છે એની ખબર પડે છે?' રવિની ત્યાં જ બ્રેક વાગી જતી, અને મિત્રોને ખબર પડી જતી કે રવિ કેમ ચૂપ થઈ ગયો ! રવિ મનોમન બળતો રહેતો, સળગતો રહેતો !

એમનાં ચાલીસ વર્ષનાં દાંપત્યજીવનમાં લોકો શું કહેશે એની ચિંતા સંધ્યાએ ખૂબ કરી છે અને રવિ પાસે પણ કરાવી છે. પરિણામે, એને પણ એક દિવસ ઊંઘમાં ભારે હાર્ટએટેક આવ્યો અને ચિરંજીવ શાંતિની ચાદર એણે પણ ઓઢી લીધી !

એકાદ વર્ષમાં સંધ્યાને સમજાઈ ગયું કે લોકોની ચિંતા કરી કરી એ રવિ સાથે આટલાં વર્ષો ઝઘડી, પણ લોકો એના કામમાં તો આવ્યા નહિ! રવિની વાતો એણે એક કાનથી સાંભળીને બીજા કાનેથી બહાર કાઢી પણ અંદર ઊતારી નહિ એનું દુખ, રવિને યાદ કરી કરીને આંસુઓ વાટે એકલી એકલી આજે એ વહાવે છે! રવિ હતો ત્યારે સખીઓના વરો સાથે સરખામણી કરતાં એને થતું : 'આની સાથે મારા ક્યાં પનારા પડ્યા ?!' રવિ નથી ત્યારે સંધ્યાને સમજાય છે કે સખીઓના વરો કરતાં રવિ કેટલો સારો હતો.

સંધ્યાનું આ ડહાપણ રવિની હયાતીમાં આવ્યું હોત તો એ બંને માટે કેટલું સુખાકારી નિવડત.

જે બહેનો આ પરિસ્થિતિમાંથી પસાર થઈ ચૂકી છે એને મળો અને એમને શાંતિથી સાંભળો અને સમજો તો ઘણું મળી આવશે.

ઘેર ઘેર માટીના (ગેસના, ઈલેક્ટ્રીકના) ચૂલા છે, એટલે એ સળગવાના તો છે, પણ એ આપણને બાળી ન જાય એ જોવામાં જ ડહાપણ છૂપાયેલું છે !

e.mail : Chiman.Patel@kbr.com
[12126, Wembley Drive, HOUSTON, Texas - 77031-3208
U.S.A.]

**સપ્ટેમ્બર 6 :**

આપણે પહેલી વાર ક્યાં મળ્યાં હતાં? જિજ્ઞા, યાદ છે તને? સ્કૂલના ગેટ તરફ જવા માટે તું તારા ડેડની કારમાંથી નીચે ઊતરતી હતી ને ઉતાવળે પસાર થતાં હું તારી સાથે અથડાયો હતો. તારા હાથમાંથી પુસ્તકો જમીન પર ફંગોળાયાં હતાં. તું ગુસ્સે થઈ ગઈ હતી. મેં માફીસૂચક શબ્દ 'સોરી' કહીને એ પુસ્તકો જમીન પરથી ઉપાડી લઈને તારા હાથમાં મૂક્યાં હતાં. આ એક અકસ્માત હતો, છતાં કર્ટસી ખતર તેં મને 'થેંક્સ' પણ કહ્યું નહોતું. તું બસ મારી સામે ડોળા ફાડીને જોઈ રહેલી ... અને તારા આ બેહુદા વર્તાવથી હું હબકી ગયેલો. પહેલી જ મુલાકાતે મિડલ ક્લાસ રૉટન સ્કૂલ-ગર્લ તરીકે તારી છબિ મારા મનમાં ઊઠી આવેલી અને તને ફરી ન મળવું એવો નિર્ધાર કરી મેં તને રિજેક્ટ કરી દીધેલી. પણ આશ્ચર્યજનક બાબત તો એ બની કે તને મારા જ ક્લાસમાં પ્રવેશ મળ્યો ત્યારે હું હેરાન રહી ગયો.

**નવેમ્બર 22 :**

બે-એક મહિના પછી તારા વિશેની ગ્રંથિઓનાં તાણાવાણા છૂટવા લાગ્યા. દિવસો પસાર થતા ગયા એમ હું તને વધારે સારી રીતે ઓળખતો થયો. હા, તું મિડલક્લાસ ફેમિલીમાંથી આવતી હતી, પણ સ્કૂલમાં તારી છાપ આઇડીઅલ સ્કૂલગર્લ જેવી ઊપસી હતી. ચાર્મિંગ પ્રિન્સેસ તરીકે સ્કૂલમાં જામેલી તારી ઈમેજથી હું ભીંજાયો. આપણી પહેલી મુલાકાત વખતે તું મારા પર કેમ ગુસ્સે થઈ ગયેલી, તેનું કારણ પણ સમજાયું હતું: એ દિવસ જમીન પર ફંગોળાયેલા તારા ફેવરિટ સૉનેટના પુસ્તક પર ભૂલથી મારો પગ મુકાઈ ગયેલો અને મારા શૂઝના નિશાન પુસ્તકના પૂંઠા પર ઊઠી આવેલાં, ને ડોળા ફાડતી તું ગુસ્સામાં મારી સામે જોઈ રહેલી.

જ્યારે પહેલી વાર કૉરિડોરમાં શૅક્સપિયરનાં યાદગાર સૉનેટ્સની પંક્તિઓ મમળાવતાં મેં તને જોઈ હતી ત્યારે લાગેલું કે, તું કોઈ પૉપસૉંગની અર્થહીન પંકતિઓ બડબડી રહી છે. પણ પછી કાન દઈને એ પંક્તિઓ દુબારા સાંભળી ત્યારે શ્વાસ લેવો ભૂલીને હું તારી સામે બે પાંચ ક્ષણ વિસ્મયથી તાકી રહેલો- તું શૅક્સપિયરનું પેલું સૉનેટ 'Let not my love be called idolatry' ગુંજી રહી હતી. એક ગુજરાતી છોકરીની ઈંગ્લિશ લિટ્રેચર પ્રત્યેની આવી ચાહના? આવો ભાવ? એ જોતાં મારું મોં અહોભાવથી પહોળું રહી ગયેલું.

**જાન્યુઆરી 5 :**

આજે સ્ટડી-હૉલમાં તને મળવા આવ્યો ત્યારે તું 'Antony and Cleopatra'માં મોં ડૂબાડી બેઠી હતી. તને યાદ છે, એક વાર આપણે શૅક્સપિયરના 'રોમિયો એન્ડ જુલિયેટ' વિશે ચર્ચામાંથી હોટ આર્ગ્યુમૅન્ટ્માં ઊતરી પડ્યાં હતાં. આપણું આર્ગ્યુમેન્ટ પછી એટલું તીવ્ર બન્યું હતું કે પૂરા એક વીક સુધી આપણે બોલવાનું પણ બંધ કરી દીધેલું. પણ શુક્રવારે સ્ટડી-હૉલમાં આપણે પાછાં મળ્યા હતાં ને પાછલા વિવાદને હસી કાઢેલો.

**એપ્રિલ 7 :**

જિજ્ઞા, હું જ્યારે તને કોઈ બીજા છોકરા સાથે હસીને વાતો કરતી જોઉં છું ત્યારે ઈર્ષાથી મારું કાળજું સળગી ઊઠે છે. આમ કેમ થતું હશે, તે વિશે પહેલાં તો કંઈ સમજ જ પડતી નહોતી. હવે સમજાય છે એ પ્રેમ જ છે. મારે આ પ્રેમ વ્યક્ત કરવો છે, પણ મનમાં ડર લાગે છે, ક્યાંક તું મારી એ લાગણીઓને નહીં સમજી શકી તો? એથી હું ચૂપ જ રહું છું.

**જૂન 1 :**

બપોરે કોઈએ મને જણાવ્યું કે કૅન્ટીનમાં તું ફેન્ટ થઈ ગઈ છે, ત્યારે હાંફળોફાંફળો હું કૅન્ટીન તરફ દોડી આવ્યો હતો. જ્યારે તને એમ્બ્યુલન્સમાં સુવાડી હૉસ્પિટલ તરફ લઈ જતા હતા ત્યારે મારી જાતને હું માંડ માંડ સંભાળી શકેલો.

**જૂન 2 :**

બહાર વર્ષાની ઝરમર ચાલુ હતી. અમારા ફૉર્મ ટિચર મિ. સ્મિથે વર્ગમાં આવી ઉદાસ સ્વરે જણાવેલ કે તું અચાનક સીક થઈ ગઈ છે. ત્યારે આઘાતથી મારા કાન બહેરા થઈ ગયેલા. હું તારી પાસે આવવા માગતો હતો. મિ. સ્મિથે છેલ્લું વાક્ય પૂરું કર્યું ત્યારે બહાર અંધાધૂંધ વરસાદ જામી પડ્યો હતો. અને મારા દિલમાં પણ તોફાન ઉઠ્યું હતું.

લેસન પૂરો થયો ત્યારે વરસાદની ગતિ જરા ધીમી પડી હતી. બહાર આવી હૉસ્પિટલ જવા માટે મેં ટ્યૂબટ્રેન પકડી. તારા વૉર્ડમાં આવ્યો ત્યારે નર્સે જણાવ્યું કે, તારી હોજરી પર સર્જરી કરવામાં આવી છે. લાઇફ સપોર્ટ મશિનની નળીઓ વાટે તારા શરીરમાં ટૅક્વીલાઇઝર્સ અને સીડેટીવ્ઝ ચડી રહ્યાં હતાં. તારો ચહેરો સાવ ફિક્કો જણાતો હતો. તારી નજીક આવી, તારા માથા પર હાથ મૂકતી વખતે ભરાઈ આવેલા ડૂમાને હું ન રોકી શક્યો ...

'માર્ટિન! ડોંન્ટ બી સેડ. લૂક, આયમ ઑલરાઈટ.' કહીને તું જરા અટકી હતી. 'મારા મમ –ડેડનું કહેવું છે કે હું થોડીક એનેમિક થઈ ગઈ હતી. એથી કૅન્ટીનમાં જરા ચક્કર જેવું આવી ગયેલું. બટ નાવ આયમ ઓકે. ઓનેસ્ટલી માય પેરન્ટ્સ ટોલ્મી ધૅટ.'

જિજ્ઞા, હું જાણું છું કે અત્યારે તારા મનમાં શું ચાલી રહ્યું છે તે. તારી વેદનાની લિપિ સુદ્ધાં હું તારા ચહેરા પર સાફ વાંચી શકું છું. હું મનમાં બબડ્યો હતો. પણ તારા શબ્દોને ખોટા ઠરાવવાની મારી પાસે કોઈ તરકીબ ન હતી.

તારા ખુલાસાને માન્ય રાખી હું તારો હાથ પકડી ચૂપ જ ઊભો રહેલો. પછી તેં પણ સહેજ માથું નમાવી આછેરું સ્મિત કરી આસ્તેથી તારા હાથનો ધ્રૂજતો પંજો મારા હાથ પર મૂકી દીધેલો.

થોડી વાર પછી તારા મમ અને ડેડ તને જોવા આવ્યા હતા ત્યારે તેં મારું ઈન્ટ્રડકશન કરાવ્યું હતું. સફેદ વાળ, ગોરો વાન અને ગ્રે સૂટમાં તારા ડેડ મિ. મજમુદારની પર્સનાલિટી ઈમ્પ્રેસીવ લાગી. તારા મમ, મિસિસ રેણુકાબે'ન જરા ડાર્ક સ્કિન્ડ પણ મિક્સિંગ નૅચરવાળા જણાયાં.

મેં બંને સાથે હાથ મેળવ્યા. એમની સાથે થોડી વાતો કરી. પછી હું ત્રણેની રજા લઈ ઊઠ્યો.

**જૂન 5 :**

સવારે ઘેરથી નક્કી કરીને જ નીકળ્યો હતો, આજે તો પ્રણયનો એકરાર કરી જ નાખવો છે. લિફ્ટમાંથી બહાર નીકળી ઈમર્જેન્સિ વૉર્ડમાં આવ્યો ત્યારે તારી આંખો બંધ હતી. પાસેના ખૂણામાંથી એક ખુરશી તારા બેડ પાસે ખેંચી ત્યાં તારી આંખોનાં પોપચા ખૂલ્યા, ને તેં હાથ સહેજ ઊંચો કરી મને તારી પાસે બોલાવ્યો. મેં આસ્તેથી તારો હાથ પકડી લીધો. તું મને જોઈ રહી, એવી રીતે જાણે એ આપણું અંતિમ મિલન ન હોય ! કોઈ અજ્ઞાત શક્તિએ અંદરથી મને ધક્કો માર્યો અને મેં મારું હૈયું તારી પાસે ખોલી નાખ્યું : 'એક ગોરો છોકરો એક ગુજરાતી છોકરીના પ્રેમમાં પડે છે. એક એવી અલ્લડ છોકરીના પ્રેમમાં, કે જે, શૅક્સ્પિયરના લવ –સૉનેટ્સના પ્રેમમાં છે. રોમિયો અને જુલિયેટ પાછળ એ છોકરી ગાંડી છે. અંગ્રેજ છોકરો, ગુજરાતી છોકરી ! બેયના કલ્ચર વચ્ચે જમીન આસમાન જેટલો તફાવત! અંગ્રેજ છોકરો પોતાની ગર્લફ્રેન્ડ આગળ પ્રેમનો પ્રસ્તાવ કરતાં ગભરાય અને છોકરી પણ સાઈલન્ટ ...'

'એ છોકરાને હું જાણું છું ...' આમ કહેતાં તારો કંઠ અચાનક રૂંધાઈ ગયેલો.

મેં સીધું પૂછ્યું હતું : 'જિજ્ઞા, ટેલ મી હુ ઈઝ ધ ગાય?'

'ઇટ્સ યુ ... માર્ટિન, ઇટ્સ યુ. માય ચાર્મિંગ પ્રિન્સ, ... હું પણ સીધેસીધું કહી શકી નહોતી.'

તારા ફિક્કા હોઠ પર પહેલી જ વાર આછેરી રતાશ આવતી મેં ત્યારે જોઈ હતી. અને મેં તારા હોઠ પર મારા હોઠ આસ્તેથી ચાંપી દીધેલા.

ત્યાં ઘંટડી વાગવા લાગી. મુલાકાતીઓનો સમય ખતમ થયો હોવાનો સંકેત આપતી ઘંટડી એકાદ મિનિટ વાગીને ચૂપ થઈ ગઈ. મારે તારી પાસે દિલ ખોલીને હજી ઘણી વાતો કરવી હતી - હજી ઘણું કહેવું હતું, તને સાંભળવી હતી ... પણ ના છૂટકે મારે તારી વિદાય લેવી પડેલી.

**જૂન 26 :**

એક્ઝામ્સનો એ છેલ્લો દિવસ હતો. ગઈ કાલે અધૂરી રહી ગયેલી મારી વાત પૂરી કરવા હું તારા વૉર્ડમાં દાખલ થયો ત્યારે તું જે બેડ પર સૂતી હતી તે ખાલી હતો. એક નર્સ એ બેડ તૈયાર કરતી હતી. બેડ પર તાજા પાથરેલા બેડશીટ પર પિલોઝ ગોઠવતી નર્સને મેં પૂછ્યું :

'હેઝ મિસ જિજ્ઞા બીન મુવ્ડ ટુ અનધર વૉર્ડ?'

નર્સે જણાવ્યું કે, 'આયમ સોરી, બટ, વીથ હેવી હાર્ટ આઈ હેવ ટુ સે ધેટ શી હેઝ પાસ્ડ અવે ધીસ મૉર્નિંગ.'

તું હવે આ દુનિયામાં નથી રહી, એ શબ્દો સાંભળતાં જ માથામાં બૉંબ-બ્લાસ્ટ થયો હોય એમ હું કંપી ઊઠ્યો. એક્ઝામ્સની તૈયારી પાછળ સમય ગુમાવી નાખવા બદલ ભારે અફસોસ થયો. ગઈકાલે ઘંટડી વાગ્યા પછી પણ તારી પાસે થોડો વધુ સમય રોકાઈ શક્યો હોત. પણ હવે એ બધું વિચારવાથી શો અર્થ સરવાનો હતો? મૂઢની જેમ હું કૉરિડોરમાં જડાઈ ગયો. આમ ખોડાયેલો કેટલો સમય ઊભો હોઈશ તેની મને સરત પણ નહોતી રહી .. પણ હવે શું? તું તો દૂર દૂર કોઈ એવી દુનિયામાં ચાલી ગઈ હતી કે જ્યાં માણસ ધારે તો પણ ન પહોંચી શકે!

પછી હું ઘેર કેવી રીતે પહોંચ્યો તેનું પણ મને ભાન નથી. આંખ ખૂલી ત્યારે ભાન આવ્યું કે, હું મારી રૂમમાં હતો અને મારા બેડનો પિલો ભીનો હતો.

**જૂન 30 :**

આજે ફ્યુનરલ સેરિમનીમાં તારા ડેડે મને કહ્યું કે, 'અંતિમ ક્ષણો વખતે, મેં તને તારા બર્થ-ડે પર ગિફ્ટ તરીકે શૅક્સપિયરનું 'રોમિયો એન્ડ જુલિયેટ' આપેલું તે તેં તારી છાતીએ દબાવી રાખેલું. તારા મમ કહેતાં હતાં, 'જિજ્ઞા, છેલ્લી ક્ષણો વખતે તને બહુ યાદ કરતી હતી. જિંદગીના છેલ્લા શ્વાસ છોડતાં પહેલાં એ તને જોવા માગતી હતી. મોબાઈલ પર અમે તારો સંપર્ક કરતાં રહ્યાં પણ તારો મોબાઈલ સ્વીચ-ઓફ હતો.' તારા મમના છેલ્લા શબ્દોએ મને હલબલાવી નાખ્યો. આંખોમાંથી ગોંધી રાખેલો અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો તારા મમના ખભા પર માથું મૂકી એ અશ્રુબંધને બસ વહેવા દીધો ...

અત્યારે ડાયરી લખું છું ત્યારે મારી આંખો કોરી ધાકોર છે. તારી ફ્યુનરલના સમયે મારી આંખોમાં જેટલાં હતાં તે બધાં જ પાણી મેં વહેતા કરી દીધા હતા. હવે મારી સૂકી આંખોમાં એક ટીપું ય બચ્યું નથી. અને મારા હૃદયના ટુકડેટુકડા થઈ આસપાસ વેરાઈ ગયા છે.

**સપ્ટેમ્બર 6 :**

આજથી સ્કૂલનું નવું વર્ષ અને નવી ટર્મ શરૂ થયાં છે. તારી સીટ પર એક નવી છોકરી બેઠી છે. એ છોકરીને મેં પૂછ્યું હતુ : 'મૅકબેથના ઑથરનું નામ જાણે છે?' તો એ બાઘાની જેમ મારી સામે એ જોઈ રહેલી. ત્યારે મને લાગ્યું હતું કે તું ખરેખર મારાથી દૂર ચાલી ગઈ છે.

લૅક્ચર્સમાં ચિત્ત લાગતું નથી. ફુલ એટનડન્સ વચ્ચે પણ તારા વિના ક્લાસ સાવ ખાલી ખાલી લાગે છે. નવી ટર્મના પહેલા દિવસે હું મારા લેસન્સ અધૂરા છોડી ઘેર ચલ્યો જાઉં છું. ઘરની લોનલીનેસ ગૂંગળાવે છે. તારી યાદ મારો પીછો છોડતી નથી. જુલિયેટના મૃત્યુના સમાચાર સાંભળી રોમિયો, ઝેર ગટગટાવી ગયો હતો. રોમિયોને ઢળી પડતો જોઈ જુલિયેટે કૉફિનમાંથી બહાર આવી રોમિયોનું ખંજર પોતાની છાતીમાં ભોંકી દીધું હતું. રોમિયો, જુલિયેટ, મૅકબેથ, લેડી મૅકબેથ ... આજે તું પણ એ પાત્રોમાંની એક બની ગઈ હોય એવું કેમ લાગે છે?

કંઈ જ સમજાતું નથી. અને હમણાં હમણાં મને ટૂંકી જિંદગીનો અહેસાસ વારંવાર કેમ થાય છે? અને આ અર્થવિહીન જીવનનો પણ શો અર્થ?

***

ડાયરીનું છેલ્લું વાક્ય વાંચી મિસ સિમન્સે એક ઊંડો શ્વાસ ભર્યો અને ડાયરી ટેબલ પર તેની જગ્યા પર રાખી દીધી. માર્ટિનની જિંદગીમાંથી જિજ્ઞાની એક્ઝિટ એક ઈશ્વરનિર્મિત ઘટના હતી. હવે માર્ટિને નવેસરથી જિંદગીની શરૂઆત કરવાની છે. તેને વધુ વહાલ, કાળજી અને અન્ડરસ્ટૅન્ડિંગની જરૂર છે. કદાચ તેનો ટીખળી સ્વાભાવ બદલાય, હવે ભાયડો થઈ રહ્યો છે. તેને બહેન નહીં પણ બીજી કોઈ સંગતની જરૂર છે.

યસ, માર્ટિન હંમેશની જેમ લાઈબ્રેરીમાં ગયો છે? મિસ સિમન્સે કશી ચિઠ્ઠી મૂકી ગયો હોય તો તે જોવા નજર કરી. ત્યાં ડોરબેલની ઘંટડી સંભળાઈ. યસ, માર્ટિન જ હોવો જોઈએ. મિસ સિમન્સે દરવાજો ખોલ્યો.

સામે પોલિસ ઈન્સપેક્ટરને ઊભેલા જોઈને મિસ સિમન્સને ફાળ પડી.

'કેન આઈ સ્પીક ટુ મિસ સિમન્સ?'

'ધેટ્સ મી.'

'આયમ પોલિસ ઈન્સપેક્ટર ગ્રેગરી ડોયલ ફ્રોમ સ્વિન્ટન પોલિસ સ્ટેશન ... મૅંચેસ્ટર.'

'ઇઝ એવરીથિંગ ઑલરાઈટ, ઈન્સપેક્ટર?'

'આઈ હેવ સમ સેડ ન્યૂસ કન્સર્નિંગ યોર બ્રધર ....'

પોલિસ ઈન્સપેક્ટરે વિગતે વાત કરી.

મિસ સિમન્સને પગ તળેથી જમીન સરકતી હોય એમ લાગ્યું. માર્ટિન તેની ગુજરાતી પ્રેમિકા પાસે ચાલ્યો ગયો હતો. મિસિસ સિમન્સ સાથે તેના જીવનની છેલ્લી ટ્રિક રમીને.

(મધુ રાય સંપાદિત વાર્તા માસિક, "મમતા"ના ડિસેમ્બર ૨૦૧૧ અંકમાંથી સાભાર)

[324 Horn Lane, Acton, LONDON W3 6TH, U.K.]

---

# ગુફ્તેગૂ –

## આરક્ષણ

• બે વર્ષ અમેરિકામાં અભ્યાસ માટે રહ્યા બાદ, ઉનાળુ વેકેશનમાં બે મહિના માટે, હું અમદાવાદની મુલાકાતે આવ્યો હતો. અમેરિકાના અનુભવોથી મારામાં ઘણો મોટો માનસિક બદલાવ આવ્યો હતો. જ્યારે વિમાન અમદાવાદની ધરતીને સ્પર્શ્યું, ત્યારે રાત્રિના આઠ વાગ્યા હતા. ભર ઉનાળે અમદાવાદમાં પગ મૂકવાનું મારા માટે જરા આકરું થઈ પડ્યું હતું. શરૂઆતના બે અઠવાડિયા તો હું ક્યાંયે બહાર ન નીકળ્યો, કારણ કે ગરમી અને હવાફેરને કારણે બીમાર પડવાની પૂરી શક્યતાઓ હતી. આમ છતાં, અંદરોઅંદર પરિવારજનોને પૂરાં બે વર્ષ પછી મળવાનો આનંદ તો હતો જ.

આમ તો હું કોઈના ઘરે રહેવા જવાનું ટાળતો હતો, પરંતુ અમારા સ્મિતાકાકીના અત્યંત આગ્રહને વશ થઈને, થોડા દિવસો બાદ એમના ઘરે મારે રહેવા જવું પડ્યું. સ્મિતાકાકીનું ઘર દસ માળના ગગનચૂંબી એપાર્ટમેન્ટમાં હતું. એ એપાર્ટમેન્ટમાં હું રોજ સવારે એક છોકરીને કચરો સાફ કરતાં જોતો. એનું નામ ગીતા હતું. છેક દસમા માળેથી શરૂ કરીને એપાર્ટમેન્ટના ટાવરની ચારે બાજુનો વિસ્તાર એ બરાબર સાફ કરતી. રોજ સવારે છથી તે છેક દસ વાગ્યા સુધી તે આકરી મહેનત કરતી. વળી, એટલું ઓછું હોય, તેમ આટલું કામ કર્યા બાદ, તે ઘરે-ઘરે કચરો લેવા જતી. આ તનતોડ મહેનત માટે એને મહિને એક હજાર રૂપિયા મળતા હતા.

એક દિવસે સવારે હું મોડો ઊઠીને જરા આરામ ફરમાવતો ટીવી જોતો હતો, અને તે આવી. મને નવાઈ લાગી, કારણ કે તે થોડા સમય પહેલાં જ કચરો ઉઘરાવીને ગઈ હતી. એ ફરીથી કેમ આવી હશે, એમ હું વિચારતો હતો ત્યાં જ એણે સ્મિતાકાકીને પૂછ્યું : 'બે'ન, કંઈક ખાવાનું પડ્યું હોય તો આપશો ? બહુ ભૂખ લાગી છે. આજે હું મારા ઘરેથી કંઈ નથી લાવી.' ગીતાના આવા સવાલથી હું ચોંકી ઊઠ્યો. મને થયું કે માણસને જે વસ્તુ સરળતાથી મળી જતી હોય, એની એને કિંમત નથી હોતી. આપણા માટે જમવાનું કામ કેટલું સરળ છે ! ઘણીવાર તો આપણે ન ભાવતી વાનગી હોય, તો અન્નનું અપમાન પણ કરી બેસીએ છીએ. પરંતુ આ લોકો માટે તો ખાવાનું મળે, એ જ કેટલી મોટી વાત હોય છે ! આપણા જેવા રજવાડી શોખ એમને ક્યાંથી હોય ? ગમે તેમ પણ મને ગીતા પર દયા આવી. ટીવીમાંથી ધ્યાન બાજુ પર હટાવીને હું એ જોવા લાગ્યો કે કાકી હવે શું કરે છે. કાકીએ તેને કહ્યું : 'જરા બે મિનિટ ઊભી રહે, રસોડામાં જોઈને કહું.'

સ્મિતાકાકીનો સ્વભાવ આમ પાછો દયાળુ. રસોડામાં જઈને એમણે જોયું તો ત્રણ ભાખરી વધેલી. એમણે વધેલી ભાખરી હાથમાં પકડીને ઉપરના માળિયામાંથી પેપરડિશ કાઢી. મને મનમાં થયું કે શું કાકીના ઘરમાં સ્ટીલની ડિશ નહીં હોય ? એમણે પેપરડિશમાં ત્રણ ભાખરી અને અથાણું આપ્યાં. મારા માટે જે ચા મૂકેલી એમાંથી થોડી વધેલી ચા એમણે થર્મોકોલના કપમાં ભરી અને ગીતાને આપી. ગીતા ચા-નાસ્તો કરીને પ્રસન્નતાથી વિદાય થઈ પછી મેં કાકીને પૂછ્યું : 'હેં કાકી, તમે ગીતાને સ્ટીલનાં વાસણમાં નાસ્તો કેમ ન આપ્યો ?'

કાકીની મુખમુદ્રા થોડી બદલાઈ. કમને જવાબ આપતાં બોલ્યાં : 'એ તો આ ટાવરમાં કચરો વાળે છે. એને સ્ટીલના વાસણમાં આપીએ તો વાસણ ખરાબ થઈ જાય.'

'અરે કાકી, પણ સ્ટીલનાં વાસણ ધોઈ નાખો પછી શું ? એ તો ચોખ્ખાં થઈ જાય ! જે વ્યક્તિ તમારા ટાવરની ગંદકી સાફ કરે છે, એની સાથે તમારો આવો વ્યવહાર ?'

'એ તો આ લોકો સાથે એમ જ હોય. એમને બહુ ઘરમાં ન બેસાડાય, ઘર અભડાઈ જાય. એમની વસ્તુ ન અડકાય.'

'પરંતુ કાકી, એના શરીરમાં વહેતાં લોહીનો રંગ શું જુદો છે ? એ શું સમાજમાં રહેવાને લાયક નથી ? એમાં એનો શું વાંક છે. એ મજબૂરીથી સફાઈનું કામ કરે એટલે શું એ ખરાબ છે ?'

આ પ્રસંગથી મને ખૂબ દુ:ખ થયું. મને એ વાતની ખાતરી થઈ કે હજુ આપણે ત્યાં અમુક કોમની વ્યક્તિઓને ખૂબ સહન કરવું પડે છે. ખાસ કરીને નિમ્ન કૂળની વ્યક્તિઓ સાથે આવા તો લાખો પ્રસંગો બનતા હશે. ગીતાને આંખ સામે રાખીને અનેક ગરીબોનાં જીવનની આ હાલત વિચારતાં મારી આંખમાં આંસુ આવી ગયાં.

ગાંધીજી શા માટે સફાઈનું કામ કરતાં હતાં એ વાત હવે મને સમજાઈ. આ પ્રકારની વ્યક્તિઓ માટે તેમણે 'હરિજન' શબ્દ શા માટે વાપર્યો હતો, એ પણ ખ્યાલ આવ્યો. ડૉક્ટર ભીમરાવ આંબેડકરે અનામતનો કાયદો સંવિધાનમાં શા માટે ઉમેર્યો, તે આ ઘટના પરથી વધારે સ્પષ્ટ થયું. આજે કદાચ આ આરક્ષણની પદ્ધતિનો દુરુપયોગ થતો હશે, પરંતુ મને લાગે છે કે સોમાંથી પચાસ ખરેખરી જરૂરિયાતવાળાને પણ જો એનાથી સુયોગ્ય જીવનધોરણ પ્રાપ્ત થતું હોય તો આ કાયદો સફળ છે. હા, એનો ખોટો ઉપયોગ ન થાય એ પણ એટલું જ આવશ્યક છે. નરસિંહ મહેતાથી લઈને ગાંધીજી સુધીના મહાપુરુષોએ દૂરંદેશી અને દીર્ઘ દૃષ્ટિ વાપરીને જો આવું થોડુંક પણ કાર્ય આ લોકો માટે ન કર્યું હોત, તો સમાજના ઉચ્ચ વર્ગોએ તો આ લોકોને પૂરેપૂરા કચડી નાખ્યાં હોત. સાચા અર્થમાં જો આ વ્યવસ્થાનો લાભ સમાજના શ્રમજીવી વર્ગને પ્રાપ્ત થાય, તો ગીતા જેવાં અનેક લોકોનું જીવન વધારે ઊજળું બને.

**- રવિ પટેલ**

e.mail : ravipatel122788@gmail.com

(૨)

## "ડાયાસપરા" માટે નવા શબ્દો !

• પરદેશોમાં વસતા મૂળ ભારતના નાગરિકો માટે સામાન્ય રીતે વપરાતો શબ્દ "ડાયાસપરા" મને ગમતો નથી. એ નકારાત્મક છે!

"Diaspora" શબ્દનો www.dictionary.com વેબ સાઈટ પર અર્થ આ છે: "any group that has been dispersed outside its traditional homeland, especially involuntarily, as Africans during the trans-Atlantic slave trade." (ભાવનુવાદ: પોતાના મૂળ દેશની બહાર, ખાસ કરીને અનીચ્છાએ, વિખરાયેલા લોકો; દાખલા તરીકે ટ્રાન્સ-આટલાંટિક ટ્રેડ દરમિયાન ગુલામ તરીકે અમેરિકા આવેલા આફ્રિકનો).

"ડાયાસપરા" શબ્દને બદલે "એબ્રોડર" ("Abroader") શબ્દ સૂચવું છું. અલબત્ત, આ નવો શબ્દ છે. આપણે જાણીએ છીએ કે "એબ્રોડ" એટલે પરદેશ, અને એ શબ્દ પરથી મને સ્ફૂરણા થઈ છે "એબ્રોડર" શબ્દની.

પરદેશોમાં રહેનારાઓ માટે ગુજરાતીમાં "વિદેશવાસી" શબ્દ વાપરવાનું સૂચવું છું. (ભારતમાં જ પણ પરપ્રાંત કે પરરાજ્યમાં રહેનારાઓ માટે "પરપ્રાંતવાસી", "પરરાજ્યવાસી" શબ્દો વાપરી શકાય.)

**- ગિરીશ પરીખ**

http://girishparikh.wordpress.com/2011/11/23/ડાયાસપોરા-માટે-નવો-શબ્દ/

**ગિરીશભાઈ,**

• શબ્દનો કોશગતઅર્થ, કોશ બન્યો હોય તે વખતે જે હતો એ મુજબ સ્થગિત થયો હોય છે. જે સામાન્ય રીતે લોક-વપરાશ મુજબ પરિવર્તનશીલ નથી હોતો.

કેટલાય શબ્દોની અર્થચ્છાયાઓ સમય સાથે ફર્યા કરે છે. એ સંદર્ભમાં ડાયસ્પોરા શબ્દની એક છાયા તમે સૂચવી એ મુજબની પણ છે જ. અને એ રીતે એને એબ્રોડરના બૃહદ્‌છાયી સમાનાર્થી તરીકે જોવો વધુ ઉચિત રહેશે.

**- પંચમ શુક્લ**

e.mail : spancham@yahoo.com

# – એતાનશ્રી

## પ્રાધ્યાપક ને બદલે પ્રાદ્યાપક કેમ છપાયું -- શીર્ષકમાં જ

• આભાર વિપુલભાઈ, "ઓપિનિયન" ના નવા અંક માટે.

અંકનું સંકલન સારું છે. પણ મધુસૂદન કાપડિયા માટે પ્રાધ્યાપક ને બદલે પ્રાદ્યાપક કેમ છપાયું -- શીર્ષકમાં જ, મોટા અક્ષરે?

મજામાં હશો.

**- રમણ સોની**

e.mail : ramansoni46@gmail.com

## દુર્ભાગ્ય, ગુજરાતમાં જનમતાં ને નિશાળોને ઉંબરે આવતાં છોકરાંઓનું

?

*l+lપક

that is

પ્રાદ્યાપક?

ગુજરાતીના સાક્ષરો તેમના લખવામાં આવી અનેક ભુલો કરતા હોવા છતાં લખાતી ગુજરાતી ફુલેફાલે, વીષયોના જાણકારો 'અમને ગુજરાતીમાં લખવું નથી ફાવતું' કહેતા અટકે, ગુજરાતમાં જનમતાં અને નીશાળોને ઉંબરે આવતાં છોકરાંઓ અધકચરીથી ઓછી અંગરેજી બોલી લખી શકતા માસ્તરોમાં અંગરેજી 'માધ્યમ'માં ફસાતાં અટકે, તેમ થવા સારુ અનીવાર્ય ગુજરાતી લખાણ વ્યવસ્થામાં સો વરસ પહેલાં અધકચરીથી ઓછી સંસ્કૃત જાણતા ન.ભો.દી., કે.હ.ધ્રુ., વગરેએ ઠોકી બેસાડેલ મુળાક્ષરો, જોડણીમાં ફેરફાર કરવા રાજી નથી.

દુર્ભાગ્ય, ગુજરાતમાં જનમતાં અને નીશાળોને ઉંબરે આવતાં છોકરાંઓનું.

**તા.ક. :** મધુભાઈ (ઠાકર)ને આમાંથી એક વારતા ઘડી કાઢવા સારુ (તેમણે બાળકોને બહુ વ્હાલ ન કરવા મુદ્દે વારતા ઘડેલી), અને ઉત્તમભાઈને જે કોઈ જોડણીસુધાર વાતે હજુ જીવતા હોય તેવાઓને ફોરવર્ડ કરવા સારુ મોકલાવું છું.

**- દયાશંકર જોશી**

e.mail : dmjoshi1@gmail.com

## ટૂંકમાં, આ પાંચ બોલ્ડ શબ્દોમાં મારી નજરે બે ભૂલો છે

• આ વેળાના "ઓપિનિયન"ના અંકના પાન ચૌદ પરના મધુસુદન કાપડીયાના લેખના શીર્ષકમાં વપરાયેલા પાંચ શબ્દો 'અદ્ ભૂતના અવધૂત પ્રાદ્યાપક મધુસૂદન કાપડિયા'ની આ વાત લાગે છે .. તેમાં પ્રાધ્યાપકને બદલે પ્રાદ્યાપક લખાયું છે.

વીનમ્રતાની સાક્ષાત મુર્તી વીપુલભાઈએ તે ભુલ કબુલ કરી છે .. સાચે જ, એ, હલન્ત 'ધ'ની જગ્યાએ હલતન્ત 'દ' વપરાવાથી થયેલી ભુલ છે .. એને જોડાક્ષરની ભુલ કહી શકાય ?

પણ પહેલો શબ્દ 'અદ્ ભૂત' જોયો ? સાર્થ દીધા 'ઈ–ઉ'ના નીયમો ભલભલાને ભુલોના કુવામાં ઉતારવા સમર્થ છે.

ભૂત, ભૂતકાળ, ભૂતલ(ળ), ભૂતાર્થ, ભૂતાવળ બધું સાચું, પણ આ 'અદ્‌ભુત' શબ્દની જોડણી ભલભલાને 'ભુલ'નું 'ભુ' પીવડાવે છે !

'અદ્ ભુત'( વચ્ચે મેં જાણીજોઈને રાખેલી સ્પેસ દુર કરું તો) 'અદ્‌ભુત'માં 'ભુ' હ્રસ્વ આવે છે.

અમને માસ્તરોને વીદ્યાપીઠનો આ નીયમ 'ડોબા, જોડણી તો આવડતી નથી !' કહીને અડધો માર્ક કાપી લેવામાં બહુ કામ લાગતો.

ટુંકમાં, આ પાંચ બોલ્ડ શબ્દોમાં મારી નજરે બે ભુલો છે.

વીપુલભાઈ મને ક્ષમા કરે ...

**- ઉત્તમ ગજ્જર**

e.mail : uttamgajjar@gmail.com

**આ દોષ દેખાડવા બદલ આ ત્રિપુટી પત્રલેખકોનો ઓશિંગણ છું. એમનો, સમગ્ર વાચકગણનો, તેમ જ, ખાસ કરીને, ઑક્ટોબર ૨૦૧૧ના અંકમાં સમાવિષ્ટ આ લેખના લેખક ભરતભાઈ શાં. શાહ અને જેમને કેન્દ્રમાં રાખી લેખ થયો છે એ મધુસૂદનભાઈ કાપડિયાનો સહૃદય ક્ષમાપ્રાર્થી છું. દયાશંકરભાઈ જોશી તથા ઉત્તમભાઈ ગજ્જરે લખી જોડણી જેમની તેમ રાખી છે.**

**- વિપુલ કલ્યાણી**

## એમની સ્મૃતિ તો સદા જીવંત જ રહેવાની

પાંદડું લીલું ને રંગ રાતો,
ક્યાં ખબર એ થશે કાળો?

મધ્યાને સૂરજ ચોળરાતો,
ને, થયો અસ્ત પડી પીળો.

ચક્ર પર ચઢી જોયો ગોળો,
સવાલ, ક્યાં છે મુજ માળો?

સમજ સાંઈ, છે ઈશ મોટો,
આજે 'એ', કાલે વારો મારો.

પણ, છે જિવંત 'એની' યાદો,
પ્રેરક હતો, ને સંચરી ગયો.

શું દે ભિક્ષુક સિવાય ભાળો?
દેજે શરણ, માણહ છે મારો.

વિપુલભાઈ, ઉપરનું કાવ્ય 'ઉશનસ્'જીના સમાચાર મળ્યા ત્યારે સ્ફૂરેલું. તે પહેલાં, ભૂપત વડોદરિયા ગયા. આ પછીનો તાંત આંખને ભીંજવતો રહ્યો છે. પ્રથમ 'ઊંઝા જોડણી પરિષદ' પશ્ચાત્ તમે એક વિશિષ્ટ અંક પ્રગટ કરેલો. મંગુભાઈ, ઉત્તમભાઈ, રામજીભાઈ, સોમાભાઈ, તુલસીભાઈ, રતિદાદા આદિ સાથે પછી મારો પત્રવ્યવહાર શરૂ થયેલો. મંગુભાઈએ પાટીદાર કોમનાં એમનાં ત્રણ ગ્રંથ મને મોકલેલા. સોમાભાઈને અહીં મળવાનું થયેલું. એમનાં બે પુસ્તકો ભેટ મળેલાં. તુલસીભાઈ પણ અમેરિકા આવેલા, ત્યારે ફોન ઉપર વાતચીત થતી રહેલી. દાઉદભાઈ એમના દીકરા અનિષને ત્યાં આવેલા, ન્યુ જર્સીમાં, પણ આ ખબર તો પછી પડી ! અતુલભાઈ સવાણી પણ અહીં આવેલા, આવતાં પહેલાં એમણે મને પત્ર લખેલો. એમના સ્થાનિક સરનામે સંપર્ક કર્યો, તો એક દિવસ ત્યાં રહી, એ આગળ નીકળી ગયા હતા ! આગળ નીકળી ગયાં, આ બધાં, તમારી અકૅદમીના પ્રમુખ પણ ! દિગવંતોની યાદી લાંબી થતી જાય છે. સાચે જ આ બધાં ગયાં ? જી નહીં, એમની સ્મૃતિ તો સદા જીવંત જ રહેવાની.

૨૪ નવેમ્બર, દર વર્ષે અમેરિકામાં THANKS GIVING DAY તરીકે ઉજવાય છે. હું આને ઋણચૂક્તિ કે ઋણમુક્તિનો દિવસ કહું છું. મારી લેખિનીને મોડ આપવામાં અને મારું મૈત્રીવર્તુળ બઢાવવામાં તમારો અને "ઓપિનિયન"નો સવિશેષ ફાળો રહ્યો છે. Thank you. એક .. બે .. કરતાં .. "ઓપિનિયને" ૨૦૦મો આંક સર કર્યો; આ એક એવો 'માઈલ સ્ટોન' છે, જે સામયિકો માટે દિવાદાંડી બનશે. સાહિત્ય એ વ્યાપાર નથી, આ દિશા તમે આપી, Congratulation.

ભદ્રાબહેને અદમ ટંકારવીના લેસ્ટરનાં 'કલાપી' સન્માન વખતનાં તમારા પ્રવચનની iTube Link મને મોકલી હતી. અદમને અહીં આદિલની સંગતે બે વખત માણેલા, અહમદ ગુલ પણ ત્યારે હાજર. "ઓપિનિયન" દ્વારા હું 'ગુજરાત દર્પણ સાહિત્ય સભા' અને 'ઈન્ડો-અમેરિકન લિટરરી અકૅદમી'ના સભ્યો તરફથી અદમ ટંકારવીને એમને એનાયત થયેલા 'કલાપી' એવોર્ડ માટે અભિનંદન પાઠવું છું.

તમે, નીરૂબહેન દેસાઈ, રજનીકાન્ત મહેતા, આદિ અહીં આવી ગયાં છો. તમારા આ દોર થકી ત્યાંના માહોલની અમને જાણકારી સાંપડે છે. કોઈ બીજું અહીં આવે તો અચૂક અમને જાણ કરજો.

નવાજૂનીમાં ઓગસ્ટ/સપ્ટેમ્બરમાં દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ કર્યો. ત્યાંના અનુભવનું અક્ષરાંકન મેં 'દિલે દસ્તક દક્ષિણ આફ્રિકા' શ્રેણી અંતર્ગત કર્યું. આમ 'આંખ ઝરૂખે અપ્રતિમ ચીન' શ્રેણી પણ તૈયાર થઈ, જેનું વહન અહીં અને કેનેડામાં અત્યારે જારી છે. ત્યાં કોઈને શ્રેણીના વહન માટે રસ હોય તો મારો સંપર્ક કરવા અરજ.

નવો અંક, નવી વાત, પૂરેપૂરો વાંચ્યો, આનંદ આનંદ. સહુ મિત્રોને યાદ.

**- પ્રવીણ પટેલ 'શશી'**

[80 Corona Court, Old Bridge, NJ 08857-2854, U.S.A.]

## અઢી જ કલાકનો તે સંબંધ, … પણ કેવા માણસ !

• સ્વર્ગીય અનિલભાઈ કાગળવાળાના સમાચાર સાંભળીને વ્યથિત છું. અમારો સંબંધ માત્ર અઢી કલાકનો જ હતો. બે કલાક તેમને સ્ટેજ પર કવિ અનિલ જોશી સાથે જોયા હતા. કાર્યક્રમ પૂરો થતાં અમે બંને સાથે ચાલતા-ચાલતા બસ સ્ટોપ સુધી ગયા હતા. ત્યાં તેમણે એકાદ-બે બસ જતી કરીને પણ મારી સાથે બે પેઢી વચ્ચેનું સાહિત્યિક અંતર કઈ રીતે ઘટાડવું તેની પર ચર્ચા કરી હતી; અને મારી સ્મૃતિમાં તેઓ ત્યારે આમ અંકિત થયા હતા. પરમેશ્વર તેમને સદ્ગતિ અર્પે તેવી પ્રાર્થના.

**- ચિરાગ ઠક્કર 'જય'**

e.mail : chiragthakkar.jay@gmail.com

• નવેમ્બર અંકના તમામ લેખો ખૂબ રસપૂર્વક વાંચી ગઈ. આપણે ધ્યાનાકર્ષક અભ્યાસીઓ તેમ જ શુભેચ્છકો ખોયા છે. કેટકેટલી વસમી વિદાય … ભૂપેન હઝારિકા ગયા અને હવે ઈન્દિરા ગોસ્વામી પણ …

**- ઉષા ઠક્કર**

e.mail : ushathakkar@yahoo.com

• વચ્ચે કેટલાક સમયથી "ઓપિનિયન"-"નિરીક્ષક"નું વાંચન નિયમિત નહોતું. પી.એચ.ડીના ફિલ્ડ વર્કને લીધે ઘણી દોડા-દોડી હતી, જે પૂરી થઈ. એટલે હવે લેખન-વાંચન તરફ ફરી વળી શકાશે. આજે મોકલાવેલા અંકમાં પ્રથમ પાને મારો લેખ જોઈને મજા આવી. તમારો આભાર.

**- ઋતુલ જોશી**

e.mail : joshirutul@gmail.com

## … તો પ્રતિબંધ લદાવો જોઈએ

• સમયાતીત મોટેરા ભૂપેનદા માટે આપણે સૌને પ્રચંડ આદર છે; પરંતુ આપણા રાષ્ટ્રગીત 'જનગણમન …' સાથે આપણે કોઈ પણ જાતનાં ચેડાં નથી કરતાં; તેમ રાષ્ટ્રીય ભજન, 'વૈષ્ણવજન …' સાથે કોઈ પણ જાતભાતનાં સંગીતી ચેડાં થવાં જ ન જોઈએ. લોકસંગીતના ઢાળ 'પ્રભાતી'માં અને પંડિત એન.એમ. ખરેજીએ દીધા 'ખમાજ' રાગમાં તે ગવાતું રહ્યું છે, તેને જ આપણે વળગી રહેવું રહ્યું. ગાંધીજીની સાંય પ્રાર્થનાઓમાં તે દરરોજ ગવાતું અને ઝીલાતું. 'ગાંધી' ફિલ્મમાં પણ આ જ રાગ અપનાવાયો છે. તે સિવાયના કોઈ પણ ઢાળમાં આ જો ગવાય, તો તે પર પ્રતિબંધ લદાવો જોઈએ.

**- રાસબિહારી દેસાઈ**

e.mail : omkrupa@gmail.com

## ગુજરાતી ડાયસ્પોરિક સમાજનું ગૌરવ વધારતી ઘટના એટલે …

• "ઓપિનિયન"ના નવેમ્બર અંકમાં જોસેફ લેલિવેલ્ડને લખેલા દીપક ધોળકિયાના પત્રોની બીજી શ્રેણી વાંચવામાં અનેરો આનંદ રહ્યો. થયા કર્યું કે પત્રોની હારમાળાનો અંત જ ન આવે. આ એવી શ્રેણી રહી છે કે જેમાં પુસ્તકની કથાના સાર સાથે એની ખૂબીઓ અને ખામીઓનો વિશાળ સમાવેશ કરવામાં આવ્યો છે. તદ્ઉપરાંત એ પત્રોમાં ગાંધીજીનાં જીવન અને વિચારદર્શન વાચક સમક્ષ રજૂ થાય છે. જોસેફ લેલિવેલ્ડના પુસ્તકનું વિવરણ અનોખી રીતે, પત્રો દ્વારા થયું, એ ખરેખર અભિનંદનને પાત્ર રહે છે. પત્રોની શ્રેણી એક નાના સરખા પુસ્તકના રૂપમાં પ્રકાશિત થાય, એ ઈચ્છા જરૂર રહે. આ શ્રેણી "ઓપિનિયન" સામયિકના માધ્યમથી ભારતના લેખક-ચિંતક દીપકભાઈએ પ્રગટ કરી, એ ગુજરાતી ડાયસ્પોરિક સમાજનું ગૌરવ વધારે છે અને પ્રોત્સાહિત કરે એવી ઘટના છે.

આવી જ રસપ્રદ ને પ્રેરક શ્રેણી આ સામયિક વાટે બીજા જાણીતા લેખક સંપાદક પ્રફુલ્લભાઈ બા. દવેએ આપી હતી : 'ગાંધીજીના પગલે પગલે' નામે જેમાં દેશ-વિદેશના ગાંધી-વિચાર ધારે ચાલનારનાં કેટલાંક જીવન-કવનનો સમાવેશ થયેલો.

ગુજરાતી ડાયસ્પોરિક સમાજ માટે બીજી ગૌરવપ્રદ ઘટના એટલે 'ગુજરાત સાહિત્ય અકાદમી', ગાંધીનગર દ્વારા આ વરસે પ્રકાશિત વાર્તાસંગ્રહનું પુસ્તક - 'ડાયસ્પોરિક વાર્તાઓ'. તેના સંપાદક છે : વિલાયતના અનિલ વ્યાસ ને વિપુલ કલ્યાણી. એમનો આઠ પાનનો સંપાદકીય લેખ તથા દીપક બારડોલીકરે આપી ડાયસ્પોરાની વ્યાખ્યા પુસ્તકનાં ઘરેણાં છે. સુરેશ જોશી અને રામનારાયણ પાઠકનાં, વાર્તાની રૂપરેખને બાંધતાં, અવતરણો વાચકો માટે પથદર્શક અને આનંદપ્રદ બની રહે છે.

**- ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી**

['Kamal Kunj', 3, Buckingham Mews, SUTTON COLDFIELD, West Midlands, B73 5PR, U.K.]

**(અનુસંધાન છેલ્લા પાન પરેથી)**

વિચારી જોશભેર બોલી ઊઠી : 'ટૂંકમાં, તમે તપનભાઈ પાસે નથી જ જવાના, ખરું ને? તો પછી કાલથી આ બધા પૂજાપાઠ, ધર્મધ્યાનના ધતિંગ મૂકી દેજો ..... '

'સવિતા .....! તું શું બોલે છે એનું તને ....'

'મને ભાન છે, પણ તમને છે? તમે રોજ પૂજા કરતી વખતે એમ બોલો છો કે ‘ક્ષમા હૃદયનો ધર્મ છે’! ગઈ ગુજરી ભૂલી જવાની બીજાને શિખામણ આપો છો. સેવાને ફરજ સમજો છો. જોરજોરથી ‘મારી વેરભાવના શમાવી દો’ એવી એવી ઈશ્વરને પ્રાથના કરો છો .... આ બધું તૂત નહીં તો બીજું શું છે? તમારી કહેણી ને કરણી સાવ નોખી છે. ફેંકી દો આ બધાં પૂજાનાં સાધનો. કરી દો બંધ તમારી લાગણીની બારીને. ને તમે કદી તપનભાઈની દીકરી મીનુ વિશે વિચાર્યું છે?’

‘એ આપણી ભત્રીજી થાય. જો તપનભાઈ નહીં બચે તો એ બિચારી જશે ક્યાં? જો કે એવું થાશે તો હું એને મારી દીકરી કરીને રાખીશ. પણ કોઈ મરી જાય, એવું વિચારવું જ શું કામ? તમને ય ઊંડે ઊંડે મીનુ પ્રત્યે તો લાગણી છે જ ને? સાચું બોલો. મારા સમ ખાઈને કહો. … અરે રે, તમને આ શું થઈ ગયું છે? આવો ભયંકર અકસ્માત થવા છતાં તમે લાગણીહીન બની ગયા છો !? ....'

'બસ સવિતા, બસ કર. હવે મારાથી વધુ સાંભળી નહીં શકાય. મારો જીવ મુંઝાય છે. સવિતા, મારાથી આવું નિર્દય કેમ થઈ જવાયું? તું સાચું જ કહે છે. આચરણ વિના આ બધા પૂજાપાઠ નકામા છે. હું બદલાની ભાવનામાં એવો તો ગળાડૂબ થઈ ગયો'તો કે હું મારી માનવતા સજીવન કરવામાં થાપ ખાઈ ગયો. તે મને ચેતવી દીધો છે. સવિતા, મને માફ કરી દે ...' રમણલાલ નત મસ્તકે, ગળગળા અવાજે પત્નીની ક્ષમા માંગી રહ્યા.

પત્ની આ હૃદયપરિવર્તન સાનંદ જોઈ જ રહી. રમણલાલનો આક્રોશ અદૃશ્ય થઈ ગયો હતો ને તેના મુખ પર દિવ્યતા પ્રગટી રહી હતી. બંનેનું મન તપન પાસે ક્યારનું ય પહોંચી ગયું હતું. બંનેએ હોસ્પિટલે પહોંચવા જાણે કે પવન સામે હરીફાઈ આદરી .......

•••

....... 'તપન, ભાઈ, આ તને શું થઈ ગયું ભાઈ? આમ જો, આમ મારી સામે જો. તારો ભાઈ રમણ આવ્યો છે. બધું સારું થઈ જશે. તું ચિંતા ન કરતો. હું બેઠો છું ને?' સંવેદનશીલ અવાજે નાનો ભાઈ બોલી ઊઠયો. ને તપનની આંખમાંથી અશ્રુ સરી રહ્યા. હા, હવે તે ‘ભાનમાં’ આવી ગયો હતો.

પસ્તાવાના સ્વરે તે બોલી ઊઠયો, 'રમણ, મેં તને ખૂબ સતાવ્યો એનો બદલો ઈશ્વરે આપી દીધો. જે હાથે ધક્કો મારીને મેં તને ઘરની બહાર કાઢી મૂક્યો હતો, એ જમણો હાથ અત્યારે સાવ ખોટો પડી ગયો છે. કદાચ કાયમને માટે આ હાથ ....! હું એ જ લાગનો છું. ભાઈ, મને માફ કરી દેજે. જો કે હું એને લાયક નથી, પણ તારી ભત્રીજી મીનુ ખાતર મને માફ .....'

'તપન ... બસ .. હવે વધુ ન બોલીશ. આ તો બધા કુદરતના ખેલ છે. તું હૃદયપૂર્વક પસ્તાવો કરે છે, એમાં બધું આવી ગયું ભાઈ, ફિકર ન કર. તારો હાથ સાજો થઈ જશે. ને બાકી તારો જમણો હાથ તારો આ રમણ બનશે. બેટા મીનુ, અહીં મારી પાસે આવ બેટા .....' રમણલાલે હિંમત બંધાવી.

બે દિવસ પછી તપનને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. જાનનું જોખમ ટળી ગયું હતું. 'ઘણુંબધું' ટળી ગયું હતું; મળી ગયું હતું.

•••

'જો મેં મારી હઠ ના છોડી હોત તો ઘણું અમૂલ્ય મેળવવાનો લ્હાવો ચૂકી જાત.' - એમ વિચારતા રમણલાલે પત્નીનો વાંસો થાબડયો, ને તે પોતે આવી પત્ની પામવા બદલ પોતાને ભાગ્યશાળી સમજી રહ્યા. બધાં તપનના ઘરે ગયાં. ઘરના ઉંબર પહેલાંનું ફળિયું વટાવતા પહેલાં જ ..... 'કાકા, હવે તમે બધાં પહેલાંની જેમ અમારી સાથે જ રહેશો ને?' મીનુના આ પ્રશ્નમાં અહીં જ રોકાઈ જવાની લાગણી ડોકાતી હતી.

'બેટા, અમે દરરોજ તમને મળવા આવશું બસ?' રમણલાલે સધિયારો આપ્યો ને ત્યાં જ ઊભા રહી ગયા.

'ના રમણ .. ' તપન વચ્ચે બોલી ઊઠયો. 'એવું બોલીને મને વધુ પાપમાં ન નાખ. બધું તારું જ છે. મેં તમને અન્યાય કર્યો હતો. … ઈશ્વરે આ અકસ્માતમાં મને પાડયો નથી, પણ ઉપાડયો છે. મને જગાડી દીધો છે. મારો હાથ ખોટો કરી, મને સાચો કરી દીધો છે. તારે, તમારે ત્યાં જ આવી જવાનું છે.'

'ના તપન, નાહક તને ....'

'ભાઈ રમણ, તારી ના સાંભળીને એવું લાગે છે કે તું હજી પેલી 'કડવાશ' જરા ય નથી ભૂલ્યો, બરાબર ને?'

'ના તપનભાઈ, એવું નથી. તમારા પસ્તાવાનાં આંસુ સાથે એમની કડવાશ પણ સાવ ધોવાઈ ગઈ, પરંતુ ...' સવિતાએ જવાબ આપ્યો જેને ટેકો આપતા રમણલાલ કહી રહ્યા, 'હા, તપન સવિ સાચું કહે છે.'

'તો પછી તારાથી ના પડાય જ કેમ? મીનુની વાતને જાકારો અપાય જ કેમ?' તપન ગર્જી ઊઠયો, ને એ જ સૂરમાં આગળ બોલ્યો, 'તને ખબર છે ને કે તપનને ‘ના’ સાંભળવાની આદત નથી ....? કાલથી ચુપચાપ અહીં ચાલ્યા આવજો, નહીંતર તમારી ખેર નથી, શું સમજયા?'

'કૃત્રિમ કરડાકી' સાથે બોલાયેલા આ શબ્દો સાંભળી ઉપસ્થિત બધાં મુક્ત મને હસી પડયાં.

તમામ પ્રકારનો વિસંવાદ વિલીન થઈ ગયો હતો. રમણે સંમતિ આપી ને સવિતાની સહૃદયતાની બધી વાત માંડીને કરી. તપન ભાભીને પ્રણમી રહ્યો ને રમણને પુલકિત હૃદયે જોઈ જ રહ્યો. હા, તે પોતાની ભત્રીજીની આંગળી પકડીને ઘરની અંદર .... ‘એક થયેલાં ઘરની’ અંદર જઈ રહ્યો હતો.

***************

(૧, જલારામનગર, નરસંગ ટેકરી, હીરો હોન્ડા શો રૂમ પાછળ, ડૉ. ગઢવી સાહેબની બાજુમાં, પોરબંદર ૩૬૦ ૫૭૫, ગુજરાત, ભારત)

ઈ-મેઈલ - durgeshoza@yahoo.co.in

## ફૉર્થ ઑવ્ જુલાઈ

**• હરનિશ જાની**

વતનની ધૂળ ખંખેરો હવે તો અમેરિકામાં.
વતનનાં વન ઊગ્યાં હવે તો અમેરિકામાં.

તમારાં બાળકોનું વતન છે આ તો .
ક્યાં સુધી પરદેશી રહેશો, અમેરિકામાં.

લોકશાહીના આ મંદિરનો ઉપકાર માનો.
બાંધો છો રોજ નવાં મંદિરો અમેરિકામાં.

અન્ન આ ધરતીનું, શ્વાસ આ આકાશનો.
સુજલામ્ સુફલામ્ બનાવો, અમેરિકામાં.

જન્મદાત્રી ભાગ્યમાં મળી તમને આનંદો.
જીવનદાત્રી તમારી પસંદની, અમેરિકામાં.

વરસાદના છાંટા પડે જો અમદાવાદમાં.
કયાં સુધી છતરીઓ ખોલશો, અમેરિકામાં.

આજે જાશું, કાલે જાશું , રટ હવે તો છોડો
કબર ખોદાઈ ગઈ છે તમારી, અમેરિકામાં.

(રદીફ અને કાફિયા ભગવાન જાણે – પણ મારે જે કહેવું છે, તે સ્પષ્ટ છે.)

e.mail : harnish5@yahoo.com

# લીલીછમ સંવેદના

• દુર્ગેશ બી. ઓઝા

'આટલાં વર્ષોમાં કોઈ દિવસ તમારી પાસે કાંઈ માંગ્યું છે? આજ આટલું ......' સવિતાએ પતિ રમણલાલને વિનવણી કરી.

'સવિ, આ તું બોલે છે? બસ, આટલી વારમાં બધું ભૂલી ગઈ? પણ નહીં, હું કેમ ભૂલું અપમાનના એ કડવા ઘૂંટડા, જે મારે કમને ગળે ઉતારી દેવા પડેલા? મોટોભાઈ થઈ એણે મોટાઈને લજવી મારી. શું તને ભાઈ-ભાભીએ કરેલી કનગડત યાદ નથી?'

'પણ આવી વસમી ઘડીએ આપણાંથી નગુણા ન થવાય. એક બસ અકસ્માતમાં ઘવાયેલા તપનભાઈ અત્યારે હોસ્પિટલમાં એકલાઅટૂલા પડ્યા છે, ત્યારે આપણે એમને મદદ કરવી જોઈએ, દિલાસો દેવો જોઈએ. સુમતિભાભી તો એમને નોધારા કરીને ભલે નાસી ગયાં, પણ આપણે એના જેવા નફ્ફટ ......'

'સવિતા, તારા ઉપર પણ મારી જેમ બધી વીતી છે તો ય તું .....! એ ભાઈ નથી ... કસાઈથી ય બદતર માનવી છે, જેણે પૈસાની લાલચમાં ભાઈ-ભાઈના સંબંધને એક ઝાટકે વધેરી નાખ્યો. એ મોટો નહીં, પણ ખોટો ભાઈ હતો. મારે હવે એની સાથે સ્નાનસૂતકનો સંબંધ પણ .....'

'અરે અરે, એવું ન બોલો. હું તમારી વેદના સમજું છું, પણ હશે. આપણાથી એના જેવું થોડું થવાય છે?'

'પણ આપણી હાલત જ્યારે ખરાબ થઈ ગયેલી ત્યારે એને કેમ કાંઈ નહોતું થયું? ત્યારે ક્યાં હતો એ?' રમણલાલ ઉગ્રતાપૂર્વક બોલી ઊઠ્યા. .... અને એક રીતે જોઈએ તો રમણલાલનો આક્રોશ સાવ ખોટો તો નહોતો જ. તેને હેરાન કરવામાં તપને કંઈ જ બાકી નહોતું રાખ્યું. ભૂતકાળના ડંખ એમ જલદી કેમ ભૂલાય?

હા, રમણ નાનો ને તપન એનાથી પાંચ વરસ મોટો. તપન હંમેશાં પૈસાની પાછળ દોડતો રહેતો. પૈસા મળતા હોય એ માર્ગ અનીતિનો હોય, તો ય તે તેને બદલતો નહીં. રમણ હંમેશાં એને ટોકતો, રોકતો, પણ ત્યારે તપન તેને ખખડાવી નાંખતો ને મહેણાં મારતો. રમણને સંગીતનો શોખ. સેવા કરવામાં એને અનેરો આનંદ આવતો. તપનને આવું કાંઈ ન ગમે. બીજા ભલે ઊંડી ખાડમાં પડે, આપણું સાજું કરી લ્યો, એવી એની ખંડનાત્મક વૃત્તિ. 'આખો દિવસ બસ રાગડા તાણવા છે, સેવાનો ઢોંગ કરવો છે. કામધંધો કરવો નથી ને બેકાર રખડવું છે. કોણ જાણે ક્યારે સુધરશે ....?' બસ, રમણની દરેક સારી પ્રવૃત્તિને આવા આવા આકરા શબ્દપ્રહારોથી તપન તોડી પાડતો, અવરોધરૂપ બનતો. પિતાજીની હયાતી સુધી તો જરાતરા આંખની શરમ રહેતી, પરંતુ ત્યારપછી તો એ પણ અંધારામાં ઓગળી જતા લૂંટારુની જેમ છૂ થઈ ગઈ. મોટાભાઈના કાળાધોળા, કાવાદાવા નાના ભાઈને જરા પણ ન ગમતા. રમણ તપનને આંખના



(છબિ સૌજન્ય : વિવેક દેસાઈ)

**નાતાલ મુબારક !**

કણાંની માફક ખૂંચવા લાગ્યો. મોટો થતાં રમણે ઠીક ઠીક કહી શકાય એવી નોકરી શોધી કાઢી, ને સવિતા સાથે સંસાર પણ માંડ્યો, પરંતુ એ પહેલાં તો .... તપને મેલી રમત માંડી દીધી હતી. સુમતિભાભીની ઉશ્કેરણીથી મોટાભાઈએ છળકપટનો આશ્રય લઈ જમીન-મકાન-ખેતર ... વગેરે તમામ પૈતૃક સંપત્તિ પોતાના નામે કરી પચાવી પાડી હતી.

પોતે તેનો એક માત્ર વારસદાર બની જઈ, નાનાભાઈ રમણને ઘર બહાર કાઢી મૂક્યો હતો. રમણની કાકલૂદી, આજીજી, 'નિરાધાર ધમકી' .... સઘળું વ્યર્થ ગયું. માયાનાં આવરણોમાં લપેટાયેલા તપનને બીજું કશું જ દેખાતું નહોતું. પૈસાની મમતમાં એણે ભાઈની મમતાને સાવ વિસારે પાડી દીધી હતી ........

..... રમણલાલને આ બધું અત્યારે સ્મરી આવ્યું. તે સવિતાને કહી રહ્યા, 'તને યાદ છે એણે આપણને કાઢી મૂક્યા, ત્યારે ભાડે ઘર મેળવવા ઠેરઠેર આપણે કેટલું ભટક્યા હતાં? કેટલું અપમાન સહેવું પડ્યું હતું? અને હા, તેની પત્ની કુછંદે ચડી જવાથી પરાયા પુરુષ સાથે મબલખ નાણાં વગેરે લઈને ભાગી ગઈ હતી ને પોતાની દીકરી તપનને ભળાવી ગઈ હતી, ત્યારે તારા કહેવાથી આપણે બંને તપનને સાંત્વન દેવા ગયેલાં ત્યારે .... 'સહાનુભૂતિના બહાને તું મારી બાકીની સંપત્તિ હડપ કરી જવા આવ્યો છે. મારી નાલાયક પત્નીની ચૂંગાલમાંથી આ મોટું ઘર બચી કેમ ગયું, એનું મનમાં તો તને બહુ દુ:ખ થાતું હશે, નહીં? મારી ખરાબ હાલતનો તાશીરો જોઈ તું 'આ એ જ લાગનો હતો' વિચારી મનમાં તો ખુશ થઈ રહ્યો છે. તારી નજર જ મેલી છે' - આવો આક્ષેપ કરી એણે આપણને બંનેને કટુ વચનો સંભળાવી હડધૂત કર્યા હતાં! આવા નગુણા ભાઈને અત્યારે મદદ કરવાની તું વાત કરે છે!? એને એના કુકર્મોનો બદલો મળી રહ્યો છે, તે ભલે ભોગવે એકલો. લે, હવે નાચ તારી સંપત્તિના ઢગલા ઉપર.'

'આ વખત એની હાંસી ઉડાડવાનો નથી. તમે જરા સમજો. કદાચ તપનભાઈ ન પણ બચે ... ને તો ....' સવિતા સમજાવી રહી.

'એમાં આપણે શું કરીએ? એના કર્યા એ ભોગવે. ઉપરવાળાને ત્યાં દેર છે પણ અંધેર નથી. તું ય બાકી ક્યારની જીદ લઈને બેઠી છે, પણ મારો નિર્ણય ફરશે નહીં.'

'માણસમાત્ર ભૂલને પાત્ર. જતી જિંદગીએ એમને પસ્તાવો થતો હશે, ત્યારે એમને હૈયાધારણ આપનારું કોઈ નહીં હોય. આવે વખતે આપણે જવું જોઈએ, નહીંતર તો પછી આપણામાં ને એમનામાં ફેર શો?' સવિતા ફરી પતિને પીગળાવવા મથી, પણ રમણલાલ ટસના મસ ન થયા.

અંતે, સવિતા નક્કરપણે, મક્કમપણે કશુંક

**(અનુસંધાન પાન 23 પરે)**